દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 36 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 February 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર,૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u





દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 36 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 February 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર,૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સરકારે ‘ભારત માતા’ને વેચીઃ રાહુલ

### મોદીને ‘ગળે ટૂંપો દઈ’ને અમેરિકાએ વેપાર-કરારની શરતો મનાવી છેઃ વિપક્ષના નેતાનો આક્ષેપ

નવી દિલ્હીઃ લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે અમેરિકા સાથે વચગાળાનો વેપાર-કરાર કરીને ‘ભારત માતા’ને વેચી છે. અમેરિકાએ મોદીને ‘ગળે ટૂંપો દઇ’ને પોતાની શરતો માનવા ફરજ પાડી છે. ભારત ઊર્જાની જરૂરિયાતના કિસ્સામાં અમેરિકાને શરણે થઇ ગયું છે અને દેશના ખેડૂતોના હિતને જોખમમાં મૂક્યું છે.

રાહુલ ગાંધીએ કેન્દ્રના અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે અમેરિકાએ મોદીને ‘ગળે ટૂંપો દઇ’ને વેપાર-કરારની શરતો માટે સહમત થવાની ફરજ પાડી હતી. હું નથી માનતો કે મોદી કે દેશના અન્ય કોઇ વડા પ્રધાન અમેરિકાની વેપાર માટેની આવી શરતો સાથે સહમત થાય, પરંતુ વૉશિંગ્ટને મોદીને ‘ગળે ટૂંપો દઇ’ને વેપાર-કરારની શરતો મનાવી છે. માર્શલ આર્ટ્સમાં પણ આ રીતે ગળું દબાવીને હરીફને હરાવાય છે. કૉંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે મોદી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે થોડાં સમય પહેલાં કહ્યું હતું કે ‘યુદ્ધનો સમય પૂરો થયો છે.’ મારા મત મુજબ આપણે યુદ્ધ માટે આગળ વધી રહ્યા છીએ. યુક્રેન, ગાઝા, મધ્ય પૂર્વના દેશોમાંની લડાઇ ચાલુ જ છે. અમેરિકા અને ઇરાન વચ્ચેના યુદ્ધની શક્યતા વધી છે. આપણે પણ ‘ઑપરેશન સિંદૂર’ નામની લશ્કરી કાર્યવાહી કરવી પડી હતી.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે દેશના લોકોનું, તેઓના ડેટાનું, અન્ન પુરવઠાનું અને ઊર્જા માટેની સિસ્ટમનું રક્ષણ કરવું વધુ મહત્ત્વનું બન્યું છે. વિપક્ષોની

(જુઓ પાનું ૨) ▸▸



## નર્યું જૂઠાણુંઃ રિજિજુ

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભામાં કરેલું પ્રવચન ‘જુઠાણાથી ભરેલું’ હતું અને શાસક જોડાણ ગૃહના રેકર્ડમાથી તેના અંશો કાઢી નાખવાની માગણી કરશે, એમ સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું હતું.

કેન્દ્રીય અંદાજપત્ર પરની ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ પ્રવચન કર્યું કે તરત જ રિજિજુએ કહ્યું હતું કે ો વિરોધ પક્ષના નેતા જે પણ કંઈ બોલ્યા એને પ્રમાણભૂત કરવું પડે એ માટેની નોટિસ શાસક પક્ષના સભ્યો સ્પીકરને આપશે. અમે રાહુલે જે જૂઠાણાં બોલ્યા છે એ રેકર્ડમાંથી કાઢી નાખવાની માગણી કરીશું.

રાહુલે પોતાના વકતવ્યને પ્રમાણભૂત કરવાનું વચન આપ્યું હોવા છતાં રિજિજુએ કહ્યું હતું કે મને ખબર છે કે તે પ્રમાણભૂત નહીં કરી શકીએ, કારણ કે તેઓ ખોટું બોલી રહ્યા હતા. રિજિજુએ કહ્યું હતું કે રાહુલ વારંવાર જૂઠું બોલીને ગૃહ છોડીને જતા રહે છે. એ કમનસીબ વાત છે કે ગંભીર ન હોય એવી વ્યક્તિ લોકસભાના વિરોધ પક્ષના નેતા બન્યા છે. અમે રાહુલની સંસદની બહારના જુઠાણાનો જવાબ આપીશું. ગૃહની અંદર નોટિસ આપવામાં આવશે.

રિજિજુએ કહ્યું હતું કે પેટ્રોલિયમ પ્રધાન હરદીપ સિંહ પુરી પર નોટિસ આપ્યા વિના મોટો આક્ષેપ કર્યો હતો અને આ વિશેષાધિકારનો ભંગ છે. (એજન્સી)■

## ડબલ સુપર ઓવરનો ધમાકોઃ છેલ્લા બોલ સુધીની મૅચમાં સાઉથ આફ્રિકા માંડ-માંડ જીત્યું



અમદાવાદમાં ગઈ કાલે રમાયેલો સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચેનો વર્લ્ડ કપનો મુકાબલો એટલો રોમાંચક બનેલો કે એક નહીં બબ્બે સુપર ઓવર પછી સાવ છેલ્લા બોલે પરિણામ આવ્યું હતું. મુખ્ય મૅચમાં સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાનના ૧૮૭-૧૮૭ રન થયા હતા અને પ્રથમ સુપર ઓવરમાં ૧૭-૧૭ રન અને પછી આફ્રિકાની ટીમે બીજી સુપર ઓવરમાં ૨૩-૧૯ના સ્કોરથી મેળવ્યો હતો વિજય. બીજી સુપર ઓવરમાં અફઘાનિસ્તાને ચાર બોલમાં જીતવા ૨૪ રન કરવાના હતા અને ચાર સિક્સર જરૂરી હતી. રહમનુલ્લા ગુરબાઝ(તસવીરમાં)એ મહારાજના ઉપરાઉપરી ત્રણ બોલમાં ત્રણ છગ્ગા ફટકારતાં છેલ્લા બોલમાં અફઘાનને જીતવા વધુ એક સિક્સરની જરૂર હતી. છઠ્ઠો બોલ વાઇડ પડતાં જીતવા પાંચ રનની જરૂર હતી, પણ મહારાજના એ અંતિમ બોલમાં ગુરબાઝ કેચઆઉટ થઈ જતાં અફઘાનીઓના ફાઇટબેકનો અંત આવ્યો હતો. મુખ્ય મુકાબલામાં ગુરબાઝે ૮૪ રન (૪૨ બોલ, સાત સિક્સર, ચાર ફોર) બનાવ્યા હતા. (એજન્સી)

અહેવાલ ૮

## આજે ભારત બંધઃ બૅન્કો અને બસ-ટ્રેન સેવા પર અસર શક્ય

નવી દિલ્હીઃ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનોએ આજે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. સંગઠનોએ આજે ભારત બંધનું એલાન આપ્યું છે. હડતાળને કારણે અનેક રાજ્યોમાં જાહેર ક્ષેત્રની બેન્કો, સરકારી કચેરીઓ, પરિવહન સેવાઓ અને બજારો પ્રભાવિત થવાની સંભાવના છે. સ્થાનિક પરિસ્થિતિઓને આધારે વિરોધ પ્રદર્શનોથી પ્રભાવિત વિસ્તારોમાં કેટલીક શાળાઓ અને કોલેજો પણ બંધ રહી શકે છે. ટ્રેડ યુનિયનો ગયા વર્ષે ૨૯ શ્રમ કાયદાઓને બદલવા માટે લાગુ કરાયેલા ચાર શ્રમ સંહિતાનો વિરોધ કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ) અને અખિલ ભારતીય કિસાન સભા (એઆઈકેએસ) જેવા ખેડૂત સંગઠનોએ પણ હડતાળને સંપૂર્ણ ટેકો આપ્યો છે. યુનિયનોનું કહેવું

(જુઓ પાનું ૨) ▸▸

## ‘જન ગણ મન...’ની પહેલાં ‘વંદે માતરમ્...’ની બધી કડી ગાવા આદેશ

### શાળાનું કામકાજ દેશભક્તિનાં ગીતથી શરૂ કરવું પડશે

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ મંત્રાલયે બહાર પાડેલા આદેશમાં જણાવાયું હતું કે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલું દેશભક્તિનું ગીત ‘વંદે મારતમ્...’ અને રવીન્દ્રનાથ ટાગોરે લખેલું રાષ્ટ્રીય ગીત ‘જન ગણ મન...’ સાથે ગાવાનું હશે ત્યારે ‘વંદે માતરમ્...’ની બધી (છ) કડી ‘જન ગણ મન...’ની પહેલાં ગાવી ફરજિયાત રહેશે.

ગૃહ મંત્રાલયે ૨૮ જાન્યુઆરીના પોતાના આદેશમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિના આગમન, ત્રિરંગો ફરકાવાના કાર્યક્રમમાં અને રાજ્યપાલોના પ્રવચન જેવા સત્તાવાર કાર્યક્રમોમાં ત્રણ મિનિટ દસ સેકંડનું છ કડી સાથેનું ‘વંદે માતરમ્...’ ગાવાનું ફરજિયાત રહેશે.

આદેશમાં જણાવાયું હતું કે ‘જન ગણ મન...’ અને ‘વંદે માતરમ્...’ જો એક જ સ્થળે ગાવાનું

(જુઓ પાનું ૨) ▸▸

## ઉદ્ધવ સરકારને લીધે બુલેટ ટ્રેન પ્રૉજેક્ટ મોડો પડ્યોઃ સીતારમણ

નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બુધવારે આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રમાંની ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની અગાઉની મહા વિકાસ આઘાડી સરકારે મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેન પ્રૉજેક્ટમાં વિલંબ કરાવ્યો હતો. ઉત્તર પ્રદેશને હાઇ-સ્પીડ ટ્રેનો ફાળવવામાં નહિ આવી હોવાનું કહેતો સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવનો આક્ષેપ ખોટો છે.

દરમિયાન, લોકસભામાં અંદાજપત્રને લગતી ચર્ચાનો જવાબ આપતા નિર્મલા સીતારમણનું વક્તવ્ય પૂરું થયું કે તુરત વિપક્ષના સાંસદોએ સંસદના સંકુલમાં સરકારની વિરુદ્ધ દેખાવ શરૂ કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે અમેરિકા સાથેના વેપાર-સોદામાં સરકારે દેશને વેચી માર્યો છે અને ખેડૂતોના હિતનું પણ ધ્યાન નથી રખાયું.

અગાઉ, નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેન પ્રૉજેક્ટમાંના વિલંબ માટે અગાઉની ઉદ્ધવ ઠાકરેની સરકાર જવાબદાર છે. તેઓને જ પૂછો કે બુલેટ ટ્રેન માટે જમીન શું કામ સમયસર નહોતી ફાળવી? જો તેમની સરકારે આ કામ માટે સમયસર જમીન ફાળવી હોત, તો કદાચ આજે આ બુલેટ ટ્રેન દોડતી

(જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડામાં મહિલા શૂટરે સ્કૂલમાં બેફામ ગોળીબાર કર્યો, દસનાં મોત

### વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટના વિશે શોક વ્યક્ત કર્યો

વાનકુવરઃ એક મહિલા હુમલાખોરે બ્રિટિશ કોલંબિયાની સ્કૂલમાં બેફામ ગોળીબાર કરતા હુમલાખોર સહિત દસનાં મોત થયાં હતાં, જ્યારે બીજા બે જણ નજીકના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા, એવી માહિતી કૅનેડાના સત્તાવાળાઓએ આપી હતી. રોયલ કૅનેડિયન માઉન્ટેડ પોલીસે કહ્યું હતું કે પચીસથી વધારે લોકો ઘાયલ

(જુઓ પાનું ૨) ▸▸



વિરોધ પ્રદર્શનઃ જમ્મુમાં બુધવારે જમ્મુ-કાશ્મીર વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન વિરોધ કરી રહેલો ભાજપનો વિધાનસભ્ય. (એજન્સી)

## સાઉદી અરેબિયાએ ચૂપચાપ અણુબૉમ્બ બનાવી લીધો?

નવી દિલ્હીઃ અણુ બૉમ્બના ઉપયોગનું નામ સાંભળતા જ સમગ્ર વિશ્વ હચમચી જાય છે એને લઈને એક મોટો દાવો કરવામાં આવ્યો છે. ઈરાનના એક ભૂતપૂર્વ કમાન્ડરે જણાવ્યું છે કે સાઉદી અરેબિયા પાસે પરમાણુ બૉમ્બ છે અને અમેરિકા તેમ જ ઈઝરાયલને એની જાણ છે. આ જાણકારી એવી છે જેને કારણે અખાતના દેશોનું સંપૂર્ણ સમીકરણ પલટાઈ શકે છે.

પશ્ચિમ એશિયાની ગરમ રેતી પર ફરી એકવાર પરમાણુ બૉમ્બના વાદળો મંડરાઈ રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવ ઉચ્ચ સ્તરે છે તેવામાં અમેરિકાના ફાઈટર જૅટ

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાએ ટોઈલેટ પેપરની જેમ આપણને વાપરીને ફેંકી દીધાઃ પાકિસ્તાન પોંક મૂકી રડ્યું

ઇસ્લામાબાદઃ અમેરિકા વર્ષોથી પાકિસ્તાનનું મહત્વનું સંરક્ષણ ભાગીદાર રહ્યું છે, હાલના અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે પણ પાકિસ્તાન સરકાર સારા સંબંધો જાળવી રાખવા પ્રયાસ કરી રહી છે. એવામાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે અમેરિકાની કડક શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કબૂલ્યું હતું કે ભૂતકાળમાં અમેરિકાએ પાકિસ્તાનને પોતાના ફાયદા માટે ઉપયોગ કર્યો છે, જેનાથી પાકિસ્તાનને નુકસાન થયું છે. પાકિસ્તાનની

(જુઓ પાનું ૨) ▸▸

## શેખ હસીનાની ફારગતી પછી આજે બાંગ્લાદેશમાં છે ચૂંટણી

ઢાકાઃ બાંગ્લાદેશમાં આજે સંસદીય ચૂંટણીઓ માટે મતદાન થશે. ચૂંટણીઓ ભૂતપૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના ૧૫ વર્ષના શાસનના પતનના ૧૮ મહિના પછી યોજાઈ રહી છે. શેખ હસીના સરકાર વિરુદ્ધ દેશવ્યાપી હિંસક પ્રદર્શનો થયા હતા. ચૂંટણી પંચે ચૂંટણીને લઈને કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે, જેમાં લગભગ ૧૦ લાખ સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે, જે દેશમાં ચૂંટણી ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણય છે. ૧૩મી સંસદીય ચૂંટણીઓ એક જટિલ ૮૪-પોઈન્ટ રિફોર્મ પેકેજ પર લોકમત સાથે યોજાઈ રહી છે. ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી)

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાન ફરતે અમેરિકાએ સૈન્ય, શસ્ત્રો ખડક્યાં છે

### કતારમાં પૅટ્રિઅટ મિસાઇલ મોબાઈલ ટ્રક લૉન્ચર પર ગોઠવી

અલ-ઉદેઇન (કતાર)ઃ અમેરિકાએ કતારના અલ-ઉદેઇન ઍર બેઝ ખાતે પૅટ્રિઅટ મિસાઇલ મોબાઇલ ટ્રક લૉન્ચર પર ગોઠવી છે અને તેને અમેરિકાની ઇરાન પરના હુમલાની તૈયારી ગણવામાં આવે છે. બીજી બાજુ, ઇરાન દ્વારા પણ મિસાઇલ્સના જથ્થામાં વધારો કરાયો છે. મધ્ય પૂર્વના દેશોમાં અમેરિકાનું સૌથી મોટું મથક કતારના અલ-ઉદેઇન ઍર બેઝ ખાતે છે. અમેરિકા અને ઇરાનની વચ્ચે જાન્યુઆરીથી તંગદિલી વધી છે. ઉપગ્રહની મદદથી

(જુઓ પાનું ૨) ▸▸

## એપસ્ટીનને પ્રતિનિધિમંડળના ભાગરૂપે મળ્યો હતોઃ હરદીપ પુરીનો જવાબ

નવી દિલ્હીઃ કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ બુધવારે લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના એપસ્ટીન ફાઈલ્સમાં તેમનું નામ હોવાનો આરોપ લગાવવા મામલે વળતો પ્રહાર કર્યો હતો. રાહુલ ગાંધીનો આરોપોનો જવાબ આપતા હરદીપ સિંહ પુરીએ કહ્યું હતું કે તે કુખ્યાત અમેરિકન ફાઈનાન્સર એપસ્ટીનને ‘ફક્ત થોડા પ્રસંગોએ’ એક પ્રતિનિધિમંડળના ભાગરૂપે મળ્યા હતા અને તેમની સાથે ફક્ત એક જ ઇમૅલની આપ-લે થઈ હતી.

ગાંધીએ સંસદમાં પોતાના ભાષણ દરમિયાન લગાવવામાં આવેલા આરોપોના કેટલાક કલાકો બાદ પુરીએ આજે બપોરે પત્રકારોને જણાવ્યું હતું કે જેફરી એપ્સટીન સાથેની તેમની વાતચીતનો તેમની વિરુદ્ધ લગાવવામાં આવેલા આરોપો સાથે કોઈ સંબંધ નથી... મંત્રીએ કહ્યું કે તે સમયે તેમની પ્રાથમિક વાતચીત લિંકડઇનના સહ-સ્થાપક રીડ હોફમેન સાથે થઈ હતી અને તેમણે ઇન્ટરનેટ એન્ટરપ્રેન્યોર અને વેન્ચર કેપિટલિસ્ટને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

પુરીએ કહ્યું હતું કે ૩૦ લાખ ઇમેલમાંથી ફક્ત ત્રણ-ચાર વખત (તેમના નામના)નો ઉલ્લેખ થયો

(જુઓ પાનું ૨) ▸▸

## વાંગચુક ‘ફિટ ઍન્ડ ફાઇન’, જેલમાં જ સારાઃ કેન્દ્ર સુપ્રીમ કોર્ટને જણાવ્યું

નવી દિલ્હીઃ કેન્દ્રએ બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની અટકાયત પછી ૨૪ વખત તબીબી તપાસ કરવામાં આવી છે અને તેઓ ફિટ અને ફાઇન છે અને ચિંતાજનક કંઈ નથી.

વાંગચુકની પત્ની ગીતાંજલિ આંગ્મો દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (એનએસએ), ૧૯૮૦ હેઠળ તેમની અટકાયતને ગેરકાયદેસર જાહેર કરવા માટે દાખલ કરાયેલ હેબિયસ કોર્પસ અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી.સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ન્યાયાધીશ અરવિંદ કુમાર અને પીબી વરાલેની ખંડપીઠને જણાવ્યું હતું કે જે કારણોસર વાંગચુકની અટકાયતનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો તે આધારો ચાલુ છે અને સ્વાસ્થ્યના કારણોસર તેમને મુક્ત કરવાનું શક્ય બનશે નહીં.અમે ૨૪ વખત સમયાંતરે તેમના સ્વાસ્થ્યની તપાસ કરી છે. તેઓ સ્વસ્થ છે. તેમને પાચન સંબંધી કોઈ સમસ્યા હતી, તેની સારવાર ચાલી રહી છે. ચિંતાજનક કંઈ નથી. અમે આ રીતે અપવાદો કરી શકતા નથી. તે ઇચ્છનીય પણ ન હોઈ શકે. અમે ખૂબ વિચારણા કરી છે, તેવું મહેતાએ ખંડપીઠને જણાવ્યું હતું.સુનાવણી દરમિયાન, એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજે રજૂઆત કરી હતી કે વાંગચુક હિંસક વિરોધ પ્રદર્શનોમાં મુખ્ય ઉશ્કેરણીજનક હતા અને તેમણે નેપાળ અને આરબ ક્રાંતિનાં ઉદાહરણો આપીને યુવાનોને ઉશ્કેર્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી સરકારે એસસી-એસટી અનામતમાં ક્રિમીલેયરની હિંમત કરવી જોઇએ

**અનુસૂચિત** જાતિ એસસી અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટેની અનામતમાં પણ અન્ય પછાત વર્ગ (ઓબીસી)ની જેમ ક્રિમીલેયરને બાકાત રાખવા જોઈએ કે નહીં એ મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં છે. હવે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી આ સંદર્ભમાં શું પગલાં લેવાયાં એ અંગેનો રિપોર્ટ માંગતાં આ મુદ્દો ફરી લાઈમલાઈટમાં આવી ગયો છે. સુપ્રીમ કોર્ટે ૨૦૨૪માં આપેલા ચુકાદામાં એસસી અને એસટી અનામતમાં પણ ક્રિમી લેયરની તરફેણ કરેલી. મતલબ કે, દલિત અને આદિવાસીઓમાં અનામતની મલાઈ ખાઈને તગડા થયેલા વર્ગને અનામતનો લાભ લેવામાંથી બાકાત કરીને ખરેખર જેમને જરૂર હોય એવાં લોકોને જ અનામતનો લાભ આપવા પર ભાર મૂકેલો.

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટેની અનામત અંગે ૧ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ ઐતિહાસિક ચુકાદો આપેલો કે, અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)માં પણ સરકાર અલગ અલગ સમુદાયોનું વર્ગીકરણ કરી શકે છે અને તેમના માટે નક્કી કરાયેલી અનામતની મર્યાદામાં અલગ અલગ સમુદાયોને કરી શકે છે. પંજાબ સરકાર અન્ય વિરુદ્ધ દવિંદર સિંહ અને અન્યના કેસમાં સાત જજની બેંચમાંથી ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, બી આર ગવઈ, બેલા ત્રિવેદી, પંકજ મિત્તલ, મનોજ મિશ્રા અને સતીશચંદ્ર શર્મા એ છ માનનીય જજ એસસી-એસટી અનામતમાં પેટા વર્ગીકરણની તરફેણમાં હતા જ્યારે એક જ જજ વિરુદ્ધમાં હતા. ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે ભલામણ પણ કરી હતી કે એસસી-એસટી માટેની અનામતમાં ક્રિમી લેયરની જોગવાઈ હોવી જોઈએ પણ આ ક્રિમી લેયર માટેનાં ધારાધોરણ અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટેની ક્રિમી લેયરની જોગવાઈથી અલગ હોવાં જોઈએ. ભારતમાં અનામતમાં ક્રિમી લેયરનો કન્સેપ્ટ પહેલાં હતો જ નહીં પણ વી.પી. સિંહની સરકારે ઓબીસી મતબેંક કબજે કરવા માટે મંડલ પંચની ભલામણોનો અમલ કરવાનું નક્કી કર્યું ત્યારે ભડકો થઈ ગયેલો. અનામતનું પ્રમાણ વધારવા સામે સવર્ણો મેદાનમાં આવી ગયેલા અને ઘણા વિદ્યાર્થીઓએ તો આત્મવિલોપનનું આત્યંતિક પગલું ભરીને વિરોધ કરેલો.

આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચેલો. ઇન્દ્રા સાહનીએ ઓબીસી અનામતનો વિરોધ કરતાં ત્રણ દલીલો કરેલી. પહેલી દલીલ એ હતી કે, અનામતનું પ્રમાણ વધારવાથી તકની સમાનતાની બંધારણીય ગેરંટીનું ઉલ્લંઘન થયું છે તેથી ઓબીસી અનામતને ગેરબંધારણીય જાહેર કરીને ફગાવી દેવી જોઈએ. બીજી દલીલ એ હતી કે, જ્ઞાતિના આધારે કોઈનું પછાતપણું નક્કી ના કરી શકાય તેથી ચોક્કસ જ્ઞાતિને ઓબીસી અનામતનો લાભ આપવો બંધારણનો ભંગ છે. ત્રીજી દલીલ એ હતી કે, અનામત વધારવાથી જાહેર સંસ્થાઓની કાર્યક્ષમતા જોખમમાં મુકાઈ જશે.

સુપ્રીમ કોર્ટે આ દલીલોને માન્ય નહોતી રાખી અને ૬ નવેમ્બર, ૧૯૯૨ના રોજ ઈન્દ્રા સાહની કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો કે, અનામતનું પ્રમાણ ૫૦ ટકાથી ના વધવું જોઈએ તેથી ઓબીસી અનામત ગેરબંધારણીય નથી. સુપ્રીમ કોર્ટે વધારાની ૨૭ ટકા અનામતને તો માન્યતા આપી પણ સાથે સાથે ક્રિમી લેયરનો અમલ કરવા પણ કહ્યું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઓબીસીમાં ઉચ્ચ વર્ગના લોકોને અનામતનો લાભ ના મળવો જોઈએ અને જરૂરિયાતમંદ લોકોને જ લાભ મળવો જોઈએ. આ માટે અલગ અલગ માપદંડ નક્કી કરાયા ને તેમાં એક માપદંડ પરિવારની વાર્ષિક આવક પણ છે. સમય જતાં આ મર્યાદા બદલાઈ છે અને અત્યારે રૂપિયા આઠ લાખથી વધુની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને ક્રિમીલેયર ગણીને અનામતનો લાભ નથી મળતો. સુપ્રીમ કોર્ટે તેના ૨૦૨૪ના ચુકાદામાં આ માપદંડથી અલગ માપદંડ નક્કી કરીને ક્રિમીલેયરની વ્યાખ્યા નક્કી કરવા કહ્યું હતું. ભારતમાં અનામત અત્યંત સંવેદનશીલ મુદ્દો છે ને મતબેંક સાથે જોડાયેલો છે. અનામતમાં ફેરફારની વાત આવે એટલે જેમનાં હિતો જોખમાતાં હોય એ તલવાર તાણીને ઊભા થઈ જાય છે તેથી સરકાર આવા મુદ્દાઓને અડકતી જ નથી. મોદી સરકારે પણ એ જ વલણ અપનાવીને કશું ના કર્યું તેથી સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. આ અરજીની સુનાવણીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, એસસી-એસટી જ્ઞાતિઓના પેટા-વર્ગીકરણને માન્ય રાખતા બંધારણીય બેન્ચના ચુકાદાના સંદર્ભમાં શું કાર્યવાહી કરવામાં આવી છે તેનો રિપોર્ટ અપાય અને ક્રિમીલેયર સિદ્ધાંતને એસસી-એસટી અનામતમાં પણ લાગુ કરાય. સુપ્રીમ કોર્ટે તો કહી દીધું પણ આ દિશામાં કંઈ પણ થાય એવી શક્યતા ઓછી છે. સરકારે કોઈ પગલાં જ નથી લીધા પછી એક્શન ટેકન રિપોર્ટ શું હોય ? આ સંજોગોમાં સરકાર અઠ્ઠેકઠ્ઠે કંઈ પણ જવાબ રજૂ કરી દેશે ને ખેંચાય એટલો સમય ખેંચ્યા કરશે. તેમાં મોદી સરકારનો વાંક નથી. બીજી કોઈ પણ સરકાર હોય તો પણ એવું જ કરે કેમ કે અનામતમાં છેડછાડનાં શું પરિણામ આવે તેની બધાંને ખબર છે. જેવો ક્રિમીલેયરના માપદંડ જાહેર કરો કે તરત જેમને બાકાત રાખવાના હોય એ બધા મેદાનમાં આવી જાય ને શાસક પક્ષનું આવી બને. આ કારણે જ ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે એસસી અને એસટી માટે અનામતમાં પણ ક્રિમીલેયરનો અમલ કરવા કહેલું અને પ્રમોશન અટકાવી દીધેલાં ત્યારે મોદી સરકારે આ ચુકાદા અંગે ફેરવિચારણા કરવા કહેલું.

મોદી સરકારે પ્રમોશન આપવા સામે સુપ્રીમ કોર્ટે ફરમાવેલા પ્રતિબંધના કારણે કેન્દ્ર સરકારના ૨૩ વિભાગોમાં ૧.૩૦ લાખ જગાઓ પર પ્રમોશન અટવાઈ ગયાં છે ને વહીવટ ચલાવવો મુશ્કેલ થઈ ગયો છે એવી દલીલ કરીને ફેરવિચારણા કરવા કહેલું. જો કે સુપ્રીમ કોર્ટે ઘસીને ના પાડીને સાફ શબ્દોમાં કહેલું કે, દલિતો અને આદિવાસીઓમાં જે લોકો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે આગળ વધીને સધ્ધર થયા છે તેમની સરકારી નોકરીઓમાંથી અનામતનો લાભ મેળવનારા વર્ગમાંથી બાદબાકી કરવી જ પડશે.

સુપ્રીમ કોર્ટની સ્પષ્ટ ટકોર છતાં સરકારે કશું ના કર્યું ને એ પછી તો ૨૦૨૪નો ચુકાદો આવી ગયો. એ છતાં મોદી સરકારે અત્યાર સુધી આ મુદ્દાને ટલ્લે ચડાવ્યો. અત્યારે પણ મોદી સરકારનું વલણ બદલાય એવી શક્યતા નથી પણ એસસી-એસટીમાં ક્રિમીલેયર જરૂરી તો છે જ એ જોતાં મોદી સરકારે એક વાર હિંમત કરીને તેનો અમલ કરી નાંખવાની જરૂર છે.

અનામતનો ઉદ્દેશ સદીઓથી કચડાયેલા ને તેના કારણે વિકાસથી વંચિત રહેલા દલિત અને આદિવાસી સમાજને બીજી જ્ઞાતિઓની સમકક્ષ લાવવાનો છે. સામાજિક અસમાનતાના કારણે જેની પાસે સગવડો અને સમૃદ્ધિ છે એ લોકો જ બધો લાભ ના લઈ જાય એટલા માટે અનામતની જોગવાઈ કરાઈ. આ જોગવાઈનો લાભ લઈને જે લોકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે આગળ આવ્યા તેમનાં સંતાનોને ખરેખર અનામતનો અધિકાર નથી. તેમનાં સંતાનોને તો એ બધી સગવડો મળે જ છે કે જે ઉચ્ચ વર્ગનાં લોકોને મળે છે પછી તેમને અનામતની શું જરૂર ?

આ સંજોગોમાં તેમને ક્રિમી લેયર કેટેગરીમાં મૂકીને જે ખરેખર હજુ વિકાસથી વંચિત છે એ લોકોને જ અનામતનો લાભ આપવો એ વાત ન્યાયી પણ છે અને તર્કસંગત પણ છે. અનામતનો સાચો ઉદ્દેશ વંચિતોને તક આપવાનો છે પણ હાલની જોગવાઈમાં એ ઉદ્દેશ પાર નથી પડતો એ જોતાં એસસી-એસટી અનામતમાં ક્રિમી લેયર જરૂરી છે જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૧૨-૨-૨૦૨૬,
સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૩, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૮મો આવાં,સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૩-૪૧ સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૩-૪૧ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૨૧-૫૩,
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૯ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ કૃષ્ણ- દસમી. સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી, ભદ્રા સમાપ્તિ ક. ૧૨-૨૨, વિંછુડો સમાપ્તિ ક. ૧૩-૪૧. સૂર્ય કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૭. મું. 30 સામ્યાર્ઘ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, હજામત, વાહન, યંત્રારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા.
- આચમનઃબુધ-રાહુ યુતિ તકરારી સ્વભાવ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી
- ખગોળ જ્યોતિષઃ બુધ-રાહુ યુતિ (તા. ૧૩), ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર/કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# રહેમતો, બરકતો અને નજાત મેળવવાનો આ રહ્યો અજોડ અમલ

'જે લોકોના દિલમાં કુરાન શરીફનો કોઈ ભાગ નથી તે વેરાન ઘર સમાન છે. જે ઘરમાં કુરાન શરીફ પઢાય છે તેમાં બરકતો અને ભલાઈઓ વધી જાય છે. તેમાં ફરિશ્તાઓ ઊતરે છે અને તે ઘરમાંથી સેતાન ચાલ્યો જાય છે.'

પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ. અ. વ.)નું મજકુર કથન પવિત્ર કુરાનની મહાનતાને સ્પષ્ટ કરે છે.

કુરાન શરીફની તિલાવત (વાંચન) કરવી એ જાણે અલાહતઆલાની સાથે વાતચીત કરવા સમાન છે. ખુદાનો આ કલામ (વાણી) દિલની સફાઈ, ખુદાનું કુર્બ (સાનિધ્ય) અને આત્માની શુદ્ધિનું કારણ બને છે. તેથી તેની તિલાવત કરવાનો અને હિફ્ઝ (કંઠસ્થ) કરવાનો અલ્લાહતઆલાએ આદેશ આપ્યો છે. હુઝૂરે કરીમ (સ.અ.વ.) પોતે કુરાને કરીમની તિલાવત કરતા હતા અને સહાબાઓ (સાથી, સંગાથીઓ)ને તિલાવતની તાકીદ કરતા હતાઃ

સુજ્ઞ વાચક મિત્રો! કુરાને મજીદ દીને ઈસ્લામનું મૂળ છે તેના પ્રચાર અને તેના બાકી રહેવા પર જ ધર્મનો આધાર છે. પવિત્ર કુરાન પઢવા અને પઢાવવા સંબંધી ઘણી હદીસો આવી છે. હુઝૂરે અનવર (સ.અ.વ.)ના જમાનામાં તમામ સ્ત્રી, પુરુષ, બાળકો પોતાના વતનમાં, મુસાફરીમાં, લડાઈના મેદાનમાં, દિવસ અને રાત કુરાને પાકની તિલાવત કરતા હતા.

આપ સરકારે દોઆલમ (સ.અ.વ.) ફરમાવ્યું કે, 'જે માણસ પોતાની ઔલાદને કુરાન શરીફ માત્ર વાંચતા પણ શીખવાડે (એટલે નાઝરા કુરાન) તો તેના આગળ પાછળના બધા ગુના માફ થઈ જાય છે.' આપ ફરમાવો છો કે, 'જે શખસ પોતાની ઔલાદને કુરાન કરીમ હિફ્ઝ (કંઠસ્થ-મોઢે) કરાવે તો તેને ક્યામતમાં ચૌદમી રાતના ચંદ્રની માફક ઉઠાવવામાં આવશે કે પઢવાનું શરૂ કર, જ્યારે તે સંતાન એક આપત (શ્લોક) પઢશે, તો તેના પિતાનો એક દરજ્જો બુલંદ કરવામાં આવશે જ્યાં સુધી આખા કુરાન શરીફની તિલાવત સંપૂર્ણ થઈ જાય. આપે એવું પણ ફરમાવ્યું, કે જે માણસે કુરાન શરીફ પઢયું અને તેનો હાફીઝ (સંપૂર્ણ કુરાન મોઢે કરવાને કુરાને હાફીઝ કહે છે) થયો અને તેમાંના હલાલને હલાલ જાણ્યું અને હરામ વાતને હરામ જાણી તો અલ્લાહતઆલા તેને જન્નતમાં દાખલ કરશે તથા તેના ખાનદાનમાંથી દસ માણસોની શફાઅત (પવિત્રતા) કબૂલ ફરમાવશે જેમના માટે જહન્નમ વાજીબ થઈ ચૂકી હતી.'

વહાલા વાચકો! યાદ રહેવું ઘટે કે કુરાન કરીમના સઘળા શબ્દોને સહી ઉચ્ચારથી અદા કરવા જોઈએ. એકની જગ્યાએ બીજો હર્ફ (શબ્દ) નીકળવો જોઈએ નહીં. જ્યાં આયત આવે ત્યાં બરાબર થોભવું જોઈએ. અવાજને દર્દભર્યો – મીઠા-સુમધુર બનાવીને પઢો કે જેથી દિલ પર અસર થાય. 'તશ્દીદ' (જે શબ્દને બે વખત બોલવામાં આવે) અને 'મદ' (જે શબ્દને ઉચ્ચારથી બોલાય) આવતો હોય ત્યાં ત્યાં બરાબર અદા કરો, કારણ કે તેમાં કુરાન શરીફની અઝમત (મહાનતા) જાહેર થાય છે. આખું કુરાન અલ્લાહતઆલાનો પાકિઝા (પવિત્ર) કલામ છે જેમાં ૧૧૪ સૂરતો (વિભાગ) છે.

આજના આ ભાગદોડના જમાનામાં ઈન્સાનને જાણે સમય નથી, પરંતુ તમારાં ઘરોમાં બરકત માટે અને તમારી પોતાની પણ જિંદગીમાં અમન-શાંતિ તેમજ બરકત અને આખેરતની નજાત (છુટકારા) માટે પણ આ પાક કલામમાંથી અમુક સૂરતો દરરોજ સવારે અને રાત્રે સૂતી વખતે એક વખત પઢી લેવી જોઈએ. જે શખસ રાત્રે સૂતી વખતે એક વખત 'સૂરએ ફાતેહા' અને ત્રણ વખત 'સૂરએ ઈખ્લાસ' (કુલહો વલ્લાહ) પઢતો રહેશે, તો તે શખસ ગુનાહોથી એવો પાક થઈ જશે જાણે માના પેટથી આજે જ જન્મ્યો છે.

કુરાને પાકની ૧૧૪ સૂરતો બરકતવાળી છે જ, પરંતુ નાની સૂરતોની તિલાવત દરરોજ કરવી જ જોઈએ. એવી નાની સૂરતોની ફઝિલત (કૃપા, બરકત) પણ તમે જાણી શકો અને તેનો શક્ય તેટલો વધુ લાભ ઉઠાવી શકો તે માટે આ લખનાર વખતો વખત એક એક સૂરતોની ફઝિલત (કૃપા) આપતા રહેવાનો ઈન્શા અલ્લાહ નમ્ર પ્રયાસ કરશે. જે સૂરતને કુરાન કરીમનું દિલ કહેવામાં આવે છે તે સૂરહ યાસીન શરીફની ફઝિલતને આપણે આવતા અંકના બીજા ભાગમાં વાંચીશું અને આ અત્યંત સંશોધનાત્મક લેખમાંથી હિદાયત, બોધ, ધર્મજ્ઞાન હાંસલ કરીશું.

***

### સાપ્તાહિક સંદેશઃ

એક અતિ ઉત્તમ કારણ, સાધન છે જેથી હુઝૂર નબીએ કરીમ (સ.અ.વ.) પોતાના ખાસ સેવક અનસ (રદિયલ્લાહો અન્હો)થી ફરમાવ્યું કે, અય વહાલા બેટા! જ્યારે તું ઘરમાં પ્રવેશ કરે તો ઘરવાળાઓને સલામ કર, કેમ કે તારો સલામ તે તારા માટે અને ઘરવાળા માટે બરકતનું કારણ બની રહે છે.

સલામ કરવું સુન્નત (શિષ્ટાચાર અને સુકૃત્ય) છે અને પ્રત્યુત્તર આપવું વાજીબ છે. શિયા હોય કે સુન્ની! દરેક મુસ્લિમ સ્ત્રી અને પુરુષ માટે સલામ કરવાની અને જવાબ દેવાની ઈસ્લામી રીત આ પ્રમાણે છેઃ અસ્સલામો અલયકુમ અને જવાબમાં વ અલયકુમુસ્સલામ કહેવાય. આ સિવાયના બધા તરીકાના સલામ અને જવાબ ગૈર ઈસ્લામી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સરકારે

યુતિ સરકાર કેન્દ્રમાં સત્તા પર હોત તો અમે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ભારત સાથે 'સમાન વર્તન' કરવા કહ્યું હોત.

કૉંગ્રેસના સાંસદે જણાવ્યું હતું કે હાલનો વિપક્ષ ક્યારેય દેશના ઊર્જાનાં સ્રોતોને મુદ્દે અમેરિકા સાથે બાંધછોડ ન કરત. અમે દેશના ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં માનીએ છીએ. અમેરિકા ભારતને પાકિસ્તાનની સમાન પણ નથી ગણતું.

તેમણે સવાલ કર્યો હતો કે અમેરિકા કઇ રીતે નક્કી કરી શકે કે આપણે કોની પાસેથી ખનિજ તેલ ખરીદવું અને કોની પાસેથી નહિ ખરીદવું? (એજન્સી)

### એપસ્ટીનને

છે. હું પ્રતિનિધિમંડળના ભાગરૂપે કેટલીક વાર એપ્સટીનને મળ્યો હતો અને ફક્ત એક જ ઇમેલની આપ-લે કરી હતી. અમારી વાતચીતનો (તેમના પર આરોપ લગાવવામાં આવેલા ગુનાઓ સાથે) કોઈ સંબંધ નહોતો. અમે 'મેક ઇન ઇન્ડિયા' વિશે વાત કરી હતી. મને એપસ્ટીનની એક્ટિવિટીમાં કોઈ રસ નહોતો. તેના માટે હું 'યોગ્ય વ્યક્તિ' નહોતો, અને એપસ્ટીને તેમને 'ડબલ સ્ટાન્ડર્ડ' કહ્યો હતો અને રાહુલ ગાંધીએ ઇમેઇલ્સ વાંચવા જોઈએ.

### સાઉદી અરેબિયાએ

ઈરાન પર ગમે ત્યારે બૉમ્બવર્ષા કરી શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ઓમાનમાં વાટાઘાટ ચાલી રહી હોવા વચ્ચે ઈરાનના ભૂતપૂર્વ કમાન્ડરે એવો ધડાકો કર્યો છે જે સમગ્ર વિશ્વને હચમચાવી શકે છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના ભૂતપૂર્વ કમાન્ડર હુસૈન કનાનીએ રશિયાના પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં દાવો કર્યો હતો કે સાઉદી અરેબિયાએ અણુ બૉમ્બ બનાવી લીધો છે અને અમેરિકા તેમ જ ઈઝરાયલને આની પાક્કી જાણકારી છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ઈરાન પર 'નો ન્યુક્લિયર વૅપન'ની શરત થોપી રહ્યું છે તેવા સમયે હુસૈન કનાનીએ કરેલા આ નિવેદને ખળભળાટ મચાવી દીધો છે. કનાનીના જણાવ્યા અનુસાર અમેરિકાએ સાઉદીના સિવિલિયન ન્યુક્લિયર પ્રોગ્રામને લીલીઝંડી આપી દીધી છે.

### ઉદ્ધવ સરકારને

હોત. ઉદ્ધવ ઠાકરેની સરકારે મુંબઈને બહુ નુકસાન પહોંચાડ્યું હતું. કેન્દ્રનાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે ગુજરાતમાં બુલેટ ટ્રેન પ્રૉજેક્ટનું કામ બહુ ઝડપથી ચાલી રહ્યું છે. મહારાષ્ટ્રમાં અમારી સરકારે સત્તા પર આવીને આ કામ માટે જલદી મંજૂરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે અંદાજપત્રની જોગવાઇ મુજબ રેલવેના બે હાઇ-સ્પીડ કૉરિડોર ઉત્તર પ્રદેશમાંથી જ પસાર થાય છે.દરમિયાન, સંસદના સંકુલમાં સરકાર-વિરોધી દેખાવ કરી રહેલા વિપક્ષના સાંસદોએ 'દેશને વેચી દેવાયો છે' અને 'ખેડૂતોના હિતને વેચવામાં આવી રહ્યું છે' કહેતા સૂત્રો પોકાર્યા હતાં.સમાજવાદી પક્ષનાં સાંસદ ડિમ્પલ યાદવે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકાર અમેરિકાના દબાણની સામે ઝૂકી ગઇ છે અને તેથી દેશના ખેડૂતોએ સહન કરવું પડશે. (એજન્સી)

### 'જન ગણ મન...'ની

હોય અથવા વગાડવાનું હોય ત્યારે દેશભક્તિનું ગીત 'વંદે માતરમ્...' પહેલાં ગાવું કે વગાડવું પડશે.

'વંદે માતરમ્...' ગીત ગવાતું હોય ત્યારે બધાએ સાવધાનની સ્થિતિમાં ઊભા રહેવું પડશે. આમ છતાં, 'વંદે માતરમ્...' ન્યૂસરીલ કે ડૉક્યુમેન્ટ્રી (દસ્તાવેજી) ફિલ્મમાં ફિલ્મના ભાગરૂપે વગાડાતું હોય ત્યારે દર્શકોએ સાવધાનની સ્થિતિમાં ઊભા રહેવું ફરજિયાત નથી, કારણ કે તેનાથી ફિલ્મના પ્રદર્શનમાં ખલેલ પહોંચી શકે છે અને અવ્યવસ્થા સર્જાઇ શકે છે તેમ જ ગૂંચવણ ઊભી થવાથી દેશભક્તિના ગીત 'વંદે માતરમ્...'ના ગૌરવને હાનિ પહોંચી શકે છે.શાળામાંનું કામકાજ દેશભક્તિના ગીત 'વંદે માતરમ્...'થી શરૂ કરવું પડશે.કેન્દ્ર હાલમાં દેશભક્તિના ગીત 'વંદે માતરમ્...'ની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે.આદેશમાં જણાવાયું હતું કે સાંસ્કૃતિક કાર્યક્રમ કે પરેડ સિવાયના સત્તાવાર કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે, રાષ્ટ્રપ્રમુખ કોઇ સરકારી કે જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હોય ત્યારે વગેરે કાર્યક્રમોમાં દેશભક્તિનું ગીત 'વંદે માતરમ્...' ગાવું પડશે.ગૃહ મંત્રાલયે બહાર પાડેલા આદેશમાં જણાવાયું હતું કે 'વંદે માતરમ્' જાહેર કાર્યક્રમમાં વગાડાતું હોય ત્યારે ત્યાં હાજર લોકો એક રાગમાં ગાઇ શકે તે માટે પૂરતી 'પબ્લિક ઑડિશન સિસ્ટમ' રાખવી જરૂરી છે અને જરૂર જણાય તો દેશભક્તિના આ ગીતની છાપેલી નકલો ત્યાં હાજર રહેલા લોકોમાં વહેંચવી. (એજન્સી)

### આજે ભારત

છે કે સરકારના નવા કૉડ કામદારોના અધિકારોને નબળા પાડે છે, નોકરીની સુરક્ષા ઘટાડે છે અને નોકરીદાતાઓ માટે કર્મચારીઓને નોકરી પર રાખવા અને કાઢી મૂકવાનું સરળ બનાવે છે.

તેઓએ ખાનગીકરણ, વેતનના મુદ્દાઓ અને સામાજિક સુરક્ષાના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. યુનિયનોના જણાવ્યા અનુસાર, મોટાભાગના ક્ષેત્રો અને ઉદ્યોગોમાં હડતાળની નોટિસ જાહેર કરવામાં આવી છે. તેમની મુખ્ય માગણીઓમાં ચારેય શ્રમ સંહિતા અને નિયમો, ડ્રાફ્ટ સીડ બિલ, વીજળી સુધારા બિલ અને ભારતના પરિવર્તન અને વિકાસ માટે પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ (પીસ) અધિનિયમ રદ કરવાનો સમાવેશ થાય છે. ટ્રેડ યુનિયનો મનરેગાને ફરીથી લાગુ કરવા અને વિકસિત ભારત- રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) અધિનિયમ, બેને રદ કરવાની પણ માગ કરી રહ્યા છે.

દેશવ્યાપી શાળાઓ અને કોલેજો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી નથી. જો કે, જો સ્થાનિક સંસ્થાઓ બંધને સમર્થન આપે અથવા પરિવહન સેવાઓ ખોરવાઈ જાય તો કેરળ, કર્ણાટક અને ઓડિશા સહિત કેટલાક રાજ્યોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહી શકે છે. વાલીઓ અને વિદ્યાર્થીઓને તેમની સંબંધિત શાળાઓ અને કોલેજો દ્વારા જાહેર કરાયેલ સત્તાવાર સૂચનાઓ તપાસવાની સલાહ આપવામાં આવે છે.

જાહેર ક્ષેત્રની બેન્ક શાખાઓમાં કામગીરી પ્રભાવિત થવાની સંભાવના છે કારણ કે કર્મચારીઓ અને અધિકારીઓએ હડતાળમાં ભાગ લેવાની જાહેરાત કરી છે.

ઓલ ઇન્ડિયા બેન્ક એમ્પ્લોઇઝ એસોસિએશન (એઆઈબીઈએ), એઆઈબીઓએ અને બીઈએફઆઈ જેવા મુખ્ય યુનિયનોએ તેમના સભ્યોને હડતાળમાં જોડાવા વિનંતી કરી છે. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ મંગળવારે જાહેરાત કરી હતી કે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી બેન્ક હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે અને ગ્રાહકોને ચેતવણી આપી છે કે સેવાઓને અમુક અંશે અસર થઈ શકે છે. હડતાળ દરમિયાન કામકાજ મર્યાદિત હદ સુધી જ પ્રભાવિત થઈ શકે છે.

ગ્રાહકોને શાખા સેવાઓ, ચેક ક્લિયરન્સ, ડિપોઝિટ અને ઉપાડમાં વિક્ષેપનો અનુભવ થઈ શકે છે. ઓનલાઈન બેન્કિંગ અને એટીએમ સેવાઓ ચાલુ રહી શકે છે.

જોકે થોડો વિલંબ શક્ય છે. ખાનગી બેન્કો પણ કાર્યરત થઈ શકે છે, પરંતુ સેવાઓ સ્થાન પ્રમાણે બદલાઈ શકે છે. વિરોધ પ્રદર્શનો અને સંભવિત રસ્તા અવરોધો અથવા ચક્કા જામને કારણે કેટલાક વિસ્તારોમાં જાહેર પરિવહન સેવાઓ ખોરવાઈ શકે છે. વિરોધથી પ્રભાવિત વિસ્તારોમાં બજારો અને દુકાનો બંધ રહી શકે છે.

હોસ્પિટલો અને એમ્બ્યુલન્સ જેવી કટોકટી સેવાઓ સામાન્ય રીતે કાર્યરત રહેશે. એરપોર્ટ અને આવશ્યક સેવાઓ પણ કાર્યરત રહેવાની અપેક્ષા છે.

### કૅનેડામાં

થયા હતા અને આમાંથી બેને જીવન જોખમમાં મૂકે એવી ઈજા થઈ છે. આ ઈજાગ્રસ્તોને હવાઈમાર્ગે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કૅનેડામાં સ્કૂલમાં આવો બેફામ ગોળીબાર વિરલ ઘટના છે. વૅનકુવરથી ૧૦૦૦ કિલોમીટર ઉત્તરે આવેલા કૅનેડિયન રોકીઝના ટમ્બલર રિજ નગરમાં આ ઘટના બની હતી. આ નગર આલ્બર્ટાની સરહદની નજીક આવેલું છે. સરકારની હંગામી વેબસાઈટ પ્રમાણે ટમ્બર રિજ સેકન્ડરી સ્કૂલમાં સાતમાથી બારમા ધોરણના ૧૭૫ વિદ્યાર્થીઓ ભણે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૅનેડાના માસ શુટિંગ વિશે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આવા શોકના સમયે ભારત કૅનેડાના લોકોની પડખે ઊભું છે.

### અમેરિકાએ

રાષ્ટ્રીય ધારાસભામાં નિવેદન આપતા ખ્વાજા આસિફે આરોપ લગાવ્યો અમેરિકા તેના વ્યૂહાત્મક હિતો માટે દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોનું શોષણ કરી રહ્યું છે. આસિફે કબૂલ્યું હતું કે અમેરિકા ભૂતકાળમાં પાકિસ્તાનનો ટોઇલેટ પેપરની જેમ ઉપયોગ કર્યો છે.

ખ્વાજા આસિફે એમ પણ કહ્યું કે બે અફઘાન યુદ્ધોમાં પાકિસ્તાનની સંડોવણી ભૂલ હતી.

તેમણે કહ્યું હતું કે આજે પાકિસ્તાનમાં રહેલો આતંકવાદ ભૂતકાળની ભૂલોનું પરિણામ છે. આસિફે કહ્યું કે ૧૯૯૯ પછી યુએસ સાથે જોડાણને કારણે, ખાસ કરીને અફઘાનિસ્તાન મામલે પાકિસ્તાનને કાયમી નુકસાન થયું છે.ખ્વાજા આસિફે આરોપ લગાવ્યો કે ન્યુ યોર્કમાં ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા હુમલા બાદ અમેરિકા પાકિસ્તાન સાથે ટોઇલેટ પેપરના ટુકડા કરતાં પણ ખરાબ વર્તન કર્યું છે અને કોઈ હેતુ માટે પાકિસ્તાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પછી ફેંકી દેવામાં આવ્યો હતો.

### ઈરાન ફરતે

મળેલી તસવીરોમાં અનેક પૅટ્રિઅટ મિસાઇલ મોબાઇલ ટ્રક લૉન્ચર પર ગોઠવાઇ હોવાનું જોવા મળ્યું હોવાનું કહેવાય છે. અમેરિકાએ પૅટ્રિઅટ મિસાઇલ સૅમિ-સ્ટેટિક લૉન્ચર સ્ટેશન્સ ખાતે રાખવાને બદલે મોબાઇલ ટ્રક લૉન્ચર પર ગોઠવી હોવાથી ઇરાન પરના હુમલાની શક્યતા વધી છે. (એજન્સી)

### શેખ હસીનાની

અને તેની એક સમયની સાથી પાર્ટી જમાત-એ-ઇસ્લામી વચ્ચે ટક્કર જોવા મળશે કારણ કે હસીનાની પાર્ટી અવામી લીગ હવે સમાપ્ત થઈ ગઈ છે.ગયા વર્ષે મુખ્ય સલાહકાર મોહંમદ યુનુસની વચગાળાની સરકારે અવામી લીગને વિખેરી નાખી હતી અને તેને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ચૂંટણીમાં ૫૦ રાજકીય પક્ષોના કુલ ૧૭૫૫ ઉમેદવારો અને ૨૭૩ અપક્ષ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. બીએનપીએ સૌથી વધુ ૨૯૧ ઉમેદવારો ઉભા રાખ્યા છે. જેમાં ૮૩ મહિલા ઉમેદવારો છે. મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને ગુરુવારે નિષ્પક્ષ, ન્યાયી અને સ્વીકાર્ય ચૂંટણી યોજવા માટેની ચૂંટણી પંચની પ્રતિબદ્ધતાની પુષ્ટી કરતા કહ્યું કે શાંતિપૂર્ણ અને વિશ્વસનીય ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. રાજધાનીમાં આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો અને મીડિયા પ્રતિનિધિઓને જાણકારી આપતા કહ્યું કે લોકોને આપેલા વચન મુજબ ચૂંટણી પૂર્ણ થશે.

# ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલને મોટી રાહત, ૨૦૧૮ના નિકોલ કેસમાં સરકાર ફરિયાદ પરત ખેંચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટીદાર અનામત આંદોલન બાદ નોંધાયેલા પોલીસ કેસો પરત ખેંચવાની દિશામાં રાજ્ય સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો હતો. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ અને ગીતા પટેલ સહિતના આગેવાનો વિરુદ્ધ વર્ષ ૨૦૧૮માં અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનમા નોંધાયેલી ફરિયાદ પરત ખેંચવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ફરિયાદ પરત ખેંચવા માટે કાયદેસરની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. કલેક્ટર અને સરકારી વકીલ દ્વારા સમગ્ર કેસની સમીક્ષા કરીને અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો હતો, જેના આધારે ફરિયાદ પરત ખેંચવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં સરકાર પક્ષે અરજી કરીને જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે.

આ મામલે વિશેષ સરકારી વકીલ તારાબા ચુડાસમાએ જણાવ્યું હતું કે, સરકારના માર્ગદર્શન અને કાયદાકીય પ્રક્રિયા મુજબ ફરિયાદ પરત ખેંચવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે અને કોર્ટ સમક્ષ જરૂરી રજૂઆત કરવામાં આવી છે.

આ કેસ પાટીદાર અનામત આંદોલન દરમિયાન નિકોલ વિસ્તારમાં યોજાયેલા પ્રતીક ઉપવાસ સાથે સંકળાયેલો હતો. આરોપ મુજબ પરવાનગી વિના ધરણા યોજવા, લોકોને ઉશ્કેરવા અને પોલીસ કર્મચારીઓ સામે અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવા સહિતના મુદ્દાઓ હેઠળ ગુનો નોંધાયો હતો. આ મામલે હાર્દિક પટેલ, ગીતા પટેલ સહિતના આગેવાનો સામે કેસ નોંધાઈ ટ્રાયલ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાલી રહી હતી.

પાટીદાર અનામત આંદોલન દરમિયાન રાજ્યભરમાં અનેક કેસ નોંધાયા હતા, જેમાંથી કેટલાક કેસો પાછા ખેંચવાની પ્રક્રિયા છેલ્લા સમયમાં હાથ ધરાઈ છે. હાર્દિક પટેલ સામેનો આ કેસ પણ હવે પરત ખેંચાતા તેમને કાનૂની રીતે મોટી રાહત મળી હોવાનું માનવામાં આવે છે. હવે ગ્રામ્ય કોર્ટ સરકારની અરજી પર અંતિમ આદેશ આપશે, ત્યારબાદ કેસ સત્તાવાર રીતે પરત લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ જ કેસમાં કોર્ટે હાર્દિક પટેલ વિરુદ્ધ વોરંટ પણ જાહેર કર્યું હતું, પરંતુ હવે સરકાર તેમને મોટી રાહત આપશે.

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળાનો આરંભ, જય ગિરનારીના નાદથી ભવનાથ તળેટી ગુંજી ઊઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં દર વર્ષે પરંપરાગત રીતે ઊજવાતો મહાશિવરાત્રિનો મેળો આસ્થાભેર શરૂ થયો છે. ૧૧ જાન્યુઆરીએ સવારે સાધુ-સંતો, મહંતો અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવનાથ મહાદેવના શિખર પર ૫૫ કિલોના મજબૂત ધજા દંડ પર ધર્મની ધજા ચડાવવામાં આવી હતી. શાસ્ત્રોક્ત વિધિ અને પૂજા-અર્ચના બાદ 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના નાદ સાથે વિધિવત્ રીતે પાંચ દિવસીય મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ભવનાથ મંદિરમાં ધ્વજારોહણ બાદ જુદા જુદા અખાડાઓમાં ધ્વજારોહણ થયું હતું અને સાધુ સંતોની ધૂણીઓ પ્રજ્વલિત થઈ હતી અને અન્ન ક્ષેત્રો પણ શરૂ થયા હતા.

મહાશિવરાત્રીના મિની કુંભ મેળાનો પ્રારંભ થતાં જ મોટી સંખ્યામાં ભક્તો શ્રદ્ધાભેર ભવનાથ મહાદેવ અને સાધુ-સંતોના દર્શન કરવા ઊમટી પડ્યા છે. દૂર દૂરથી પ્રથમ દિવસે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી છે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી જૂનાગઢ જિલ્લાના ભવનાથ ખાતે યોજાનારા મહાશિવરાત્રી મેળામાં સહભાગી થવા પધાર્યા હતા. એરપોર્ટ પર તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને જિલ્લા પોલીસ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

આ વર્ષે મિની કુંભના આયોજનને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા અને ટ્રાફિકના નિયમન માટે ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એને પગલે સવારે જૂનાગઢ વહીવટી તંત્ર, મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ પણ સામાન્ય ભાવિકોની જેમ ભરડાવાવથી પગપાળા ચાલીને ભવનાથ મંદિર સુધી પહોંચ્યા હતા. આ આયોજન પાછળનો હેતુ લાખોની મેદની વચ્ચે ભાવિકોને કોઈ અગવડતા ન પડે એ સુનિશ્ચિત કરવાનો છે.

સુરક્ષાની દૃષ્ટિએ જૂનાગઢ પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે કુલ ૩૫૦૦ જેટલો પોલીસ સ્ટાફ ફરજ પર તહેનાત કરવામાં આવ્યો છે. પોલીસ-બંદોબસ્તમાં ૧ એસપી, ૯ ડીવાયએસપી, ૩૮ પીઆઇ, ૧૩૫ પીએસઆઇ, ૧૫૮૨ પોલીસ જવાન, ૧૨૫ ટ્રાફિક-પોલીસ, એસઆરપીની ૨ કંપની, ૬૦૦ હોમગાર્ડ અને ૬૫૧ જીઆડી જવાનોનો સમાવેશ થાય છે. સમગ્ર મેળા વિસ્તારને ૫ મુખ્ય ઝોન- દામોદર કુંડ, રૂપાયતન, ભવનાથ, ગિરનાર અને સિટી ઝોનમાં વહેંચી દેવામાં આવ્યો છે.

# મુખ્ય પ્રધાને અમૂલ એઆઈનું લોકાર્પણ કર્યું, 'સરલાબેન' દૂધ ઉત્પાદકોને આપશે પશુપાલનની ટિપ્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કર્યું હતું. રાજ્યના ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ૩૬ લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાની તથા ડેરી બ્રાન્ડની ખ્યાતિ પ્રાપ્ત અમૂલ દ્વારા ખેડૂતથી ટેક્નોલોજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવિન અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ અવસર આણંદમાં યોજવામાં આવ્યો હતો.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આ અમૂલ એ.આઈ. કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલ સ્ટોન બનશે. સરકાર, સહકાર અને ટેકનોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી ગઈ છે તેને હવે એ.આઈ. વધુ સંગીન બનાવશે. અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઇન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઇન્ડિયા માટે સજ્જ થયું છે.

અમૂલ દ્વારા લોન્ચ કરવામાં આવેલી નવી 'સરલા' (સરલા) એપને એક મોટી ક્રાંતિ ગણાવતા તેમણે કહ્યું હતુ કે, અમૂલે વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, એસએનએફ અને દૈનિક હિસાબ મોબાઈલ એપ પર આપવાની વ્યવસ્થા કરી છે. 'સરલાબેન' ગુજરાતના હજારો ગામડાઓમાં પશુપાલકોને હવે કોઈપણ સમયે મદદ કરવા હાજર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ૧૮,૫૦૦ થી વધુ ગામડાઓમાં ફેલાયેલા ૩૬ લાખથી વધુ દૂધ ઉત્પાદકો દરરોજ ૩૫૦ લાખ લિટરથી વધુ દૂધ સપ્લાય કરે છે, જે સહકારી માળખાનો મુખ્ય આધાર છે. આ એઆઇ પ્લેટફોર્મ દેશના સૌથી મોટા સહકારી આઇટી ઇકોસિસ્ટમ પર બનાવવામાં આવ્યું છે. અમૂલનું ડિજિટલ નેટવર્ક દર વર્ષે ૨૦૦ કરોડથી વધુ દૂધ ખરીદીના વ્યવહારો, ૧,૨૦૦ થી વધુ ડોકટરો દ્વારા કરવામાં આવતી લાખો પશુઓની સારવારના રેકોર્ડ અને દર વર્ષે થતા આશરે ૭૦ લાખ કૃત્રિમ ગર્ભાધાનના ડેટાનું સંચાલન કરે છે.

આ સિસ્ટમમાં આઇએસઆરઓના સેટેલાઇટ ઈમેજરી દ્વારા મેળવેલ ઘાસચારો ઉત્પાદનનો ડેટા અને દર પાંચ વર્ષે થતી પશુ ગણતરીની વિગતોનો પણ સમાવેશ થાય છે. છેલ્લા પાંચ દાયકાથી એકત્રિત થયેલો આ વિશાળ અને પ્રમાણિત ડેટા 'અમૂલ એઆઇ' નો પાયો છે, જેના કારણે તે પશુપાલકોને સચોટ અને વ્યક્તિગત જવાબો આપી શકશે.

# શરીરસંબંધ માટે જતા ગ્રાહક પર દેહવ્યાપારનો ગુનો લાદી શકાય નહીંઃ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા જણાવ્યું હતું કે જે ગ્રાહક શરીર સંબંધ બાંધવા જાય છે તે ઈમમોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ ગુનેગાર બનતો નથી. હૉટેલમાં રેડ સમયે એક ગ્રાહક સામે સુરતના અલથાણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ હતી. ગ્રાહકે કોર્ટમાં એફઆઈઆર રદ કરવા અરજી કરી હતી. સરસાણા ખાતેની એક હૉટેલમાં રેડ પાડતા સમયે મહિલા સાથે કઢંગી હાલતમાં એક પુરુષ મળ્યો હતો. ત્યારબાદ તેના પર ઈમમોરલ ટ્રાફિકિંગ ઍક્ટની સેક્શન ૩,૪,૫ અને ૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ અંગે અરજદારના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેમનો અસીલ માત્ર ગ્રાહક હતો. હૉટેલના મેનેજમેન્ટમાં કે અન્ય કોઈના શોષણની પ્રવૃત્તિમાં તે સંડોવાયેલો ન હતો.

આ અંગે કોર્ટે નોંધ્યું હતું કે આ કેસ બિનવિવાદાસ્પદ છે. અહીં અરજદાર માત્ર ગ્રાહક તરીકે ગયો હતો. આ કાયદાની સેક્શન ૪ કૂટણખાનું રાખનાર અને તેનું સંચાલન કરનાર સામે લાગુ પડે છે, આ સાથે મહિલા માત્ર દેહવિક્રયની કમાણી પર નભે છે, તે પણ સાબિત કરવું પડે અને સેક્શન ૫ આવી પ્રવૃત્તિ માટે વ્યક્તિની ખરીદી સાથે સંબંધિત છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે રૂપજીવિનીની સેવાઓ લેનાર ગ્રાહક ''ખરીદનાર'' ની વ્યાખ્યામાં આવતો નથી, કારણ કે આ શબ્દ સામાન્ય રીતે એજન્ટોને લાગુ પડે છે, જે અન્ય લોકોની ખુશી માટે વ્યક્તિઓને લાવે છે. કોર્ટે ભાર મૂક્યો હતો કે અરજદાર હૉટેલના સંચાલનમાં અથવા ગેરકાયદે વેપારના પ્રમોશનમાં સામેલ ન હોવાથી, તેની સામેના આરોપો યોગ્ય નથી.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આપને મોટો ઝટકો, ખેડૂત નેતા રાજુ કરપડાએ રાજીનામુ આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ગુજરાત આપને ફટકો પડ્યો છે. આમ આદમી પાર્ટીના કિસાન સેલના પ્રદેશ અધ્યક્ષ અને જાણીતા ખેડૂત નેતા રાજુ કરપડાએ તમામ પદો પરથી રાજીનામું આપી દેતા આપનું રાજકારણ ગરમાયું છે. રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને રાજીનામું આપ્યું હતું. સુરેન્દ્રનગર જિલ્લા સહિત રાજ્યભરના ખેડૂતોના પ્રશ્ને લડત આપનાર નેતાએ અચાનક રાજીનામું આપતા પાર્ટી સંગઠનમાં ચર્ચા અને અટકળોનું બજાર ગરમાયું છે. આ મુદ્દે અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ શકે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજુ કરપડાના રાજીનામા અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે તેઓ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઇટાલિયાથી ભારે નારાજ છે. ઓક્ટોબર ૨૦૨૫માં બોટાદના હડદડ ગામે થયેલા ખેડૂત આંદોલનમાં પોલીસ સાથેના ઘર્ષણ બાદ રાજુ કરપડા અને અન્ય નેતાઓને ધરપકડ કરવામાં આવી હતી. તેઓ સાડાત્રણ મહિના (લગભગ ૧૦૮ દિવસ) જેલમાં રહ્યા હતા અને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જામીન પર મુક્ત થયા હતા. આ સમયગાળા દરમિયાન ગોપાલ ઇટાલિયાએ કોઈ મદદ કરી ન હતી.

રાજુ કરપડાના નજીકનાં સૂત્રો જણાવ્યું હતું કે, ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં વિસાવદર બેઠક પર ગોપાલ ઇટાલિયાની જીત માટે તેમણે દોઢ મહિના સુધી રાતદિવસ મહેનત કરી હતી, પરંતુ જ્યારે તેઓ જેલમાં હતા ત્યારે ઇટાલિયાએ કોઈ ખબર પૂછી ન હતી, જેનાથી તેઓ દુઃખી થયા હતા. જેલમાંથી મુક્ત થયા બાદ ઇટાલિયા તેમને મળવા આવ્યા હતા, પરંતુ જ્યારે મદદની જરૂર હતી ત્યારે તેઓ ગાયબ હતા. વધુમાં, જેલવાસ દરમિયાન કાનૂની ખર્ચ અને પરિવારની મદદ માટે તેમને પોતાને જ વ્યવસ્થા કરવી પડી હતી, જ્યારે અન્ય ખેડૂત મિત્રોને તેમણે અને તેમના ગામના લોકોએ સહાય કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજુ કરપડાના રાજીનામાંથી સૌરાષ્ટ્રમાં આપને મોટો ફટકો પડ્યો છે. સૌરાષ્ટ્રમાં આપની પકડ ધીમે ધીમે મજબૂત બની રહી હતી અને ઇટાલિયાની વિસાવદર જીત બાદ કડદાપ્રથા સામે મોટું આંદોલન થયું હતું, જેથી ખેડૂતો આપ તરફ ઢળવા લાગ્યા, પણ અચાનક જ રાજુ કરપડાના રાજીનામાં બાદ પાર્ટી સૌરાષ્ટ્રમાંથી પોતાની પકડ ગુમાવશે એ વાત નક્કી છે.

## દેશ વિદેશ

# ભારત રશિયન તેલ નહીં ખરીદે એવું એક માત્ર ટ્રમ્પ જ બોલી રહ્યાં છેઃ રશિયા

મોસ્કો : રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે બુધવારે દેશની સંસદમાં જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ સિવાય બીજા કોઈએ એવું જાહેર કર્યું નથી કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. લાવરોવે આ ટિપ્પણી રશિયાના અમેરિકા પર ભારત અને અન્ય દેશોને રશિયા પાસેથી તેલ ખરીદતા રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યાના બે દિવસ બાદ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે વોશિંગ્ટન ટેરિફ, પ્રતિબંધો સહિત ''દબાણપૂર્વક'' યુક્તિઓ અપનાવી રહ્યું છે. બુધવારે સ્ટેટ ડુમા (નીચલા ગૃહ) માં એક સાંસદના સવાલનો જવાબ આપતા લાવરોવે કહ્યું હતું કે, તમને જાણવા મળ્યું છે કે ડોનલ્ડ ટ્રમ્પે ભારત સાથે રશિયન તેલ ન ખરીદવાનો કરાર કર્યો છે. મેં વડા પ્રધાન મોદી અને અન્ય ભારતીય નેતાઓ સહિત અન્ય કોઈ પાસેથી આવું નિવેદન સાંભળ્યું નથી.

લાવરોવે કહ્યું હતું કે વિદેશ પ્રધાન એસ.જયશંકરે બ્રિક્સમાં ભારતના અધ્યક્ષપદ માટે વલણ નક્કી કરતા નવી દિલ્હીમાં શેરપાઓની પ્રથમ બેઠકમાં જણાવ્યું હતું કે ઊર્જા સુરક્ષા બ્રિક્સ સમિટની ટોચની બાબતોમાંની એક હશે, જેમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હાજરી આપે તેવી અપેક્ષા છે. ડુમાના ગવર્નમેન્ટ અવર દરમિયાન બોલતા જેમાં કેબિનેટ મંત્રીઓ તેમના મંત્રાલયોના પ્રદર્શનનો અહેવાલ આપે છે. લાવરોવે જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૫માં પ્રમુખ પુતિનના ભારત પ્રવાસમાં મોસ્કો અને નવી દિલ્હી વચ્ચે સંબંધો વધુ સારા થયા છે.

તેમણે કહ્યું હતું કે ખાસ કરીને ગયા ડિસેમ્બરમાં પુતિનના ભારત પ્રવાસ દરમિયાન સંયુક્ત દસ્તાવેજોના નોંધપાત્ર પેકેજ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ મુલાકાતે રશિયન-ભારત સંબંધોને સમૃદ્ધ બનાવ્યા, એક ખાસ વ્યૂહાત્મક ભાગીદારી બનાવી હતી. બંને દેશોના નેતાઓ વચ્ચે આગામી બેઠક બ્રિક્સ સમિટ દરમિયાન થાય તેવી સંભાવના છે. રશિયા ભારત સાથેના સંબંધોમાં નવી દિલ્હી ઇચ્છે તેટલી હદ સુધી જવા માટે તૈયાર છે.

# થાઈલેન્ડની શાળામાં ગોળીબારઃ ગનમૅનની ધરપકડ

હાટ યાઇઃ થાઇલેન્ડની એક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બંધક બનાવીને ગોળીબાર થયાની ઘટના પ્રકાશમાં આવી છે. જો કે કલાકોની જહેમત બાદ બંદૂકધારીની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન બ્યુરો ઓફ પોલીસના જણાવ્યા અનુસાર એક હથિયારધારી શખસે કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બંધક બનાવ્યા હતા. આ ઘટનામાં એક વિદ્યાર્થી ઘાયલ થયો હતો. લગભગ બે કલાકની જહેમત બાદ પરિસ્થિતિ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. જો કે તેમણે તાત્કાલિક વધુ વિગતો જાહેર કરી ન હતી.

થાઇ મીડિયાના અહેવાલ અનુસાર ઘણા લોકો ઘાયલ થયા છે. જો કે આંકડાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. પ્રાંતીય જનસંપર્ક વિભાગના જણાવ્યા અનુસાર બપોરના વર્ગો પૂરા થયાના થોડા સમય પછી જ્યારે બંદૂકધારી સોંગખલા પ્રાંતની પટોંગપ્રથંકિરિવાત શાળામાં પ્રવેશ્યો ત્યારે લાલઘુમ હતો અને ત્યારબાદ ગોળીઓના અવાજ સંભળાયા હતા.

આ કૃત્ય પાછળનો બંદૂકધારીનો હેતુ તાત્કાલિક જાણી શકાયો નથી. થાઇલેન્ડમાં બંદૂક હિંસા સામાન્ય છે. અહીં એશિયામાં બંદૂક રાખવી અને બંદૂક સંબંધિત મૃત્યુનો દર સૌથી ઊંચો છે. જો કે સામૂહિક ગોળીબાર ભાગ્યે જ જોવા મળે છે.

# માડાગાસ્કરમાં ચક્રવાત ત્રાટકતાં ૨૦નાં મોત

એન્ટાનાનારીવોઃ હિંદ મહાસાગરના ટાપુ રાષ્ટ્ર માડાગાસ્કરમાં ઉષ્ણકટિબંધીય ચક્રવાત ગેઝાની ત્રાટક્યું હતું. ટાપુ રાષ્ટ્રમાં ચક્રવાત ગેઝાનીએ વિનાશ વેરતા ઓછામાં ઓછા ૨૦ લોકોનો ભોગ લીધો હતો. આ જાણકારી અધિકારીઓએ બુધવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ચક્રવાતમાં ૧૯૫ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો. માડાગાસ્કરની હવામાન સેવાએ ઘણા વિસ્તારો માટે રેડ એલર્ટ જારી કર્યું છે. ૩.૧ કરોડ લોકોની વસ્તી ધરાવતા આ દેશમાંથી ગેઝાની આગળ વધતા પૂર અને ભૂસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે.

નેશનલ ઓફિસ ફોર રિસ્ક એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર ચક્રવાતને કારણે ઇમારત ધરાશાયી થવાથી ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૯ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સ્થાનિકોએ જણાવ્યું કે ચક્રવાત ટાપુ રાષ્ટ્રના મુખ્ય બંદર તોમાસિનામાં ત્રાટક્યું હતું. જેના કારણે ભારે નુકસાન થયું હતું.

માડાગાસ્કરના પ્રમુખ માઇકલ રેન્ડ્રિયાનિરીનાએ નુકસાનનો સર્વે કરવા અને લોકોના ખબર પૂછવા માટે તોમાસિનાની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય હવામાન સેવાએ ગેઝાની બુધવારે માડાગાસ્કરમાં પૂર્વથી પશ્ચિમ તરફ આગળ વધવાની આગાહી કરી હતી.

જો કે આ સિસ્ટમ લગભગ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે ઉષ્ણકટિબંધીય તોફાનમાં નબળી પડી હતી. આ ચક્રવાત રાજધાની એન્ટાનાનારીવોથી લગભગ ૧૦૦ કિલોમીટર ઉત્તરમાંથી પસાર થયું હતું. જ્યાં પૂર માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ પ્લૅન ક્રૅશઃ સરકાર પાસે રિપોર્ટ માગ્યો સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્રને ૧૨ જૂન, ૨૦૨૫ની એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસમાં અત્યાર સુધી અનુસરવામાં આવેલા પ્રક્રિયાગત પ્રોટોકોલ પર સંક્ષિપ્ત અહેવાલ દાખલ કરવા કહ્યું.

આ દુર્ઘટનાની તપાસ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બોર્ડ (એએઆઈબી) દ્વારા કરવામાં આવી રહી છે.

કોર્ટ એક એનજીઓ, કાયદાના વિદ્યાર્થી અને મૃતક પાઇલટના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી ત્રણ અરજીની સુનાવણી કરી રહી હતી, જેમાં દુર્ઘટનાની સ્વતંત્ર, કોર્ટ-નિરીક્ષણ હેઠળ તપાસની માંગ કરવામાં આવી હતી.

લંડનના ગેટવિક એરપોર્ટ તરફ જતી એર ઇન્ડિયાની બોઇંગ ૭૮૭-૮ ફ્લાઇટ એઆઇ ૧૭૧, પાઇલટ-ઇન-કમાન્ડ કેપ્ટન સુમિત સભરવાલ અને સહ-પાઇલટ કેપ્ટન ક્લાઇવ કુંદર દ્વારા ચલાવવામાં આવી રહી હતી. ગુજરાતના અમદાવાદથી વિમાન ઉડાન ભર્યા પછી આ દુર્ઘટના બની હતી, જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા, જેમાં ૨૪૧ મુસાફરો અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે.

બુધવારે, કેન્દ્ર અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) નું પ્રતિનિધિત્વ કરતા કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બેન્ચને જણાવ્યું હતું કે એએઆઈબીની તપાસ અંતિમ તબક્કામાં છે અને તેના કેટલાક ભાગો વિદેશમાં હાથ ધરવાની જરૂર છે.

તેમણે કહ્યું કે આ મામલે ત્રણ સંબંધિત અરજી ત્રણ અઠવાડિયા પછી વ્યાપક સુનાવણી માટે સૂચિબદ્ધ થઈ શકે છે.

બેન્ચનો શરૂઆતમાં મત હતો કે એએઆઈબી તપાસ રિપોર્ટ સીલબંધ કવરમાં તેની સમક્ષ રજૂ કરવામાં આવે. મહેતાએ ન્યાયાધીશોને ખાતરી આપી હતી કે તપાસની વિગતો તેમની સાથે શેર કરવામાં આવશે.

# હવે શ્રેયસ તલપડે સામે યુપીમાં છેતરપિંડીનો કેસ

નવી દિલ્હીઃ બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડેની મુશ્કેલીમાં વધારો થયો છે. ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાના ભોગાવ પોલીસે તેના અને અન્ય ૧૨ લોકો સામે રોકાણ કૌભાંડ મામલે કેસ દાખલ કર્યો છે. મોહલ્લા મિશ્રાના એક રહેવાસીએ અભિનેતા અને તેના સહયોગીઓ પર રોકાણના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યા બાદ મંગળવાર, ૧૦ ફેબ્રુઆરીના રોજ ભોગાવ પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદ મુજબ, શ્રેયસ તલપડેએ તેના સહયોગીઓ સાથે મળીને શહેરના મોહલ્લા મિશ્રાનામાં આવેલી મુંબઈ બેન્ક શાખામાં રોકાણ યોજનાની આડમાં ગ્રામજનો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી. કોર્ટના આદેશ બાદ પોલીસે હવે આ મામલાની તપાસ શરૂ કરી છે. અભિનેતાએ હજુ સુધી આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી.

શ્રેયસ તલપડે એક જાણીતા અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા છે. તેમણે હિન્દી અને મરાઠી ફિલ્મોમાં કામ કર્યું છે. ૨૦૦૫માં 'ઇકબાલ' ફિલ્મમાં તેમની ભૂમિકાથી તેને લોકપ્રિયતા મળી હતી. બાદમાં તેણે 'ઓમ શાંતિ ઓમ' અને 'ગોલમાલ' સીરિઝ જેવી કોમેડી ફિલ્મોમાં દેખાયા હતા. તે છેલ્લે ''એસસી-એસટીઆઝાદ ભારત' ફિલ્મમાં જોવા મળ્યા હતા, જેમાં તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝની ભૂમિકા ભજવી હતી. તેઓ ટૂંક સમયમાં આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' માં જોવા મળી શકે છે.

# જનરલ નરવણેના પુસ્તકનો વિવાદઃ પૅન્ગવિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાને નોટિસ

નવી દિલ્હીઃ સેનાના ભૂતપૂર્વ વડા મનોજ મુકુન્દ નરવણેનું પ્રકાશિત ન થયેલું પુસ્તક સર્ક્યુલેશનમાં આવ્યું હોવાને મામલે સ્પષ્ટતા કરવાની માગણી કરતી નૉટિસ દિલ્હી પોલીસના વિશેષ એકમે પૅન્ગવિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાને પાઠવી હોવાનું અધિકારીઓએ બુધવારે કહ્યું હતું.

પુસ્તક અંગેના દાવા અને ગેરકાયદે આવૃત્તિના બિનસત્તાવાર સર્ક્યુલેશને પ્રકાશક, સેનાના ભૂતપૂર્વ વડા અને વરિષ્ઠ રાજકીય નેતાઓને જાહેર વિવાદમાં ખેંચ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર દિલ્હી પોલીસના વિશેષ એકમે નૉટિસ મારફતે ઔપચારિક રીતે પ્રકાશકનો સંપર્ક સાધ્યો હતો અને અનેક પ્રશ્નો ઊઠાવી તેમની પાસેથી આ મામલે વિગતવાર પ્રતિક્રિયાની માગણી કરી હતી. 'ફૉર સ્ટાર ઑફ ડેસ્ટિની' શીર્ષક ધરાવતી નરવણેની સ્મરણિકાની હસ્તપ્રત પ્રકાશિત થાય તે અગાઉ જ ડિજિટલ કે અન્ય માધ્યમમાં ગેરકાયદે સર્ક્યુલેટ કરવામાં આવી હોઈ શકે એ પ્રકારના અહેવાલને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું હતું.

હસ્તપ્રતને લઈને કરવામાં આવેલા આક્ષેપોને મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

# પોતાની સામેની વિપક્ષની નૉટિસમાં ઓમ બિરલાએ કરાવ્યો સુધારો

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકરને હોદ્દા પરથી દૂર કરવાની વિપક્ષની નૉટિસના મુસદ્દામાં ખામી હોવાનું જણાવી ઓમ બિરલા તેને નકારી શક્યા હોત, પરંતુ તેમણે અધિકારીઓને ભૂલો સુધારવા જણાવ્યું હતું જેથી કરીને વહેલામાં વહેલી તકે લોકસભામાં તેનું લિસ્ટિંગ કરી શકાય, એમ સંસદીય સૂત્રોએ કહ્યું હતું.

લોકસભાના સેક્રેટરી જનરલ ઉત્પલ કુમાર સિંહને મંગળવારે બપોરે સુપરત કરવામાં આવેલી આ નૉટિસ પર વિપક્ષના ૧૧૮ સાંસદે સહી કરી હતી. જોકે બાદમાં વિપક્ષે નૉટિસ પાછી ખેંચી લીધી હતી અને તેને સ્થાને તારીખ સુધારીને બીજી નૉટિસ આપી હતી.

નૉટિસમાં ફેબ્રુઆરી ૨૦૨૫ની ઘટનાનો ચાર વખત ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેને આધારે નિયમ પ્રમાણે તેને નકારી શકાઈ હોત.

સૂત્રોના જણાવ્યા અનુસાર સ્પીકરે લોકસભાના સેક્રેટરિયેટને ખામીયુક્ત નૉટિસમાં સુધારો કરવા જણાવી આગળ વધવા કહ્યું હતું. નિયમાનુસાર બિરલાએ તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. સુધારેલી નૉટિસ મળ્યા બાદ નિયમ પ્રમાણે તેની ઝડપથી સમીક્ષા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# મોહમ્મદ અલી રોડ પર સતત ત્રીજા દિવસે પાલિકાનું બુલડોઝર



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં ચાર વર્ષ બાદ નગરસેવકોનું રાજ આવી જતા પાલિકા પ્રશાસન ફરી અલર્ટ મોડ પર આવી ગઈ છે. ફૂટપાથ પરના ગેરકાયદે બાંધકમ અને અતિક્રમણ સામેની તેની કાર્યવાહી વધુ આકરી બનાવી છે. દક્ષિણ મુંબઈમાં મોહમ્મદ અલી રોડ પર મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સતત ત્રણ દિવસથી કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં ગેરકાયદે બાંધકામને હટાવીને ફૂટપાથ અને રસ્તાને અતિક્રમણ મુક્ત કરવાની ઝુંબેશ હાથ ધરાઈ છે. મોહમ્મદ અલી રોડ પર મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવતા હોય છે, તો અહીંની ખાઉં ગલીમાં ખાવાના શોખીનો પણ મોટી સંખ્યામાં સાંજ બાદ ઉમટી પડતા હોય છે પણ મોટાભાગના ફેરિયાઓ અને દુકાનદારો ગેરકાયદેસર રીતે અહીં ફૂટપાથ તથા રસ્તા પર અતિક્રમણ કરીને બેઠેલા છે, તેને કારણે નાગરિકોને ફૂટપાથ પર ચાલવામાં અને વાહનચાલકોને રસ્તા પર વાહન ચલાવવામાં પણ અનેક વખત અડચણોનો સામનો કરવો પડે છે.

પાલિકાના 'બી' વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર યોગેશ દેસાઈએ જણાવ્યું હતું કે ૨૯ જાન્યુઆરીથી પાંચ ફેબ્રુઆરી દરમ્યાન વોર્ડમાં ગેરકાયદે બાંધકામને હટાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. જે અંતર્ગત છેલ્લા ત્રણ દિવસઆ કાર્યવાહી ફરી ચાલુ કરવામાં આવી છે, જેમાં બુધવારે દિવસ દરમ્યાન મોહમ્મદ અલી રોડ પરના ગેરકાયદે બાંધકામ હટાવવાની સાથે જ રસ્તા તથા બ્રિજ પર ગમે ત્યાં જોખમી રીતે લટકી રહેલા કેબલ વાયર, ગેરકાયદે રીતે લીધેલા ઈલેક્ટ્રિકના વાયરોના જોડાણ પર હટાવવામાં આવ્યા હતા. રસ્તા તથા ફૂટપાથ પરના અતિક્રમણ હટાવીને અહીં સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. ■

## રાજ ઠાકરે પીએમ મોદીથી ખૂબ જ ડરે છેઃ કોશ્યારી

મુંબઈઃ વિવિધ ક્ષેત્રની અગ્રણી વ્યક્તિ ફક્ત મોદી સરકારના ડરથી મુંબઈના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના કાર્યક્રમમાં હાજરી આપે છે એવા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ કરેલા દાવાના એક દિવસ પછી મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ બુધવારે જણાવ્યું હતું કે મનસે અધ્યક્ષ વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી ખૂબ જ ડરતા હતા. ગયા અઠવાડિયે આરએસએસના વડા મોહન ભાગવતના સત્રમાં સલમાન ખાન, રણબીર કપૂર અને કરણ જોહર સહિત બોલિવૂડ હસ્તીઓ તેમજ કેટલાક સેવારત આઈએએસ અધિકારી હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ રાજ્યપાલ અને ભાજપના વરિષ્ઠ નેતાએ નાશિકમાં સંવાદદાતાઓને કહ્યું હતું કે મને નથી લાગતું કે ડરને કારણે લોકો હાજર રહ્યા હતા. રાજ ઠાકરે મોદીથી ખૂબ ડરે છે. ભગવાન રામની જેમ મોદી માટે બધા નાગરિકો સમાન છે. હું રાજનો આદર કરું છું, તેઓ નાના ભાઈ જેવા છે. તેમણે મોદીથી ડરવું જોઈએ નહીં પરંતુ તેમની નિકટ જવું જોઈએ. તેમણે ખોટા કાર્યોથી ડરવું જોઈએ. તમે છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિમાં છો. (પીટીઆઈ)■

## સલમાન ભારતીય નાગરિક નથી? શિંદે

મુંબઈઃ આરએસએસના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે મુંબઈમાં યોજાયેલા કાર્યક્રમમાં ઘણા બોલીવૂડ કલાકારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમાં સલમાન ખાન પણ સામેલ હતા. સલમાન ખાને સંઘના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ શિવસેનાના નેતા સંજય રાઉત સહિત ઘણા લોકોએ તેમને સવાલ ઉઠાવ્યા હતા. તેના પર હવે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શું સલમાન ખાન ભારતીય નાગરિક નથી? એવો સવાલ કરીને જો સલમાન ખાન આરએસએસના કાર્યક્રમમાં આવ્યો હોય તો તેમાં રાજકારણ ન કરવું જોઈએ એવી સલાહ આપી હતી. ■

નવમાં પાનાનું ચાલુ

### નારાબાજી વચ્ચે

જાહેર થવાની સાથે જ મુંબઈ મહાનગરપાલિકામાં ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાનો ત્રણ દાયકાના વર્ચસ્વનો અંત આવ્યો હતો.

બુધવારે મેયરની ચૂંટણી પહેલા દક્ષિણ મુંબઈમાં ફોર્ટમાં આવેલા મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયના સભાગૃહમાં સત્તાધારી અને વિરોધપક્ષોના સૂત્રોચ્ચાર કરીને પોતે-પોતાની શક્તિનું પ્રદર્શન કરતા સભાગૃહ થોડા સમય માટે જાણે યુદ્ધભૂમિમમાં ફેરવાઈ ગયું હતું. ઠાકરેની શિવસેનાના નગરસેવકોએ 'ઠાકરે, ઠાકરે'ના નારા લગાવ્યા હતા. તેની સામે ભાજપના નગરસેવકોએ 'મોદી' અને 'દેવા ભાઉ'ના નારા લગાવ્યા હતા અને બંને પક્ષોએ પોતાનું વર્ચસ્વ દેખાડવાનો પ્રયાસ કર્યો હતો.

મેયરનું નામ જાહેર કરવા અગાઉ જોકે પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીને પ્રિસાઈડિંગ ઓફિસર (પીઠાસીન અધિકારી) બનવાને મુદ્દે વિરોધપક્ષે સભાગૃહમાં ધમાલ મચાવી હતી. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ગ્રૂપ લીડર કિશોરી પેડણેકરે પોઈન્ટ ઓફ ઓર્ડર લીધો હતો કે તેમની પાસે શિવસેના ભૂતપૂર્વ મેયર અને સતત સાત ટર્મથી પણ વધુ સમય સુધી ચૂંટાયેલા શ્રધ્ધા જાધવ સહિત અનેક સિનિયર નગરસેવકો છે. ત્યારે તેમાંથી કોઈને પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે મંચ પર બેસાડવાને બદલે કમિશનરને કેમ બેસાડવામાં આવ્યા હતા?

સભાગૃહમાં વિરોધપક્ષે આ બાબતે નારાજગી વ્યક્ત કરતા ભૂષણ ગગરાણીએ સ્પષ્ટતા કરવી પડી હતી કે તાજેતરમાં રાજ્ય સરકારના ઠરાવ (જીઆર) હેઠળ કમિશનર નવા ચૂંટાયેલા નગરસેવકોની ખાસ બેઠકમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણીની અધ્યક્ષતા કરશે. ઠાકરેની શિવસેનાએ મેયર માટે ઉમેદવાર ઊભો રાખ્યો ન હોવાથી રિતુ તાવડેને બિનહરીફ મેયર તરીકે અને સંજય ઘાડીને ડેપ્યુટી મેયર તરીકે ઔપચારિક રીતે જાહેર કરવામાં આવ્યા હતા.

ડેપ્યુટી મેયરના નામની જાહેરાત કરવા અગાઉ સભાગૃહમાં શિવસેના (યુટીબી)ના નગરસેવકોએ 'પન્નાસ ખોખે એકદમ ઓકે' અને 'ચોર-ચાર'ના નારા સાથે શિંદે સેના અને ભાજપના આડે હાથ લીધા હતા અને સંજય ઘાડી પોતાનું ભાષણ શરૂ કરે તે પહેલા જ શિવસેના (યુબીટી)ના નગરસેવકોએ તેમના ભાષણના દસ્તાવેજો ફાડે નાંખ્યા હતા અને 'પન્નાસ ખોખે એકદમ ઓકે'નો નારો લગાવી નગરસેવકોએ સભાગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. સંયુક્ત શિવસેનામાં ભૂતપૂર્વ નગરસેવક સંજય ઘાડી પક્ષના વિભાજન બાદ શિંદેના નેતૃત્વની સેનામાં જોડાયા હતા અને તેનાથી રાજકીય તણાવ વધુ તીવ્ર જોવા મળ્યો હતો.

**મેયરને અભિનંદન આપવા ફડણવીસ-શિંદે પહોંચ્યા સભાગૃહમાં**

મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી સમયે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ પાલિકાના મુખ્યાલયમાં હાજરી પૂરાવી હતી. જોકે તેઓ સભાગૃહમાં રહેલી ગેલેરીમાંથી કામકાજ જોઈ રહ્યા હતા અને જ્યારે સત્તાવાર રીતે રીતુ તાવડે અને સંજય ઘાડીને મેયર અને ડેપ્યુટી મેયર જાહેર કરવામાં આવ્યા હતા ત્યારબાદ તેઓએ ગેલેરીમાંથી નીચે સભાગૃહમાં આવ્યા હતા અને શુભેચ્છા આપી હતી. આ અગાઉ ભાજપનો મેયર ૧૯૮૨-૮૩ની સાલમાં હતો, ત્યારબાદ વર્ષોથી ભાજપનું પાલિકામાં બહુમતી મેળવીને મેયર બનવાનું સપનું છેક બુધવારે પૂરું થયું હતું. તેથી ખાસ દેવેન્દ્ર ફડણવીસે આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા સભાગૃહમાં હાજરી પૂરાવી હતી.

**કૉંગ્રેસના નગરસેવકોની માસ્ક સાથે એન્ટ્રી**

મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી દરમ્યાન કૉંગ્રેસના નગરસેવકોએ સભાગૃહમાં માસ્ક પહેલીને પ્રવેશ કર્યો હતો. શહેરની હવાની ગુણવત્તા બગડી રહી હોવાના વિરોધ કર્યો હોવાનો તેમણે દાવો કર્યો હતો. કૉંગ્રેસના નગરસેવકો જ્યારે સભાગૃહમાં આવ્યા ત્યારે તેમને બેસવા માટે બેઠકો ખાલી નહોતી અને તેમને ખાસ્સો સમય ઊભા જ રહેવું પડ્યું હતું. તેને કારણે સભાગૃહમાં અંધાધૂંધીની સાથે જ જોરદાર સૂત્રોચ્ચાર થયા હતા. એ વચ્ચે પણ રીતુ તાવડેએ મેયર બન્યા બાદ પોતાનું ભાષણ ચાલુ રાખ્યું હતું.

**ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓ મારું પ્રથમ ટાર્ગેટ**

રિતુ તાવડેએ મૅયર પદ સ્વીકાર્યા બાદ જણાવ્યું તું કે 'વિકસિત મુંબઈ, સુરક્ષિત મુંબઈ'ના વચન સાથે મુંબઈનો વિકાસ કરશું, જેમાં મુંબઈગરાની પાણી, રસ્તા, શૌચાલયથી લઈને અનેક સમસ્યાઓ પર ધ્યાન આપવાની સાથે જ મુખ્યત્વે મુંબઈમાં ઠેકેઠેકાણે ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યા ઘૂસણખોરી કરી ગયા છે, તેમને દૂર કરવાની પ્રાથમિકતા રહેશે. રસ્તા પર તથા ફૂટપાથ પર આ લોકોએ અતિક્રમણ કરી મુક્યા છે. તેઓ સમગ્ર મુંબઈના રસ્તા અને ફૂટપાથ પર ફેરિયાઓના રૂપે અતિક્રમણ કરનારા બાંગ્લાદેશીઓને બહાર કાઢી મૂકવામાં આવે તેના પર ધ્યાન આપશે. ખાસ કરીને માનખુર્દ, ગોંવડી અને ચેમ્બુરમાં બાંગ્લાદેશીઓનું પ્રમાણ વધુ હોવાનું અને ગેરકાયદેસર રીતે તેઓ અહીં ફૂટપાથ પર વ્યવસાય કરતા હોવાનું જણાયું છે.આર્ટિફિશ્યિલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરીને જાહેર સ્થળોએ સુરક્ષા વધારવામાં આવશે. રસ્તા તથા ફૂટપાથને અતિક્રમણ મુક્ત કરવાની સાથે મુંબઈને બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓથી મુક્ત કરશું. તે માટે પોલીસ અને પાલિકા અધિકારીઓ સાથે સંયુક્ત બેઠક કરશે. ■

### અજિત પવારના

એરલાઇનને ભારતમાં ઉડ્ડયનની મંજૂરી કેમ આપવામાં આવી? શું પાઇલટ વ્યસની હતો? એવા સવાલ રોહિત પવારે ઉઠાવ્યા છે. રોહિત પવારે ઘટનાનો ખુલાસો કરતા ભાર મૂક્યો કે પૂર્વ વિદર્ભના એક નેતા સાથેની મુલાકાતને કારણે અજિત પવારનું પુણે જવા નીકળવામાં મોડું થયું હતું. એ નેતા એક ફાઇલ પર પવારની સહી પણ ઇચ્છતા હતા. આ ઘટનામાં વિલંબને કારણે અજિત પવારને હવાઈ મુસાફરી કરવી પડી હતી તે વાત પર ભાર મૂકીને રોહિત પવારે પૂર્વ વિદર્ભના 'તે' નેતાને આરોપીના પિંજરામાં ઊભા કરવાની કોશિશ કરી હતી.

રોહિત પવારના આરોપો અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે રોહિત પવારની વાત મેં સાંભળી નથી. તેમણે રજૂઆત કરી કેટલીક શંકા ઉભી કરી છે. અજિતદાદા એક વરિષ્ઠ નેતા હતા. તેમના અકસ્માતની તપાસની માગણી ખોટી નથી. સૌ પ્રથમ મેં કેન્દ્રને પત્ર લખીને તપાસની માંગણી કરી. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક તપાસ સમિતિની રચના કરી છે, પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલાં કશું કહેવું યોગ્ય નથી. ■

### પ્રણય ત્રિકોણનો

હેરફેરમાં સામેલ હોવાનું કહેવાય છે.

દરમિયાન આ પ્રણય ત્રિકોણનો અંત લાવવા શિફા મંગળવારની બપોરે તબસ્સુમને સમજાવવા તેના ઘરે ગઈ હતી. શિફા અને તબસ્સુમ વચ્ચેની વાતચીતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બન્ને વચ્ચે ઝઘડો થતાં રોષમાં આવી તબસ્સુમે ગોળીબાર કર્યો હોવાનું કહેવાય છે.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કલામ પાસે પહેલેથી દેશી બનાવટની પિસ્તોલ હતી. મામલો પતાવી નાખવા તેણે જ શિફા પર ગોળીબાર કરવા તબસ્સુમને પિસ્તોલ આપી હતી. ગુસ્સામાં તબસ્સુમે પણ શિફા તરફ પિસ્તોલ તાણી હતી અને એક રાઉન્ડ ફાયર કર્યું હતું.

ગોળી વાગતાં જ શિફા જમીન પર ફસડાઈ પડી હતી. કહેવાય છે કે બાદમાં આરોપી શિફાને ઊંચકી તેના ઘર નજીક છોડી આવ્યા હતા. રહેવાસીની નજર પડતાં તેને શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. ■

### આતંક ઊભો કરવાનો

દરમિયાન સામે આવેલી માહિતી પછી આરોપીઓ વિરુદ્ધ મુંબઈ પોલીસે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવવામાં આવ્યો હતો. પકડાયેલામાંથી અમુક આરોપી વિરુદ્ધ અગાઉ પણ ગંભીર ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું. પરિણામે તેમની વિરુદ્ધ કઠોર એમસીઓસીએ લગાવાયો હતો.

રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારના કેસમાં લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના શુભમ લોણકર સહિત અન્યોને ફરાર આરોપી દર્શાવાયા છે. શેટ્ટીના ઘર પર ગોળીબારનું કાવતરું શુભમે જ ઘડ્યું હોવાનું કહેવાય છે. શુભમ એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં પણ ફરાર મુખ્ય આરોપી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આરોપીઓની ૧૫ દિવસની કસ્ટડીની માગણી કરતી વખતે પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે પકડાયેલા આરોપી શુભમ લોણકરના સંપર્કમાં હતા. શુભમ અત્યારે ફરાર છે, જ્યારે તેના ભાઈ પ્રવીણ લોણકરની બાબા સિદ્દીકી હત્યા કેસમાં ધરપકડ કરાઈ હતી. પ્રવીણ અત્યારે અદાલતી કસ્ટડીમાં છે.

પોલીસે દાવો કર્યો હતો કે આરોપી પાસેથી જપ્ત કરાયેલું એક શસ્ત્ર જેલમાં બંધ પ્રવીણ લોણકરને ઇશારે પૂરું પડાયું હતું. આ ટોળકીનો ઇરાદો મુંબઈમાં આતંક ઊભો કરવાનો હતો.

જોકે બચાવ પક્ષના વકીલ સચિન ઝેલટે પાટીલ અને અજિંક્ય મિરગલે નવી રિમાન્ડ અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કસ્ટડી માટે કોઈ નવા ગ્રાઉન્ડ નથી અને માત્ર એમસીઓસીએ લાગુ કરવાથી પોલીસને કસ્ટડીનો અધિકાર મળતો નથી.

પ્રવીણ લોણકરે શસ્ત્ર સપ્લાય કર્યાના પોલીસના દાવા સામે બચાવ પક્ષના વકીલે જણાવ્યું હતું કે આ શક્ય જ નથી, કારણ કે પ્રવીણ લોણકર દોઢ વર્ષથી વધુ સમયથી ન્યાયિક કસ્ટડીમાં છે.

કોર્ટે નોંધ કરી હતી કે આ કેસ નાનો લાગે છે, પણ એ 'હિમશિલાની ટોચ' માત્ર છે. સચ્ચાઈ શોધી કાઢવા માટે તપાસ એજન્સીને તપાસ માટે પૂરતા સમયની જરૂર હોવાનું કહીને કોર્ટે આરોપીઓને પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ) ■

### 'અસ્સલ' મરાઠી ચહેરો

અગાઉ શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરે અને મનસે નેતા રાજ ઠાકરે દ્વારા ભાજપને મરાઠી મેયર બનાવવો નથી એવી સતત ટીકા થઈ રહી હતી, તેમાં પાછું મીરા-ભાયંદર મહાનગરપાલિકામાં ડિમ્પલ મહેતાને મેયર બનાવ્યા બાદ ભાજપ મુંબઈમાં પણ મરાઠી મેયર બનાવવા માગતી નથી એવો દાવો મનસે અને શિવસેના (યુબીટી) દાવો કરી રહી હતી ત્યારે બુધવારે રિતુ તાવડે મેયર પદ ગ્રહણ કર્યા બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મિડિયા પર અસ્સલ મરાઠી ચહેરો આપ્યો હોવાનું ટિવટ કરીને સૌ કોઈનું ધ્યાન દોર્યું હતું.

આ દરમ્યાન બુધવારે પાલિકા મુખ્યાલયમાં મેયર અને ડેપ્યુટી મેયરને અભિનંદ આપ્યા બાદ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મીડિયા સાથે વાતચીત કરી હતી. એ દરમ્યાન મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મુંબઈને હિંદુ અને મરાઠી મેયર મળશે એવું વચન આપ્યું હતું તે પૂરું કર્યું છે. રિતુ તાડવેના રૂપમાં મુંબઈને અસ્સલ મરાઠી ચહેરો મળ્યો છે. તો ડેપ્યુટી મેયર સંજય ઘાડીના અનુભવનો ફાયદો કામકાજમાં મદદરૂપ થશે. હિંદુહૃદયસમ્રાટ બાળ ઠાકરેની જન્મશતાબ્દી નિમિત્તે આ સરકાર અપેક્ષિત કામ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતાના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે અને તે વિકાસને સામાન્ય મુંબઈગરા સુધી પહોંચાડવાનું કામ મુંબઈના મેયર અને ડેપ્યુટી મેયર કરશે. ■

### હું ગુજરાતીઓના

વિકાસમાં સહભાગ છે. હું પોતે મરાઠી હોવા છતાં ઘાટકોપરના વોર્ડ નંબર ૧૩૨ કે જ્યાં ગુજરાતીઓની બહુમતી છે તે વિસ્તારમાંથી નગરસેવિકા તરીકે ચૂંટાઈ આવી છું. ગુજરાતીઓએ હું મરાઠી હોવા છતાં મારા પર વિશ્વાસ રાખીને મને બહુમતીએ ચૂંટી કાઢી છે. ■

### બારમાની પરીક્ષામાં

જોઈને ચોંકી ગયા. છત્રપતિ સંભાજી નગરમાં બારમા ધોરણના પહેલા જ પેપર માટે પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવીની સામે ખુલ્લેઆમ સામૂહિક નકલ કરવામાં આવી રહી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ કેસમાં ૧૯ કર્મચારીઓને સસ્પેન્ડ કરી ફોજદારી કેસ પણ દાખલ કરવામાં આવશે. તપાસ બાદ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રના તમામ વિદ્યાર્થીના આન્સર પેપર જપ્ત કરવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાનું નિરીક્ષણ કરતા સુપરવાઇઝરોએ અન્ય શિક્ષકો અને કર્મચારીઓ સાથે મળીને ઉમેદવારોને અંગ્રેજી પેપરના પ્રશ્નોના જવાબો પૂરા પાડ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘણા વિદ્યાર્થીઓ એક જ બેન્ચ પર બેસીને સામૂહિક રીતે જવાબ લખી રહ્યા હતા. ■

## જૈન મરણ

**ક. દ. ઓ. જૈન**

ગં. સ્વ. ગંગાબાઇ રામજી લોડાયા ગામ સાંધવ હાલ મુલુંડના પુત્રવધુ. ગં. સ્વ. મણીબાઇ ત્રિકમજી દંડ (ગામ બાયઠ, હાલ શેવગાંવ)ના દીકરી. દિનેશ લોડાયાના ધર્મપત્ની. ચેતન, અ. સૌ. પલ્લવીબેન ધીરેન ખોના, અ. સૌ. કાશ્મીરાબેન પૂનમ દંડ (જૈન) ના માતુશ્રી. અ. સૌ. અલ્પાના સાસુજી અ. સૌ. કલ્પનાબેન (કલા) દિનેશ લોડાયા (ઉં. વ. ૭૧) ગામ સાંધવ હાલ મુલુંડ, તા. ૧૦-૨-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૨-૨૬ના બપોરે ૪થી ૫.૩૦. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મધુકાન્તા પ્રતાપરાય વ્રજલાલ દોશી (ભાભા)ના પુત્ર મનીષ (ઉં.વ.૫૬) તા. ૧૦-૨-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે કિન્નરીના પતિ. જૈનમ, ધ્રુવિલ, ખુશીના પિતા. સ્વ. દક્ષાબેન જીતેન્દ્રકુમાર, દિયોરા, અતુલ, કમલેશના ભાઇ. લતાબેન તથા રીટાબેનના દિયર. દિનકરભાઇ ઉકાલાલ શાહ (કોળિયાક)ના જમાઇ. કૃતિ તથા પૂર્વીના બનેવી. મોસાળ પક્ષે મનસુખલાલ મોહનલાલ ધ્રુવ (અમરેલી)ના ભાણેજ. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હીંગવાલા લેન, ઉપાશ્રય રોડ, ઘાટકોપર (પૂર્વ). સમય તા. ૧૩-૨-૨૬ શુક્રવારના સવારે ૧૦થી ૧૨.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના શશીકાંત નેણશી ગંગર (ઉં.વ. ૬૪) તા. ૯-૨-૨૬નાં અવસાન પામેલ છે. નિર્મળાબેન નેણશી ગંગરના સુપુત્ર. કાલીંદીના પતિ. નિકુંજ, કેતકી, ફોરમના પિતા. હસમુખ, રસિક, જ્યોત્સનાના ભાઇ. ધ્રાંગધ્રાના નિર્મળાબેન મોહનલાલ ગાંધીના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રાવક સંઘ સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.), સમય : ૨ થી ૩.૩૦.

મોટા આસંબીયાના શા પોપટલાલ કોરશી ગાલા (ઉં.વ. ૮૮) ૯-૨-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી મકાબાઇ કોરશી ખેતશી ગાલાના પુત્ર. પ્રભા (ચંપા)બેનના પતિ. સ્વ. નિતા, પ્રીતી, દિપકના પિતાજી. હેમરાજ, ડુંગરશી, શાંતીલાલ, જેન્તીલાલ, પાનબાઇ, કસ્તુરબાઇ, હીરબાઇ, વેજબાઇના ભાઇ. સાકરબેન શામજી વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રાજેશ મારૂ, ૨૦૧, પિતૃ આશીષ બિલ્ડીંગ, આચોલે રોડ, મજેઠીયા પાર્ક, દ્વારકા હોટલની બાજુમાં, નાલાસોપારા (ઇસ્ટ).

મોટા રતડીયાના મુલજી જેઠાભાઇ ગોસર (મંગલભાઇ) (ઉં.વ. ૯૪) તા. ૧૦-૨-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. ખેતબાઇ જેઠાભાઇના સુપુત્ર. સ્વ. સુશીલાના પતિ. બિદડાના લક્ષ્મીબેન ચંપકલાલના જમાઇ. સુજાતા, કીર્તીના પિતા. ભવાનજી, દેવરાજ, હીરજી, ગુલાબચંદ, ના. રતડીયાના લક્ષ્મીબેન રાયશી, ઉનડોઠના કેસરબેન મોતીલાલ, ધનવંતી ખુશાલ, શેરડીના કાંતાબેન કેશવજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુલજી ગોસર, ૩૦૧, શારવીલ કોર્ટ, આદર્શ દુગ્ધાલય, મલાડ (વે.).

ગેલડાના હીરબાઇ શામજી દેવજીના પુત્રી કંચનના પતિ ઓમ પ્રકાશ હરીરામ સહાની (ઉં.વ. ૮૧) ગામ જમ્મુ-કાશ્મીર તા. ૯/૨/૨૬ના મુંબઇમાં અવસાન પામેલ છે. સોનલ રાજીવ, સ્વ. સોહિલના પિતાજી. પ્રાર્થના રાખેલ નથી. નિ. કંચન સહાની, ફ/૩૦૪, શાન્તી એપાર્ટમેન્ટ, મથુરાદાસ એક્સ્ટે. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વવાણિયા-મોરબી નિવાસી હાલ મલાડ, સ્વ. જયમતીબેન નૌતમલાલ મોહનલાલ દેસાઈના જ્યેષ્ઠ સુપુત્ર નીતિનભાઈ (ઉં.વ. ૭૪) તા. ૯-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. જે મીનાબેનના પતિ. રાજેશ-હર્ષા, અનિતા કિરીટભાઈ શાહના ભાઈ. ચિરાગ-મીનલ, નેહા ઋષિકેશ વિરુડિયાના પિતાશ્રી. અમરાપુર નિવાસી સ્વ. પુષ્પાબેન બાબુલાલ દેસાઈના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું જૈન**

મુળ વતન કંથરાવી હાલ મલાડ, કનુભાઈ ચંદુલાલ શાહ (ઉં.વ. ૮૯) સોમવાર, તા. ૯/૨/૨૬ને અરિહંતશરણ પામેલ છે. સ્વ. લલીતાબેનના પતિ. કેતનભાઈ, સ્વ. અશ્વિનભાઇ, ઉષાબેન, વિપુલાબેનના પિતાશ્રી. રીનાબેન, તૃપ્તિબેન, અતુલકુમાર, બિંદેશકુમારના સસરા. સ્વ. અનંતભાઇ, અરવિંદભાઈ, સ્વ. નટવરભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ચંદ્રિકાબેન (બચીબેન)ના મોટાભાઈ. બાબુલાલ અંબાલાલ શાહ (લણવા)ના સાળા. સસરાપક્ષઃ સ્વ. અમરતલાલ કસ્તુરચંદ શાહ (પાંચોટ)ના જમાઈ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**નવસારી વિશા પોરવાળ જૈન**

અષ્ટગામ નવસારી નિવાસી, હાલ અંધેરી, સ્વ. ચંદનબેન તથા સ્વ. [illegible] શાહના સુપુત્ર સુરેશભાઈ (ઉ.વ. ૮૦) બુધવાર, તા. ૧૧-૨-૨૦૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કોકિલાબેનના પતિ. જીતલ તથા તેજસના પિતા. પરાગ તથા [illegible]ના સસરા. પ્રવિણચંદ્ર, સુમનભાઈ, બિપીનભાઈ તથા નીલાબેન [illegible] શાહના ભાઈ. [illegible] શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

### એ અકસ્માત નહોતો

ચોંકાવનારા દાવા કર્યા હતા. તેમણે વિમાન કંપનીના માલિક પર પણ સવાલ ઉઠાવી કંપનીના મેનેજમેન્ટ પર શંકા વ્યક્ત કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સની દેશભરમાં ચર્ચા થઈ રહી છે એવા સમયે અજિત પવાર સાથે અકસ્માતમાં મૃત્યુ પામેલી પિંકી માળીના પિતાએ પણ કહ્યું છે કે તે અકસ્માત નહીં પણ કાવતરું હતું. પિંકી માળી અગાઉ અજિતદાદા સાથે કાળા અને ભૂખરા રંગના વિમાનમાં ચાર વખત મુસાફરી કરી ચૂકી છે. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે અકસ્માતના દિવસે તેમને સફેદ વિમાન કેમ આપવામાં આવ્યું. ટ્રાફિક સમાન કારણે પાયલટ ગંતવ્ય સ્થાને પહોંચી શક્યો ન હોવાના દાવાને નકારી પિંકી માલીના પિતાએ સવાલ કર્યો હતો કે 'મુંબઈના કયા ભાગમાં સવારે છ વાગ્યે ટ્રાફિક હોય છે?' પિંકી માળીના પરિવારને હજુ સુધી કોઈ વળતર નથી આપવામાં આવ્યું. શિવકુમાર માળીએ એવો પણ દાવો કર્યો છે કે અજિત પવારનું વિમાન બદલવામાં આવ્યું હતું. ■

## હિન્દુ મરણ

ગામ સિમર/દહિસર, વિમળાબેન નર્મદાશંકર રાજ્યગોર (ઉં.વ. ૯૫) તે સ્વ. ધનસુખલાલ નર્મદાશંકર રાજ્યગોરના માતુશ્રી. મંજુલાબેન બાબુલાલ ઓઝા, ભાનુબેન કનૈયાલાલ ઓઝા, રશ્મિબેન અશ્વિનકુમાર ઓઝા, જયશ્રીબેન વિજયકુમાર ઓઝાના માતુશ્રી. જસવંતીબેન ધનસુખલાલ રાજ્યગોરના સાસુ. પ્રણવ ધનસુખલાલ, જાનકી નિલેશના દાદી. મેઘના પ્રણવના દાદીસાસુ તા. ૯/૨/૨૬ મંગળવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૧૨/૨/૨૬ ગુરુવારના રોજ ૫:૦૦ થી ૭:૦૦. સ્થાનઃ ડાયમોડા, (બી.એ. પી.એસ), સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની બાજુમાં, દહિસર ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ રાજકોટ હાલ ઘાટકોપર સ્વ. કૃષ્ણકુમાર મૂલચંદ નાગ્રેચા (ઉં. વ. ૮૧) તે રંજનલાલના પતિ. તે કવિતા તથા રચનાના પિતા. તુષારકુમાર શાહના સસરાજી. ક્રિશાના નાના. સ્વ. રમણીકલાલ, સ્વ. જયંતીલાલ તથા સ્વ. મંજુલાબેન, સ્વ. હંસાબેન, સ્વ. મૃદુલાબેનના ભાઇ. તથા સ્વ. કાંતાબેન કરસનદાસ મોદીના જમાઇ તા. ૧૦-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ઠે. ઘાટકોપર (પૂર્વ) લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સરલાબેન મનહરલાલ કડકીયા (મલમ) (ઉં. વ. ૯૧) તે મનહરલાલ ચુનીલાલ કડકીયાના ધર્મપત્ની. નિમિષભાઇ, આશિષભાઇ, હર્ષિલભાઇ તથા હીનાબેનના માતુશ્રી. અસિતકુમાર, સ્મૃતિબેન, વિનિશાબેનના સાસુ. ચિ. બિનોય, કુણાલ, નિશ તથા અદિતિ વિધી, આશનિ, રાધી અને ત્રિશાના દાદી. સ્વ. ચંદનબેન અને મણિલાલ ચંદુલાલ પરીખ (અઘોળી)ના સુપુત્રી મંગળવાર, તા. ૧૦-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૨-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર સમાજ હોલ, ફ્રેંચ બ્રીજ, ઓપેરા હાઉસ-મુંબઇ-૭. બારમા અને તેરમાની તથા લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

**કપોળ વૈષ્ણવ**

અમરેલીવાળા હાલ મુંબઇ સ્વ. મંજુલાબેન બાબુલાલ પારેખના સુપુત્ર યોગેશના ધર્મપત્ની સ્વ. ફાલ્ગુની (ઉં. વ. ૫૦) રવિવાર ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના શ્રીચરણ પામ્યા છે. તે શિવાંશના માતા. ઉષાબેન હરેશકુમાર લહેરૂના પુત્રી. હેમાંગ અને ખુશ્બુ રવિકુમારના બહેન. રાજુલબેન, છાયાબેન-પરેશકુમાર, નયનાબેન-તારકકુમાર, અલકાબેન-તુષારકુમાર, તૃપ્તિબેનના ભાભી. પ્રાર્થનાસભા ૧૨ ફેબ્રુઆરી સાંજે ૫થી ૭. ઠે. એસ.એન.ડી.ટી. કોલેજ, ૩૩૮ આર.એ. કિડવાઇ રોડ, માટુંગા (પૂર્વ). લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

મૂળગામ કટારીયાના હાલ વાશી અ. નિ. પ્રેમજી મગનલાલ નાથાણી (ઉં.વ.૭૭) તા. ૧૦-૨-૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. ભાવેશ, ઉષા, રીટા તથા વૈશાલીના પિતા. મનજીભાઇ ટોકરશીભાઇ (સિહોરી) વાલાના જમાઇ. રમણીકભાઇ તથા નિર્મળાબેનના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૨-૨૬ના સાંજે ૩.૩૦થી ૫. ઠે. મેવાડ ભુવન, એમ.જી. કોમ્પ્લેક્સ, સેકટર નંબર-૧૪, વાશી-નવી મુંબઇ.

**વરિયા પ્રજાપતિ**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર વજુભાઇ વિઠ્ઠલદાસ સનુરાના ધર્મપત્ની અ. સૌ. વીણાબેન (ઉં.વ. ૬૯) તા. ૯-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. મેઘજીભાઇ રાઘવભાઇ લાઠીયાના સુપુત્રી. પરાગ-હિતેનના માતુશ્રી. ભાવના-મીનાના સાસુ. શ્રુતિકા, માનવ, વંદનના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૨-૨-૨૬ના ગુરુવાર ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદીર, ૯૦ ફીટ રોડ, લંવેડર બાગની બાજુમાં, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મોટા આસરણાવાળા (હાલ વિલેપાર્લે) સ્વ. સુશીલાબેન ભગવાનદાસ સંઘવીના સુપુત્ર અનિલ (ઉં. વ. ૭૬) તે નયનાબહેનના પતિ. પ્રતીક-ઉષ્મા તથા ભાવિક-વૈદેહીના પિતા. મૃદુલા ધીરજ વોરા, જયશ્રી શૈલેન પારેખ, ભરત-પ્રવીણા, કેતન-સ્વ. હિના તથા હિમાંશુ-ડોલીના ભાઇ. ખિયાંશ, અર્નવ, મેહાન, જિયા અને રાજવીરના દાદા-નાના. સ્વ. પુષ્પાબહેન ભવાનીદાસ મહેતાના જમાઇ. ઉર્વી હિતેન, સિદ્ધાર્થ-માનસી, જય-હેતલ અને અમી વિવેકના મોટા પપ્પા તા. ૧૧-૨-૨૬ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ માળીયા હાટીના હાલ વસઈ, સ્વ. લક્ષ્મીદાસ વલ્લભજી કારિયા તથા સ્વ. લીલાવતીબેન કારિયાના પુત્ર જયેશ લક્ષ્મીદાસ કારિયા (ઉં.વ. [illegible]) [illegible] પ્રાર્થનાસભા [illegible] શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૩જે માળે, એસ. વી રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી પશ્ચિમ.

**વિશા સોરઠીયા વણિક**

હાથલવાળા હાલ ભાયંદર, ચંદ્રકાંત વસનજી શાહ (ઉ.વ. [illegible]) તા. ૯/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વસનજી રવજી શાહના પુત્ર. [illegible] શાહના જમાઈ. સ્વ. ભારતીબેનના પતિ. મોના અમિત મહેતા, તમન્ના અનિલ શાહ, ચાંદની દેવેન [illegible]ના પિતા. સ્વ. કાંતિભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. [illegible], સ્વ. [illegible], કિરીટભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. ગુલાબબેન તથા નયનાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયા વાળા હાલ કાંદિવલી, દિનેશભાઇ (ઉ.વ. ૭૫) તે સ્વ. કાંતાબેનના પતિ. સ્વ. ગોમતીબેન તથા સ્વ. ગોકલદાસ (બાબુભાઇ) વૃજલાલ ગાંધી (બદિયાણી)ના પુત્ર. અમી, પ્રશાંત, જુલી [illegible]ના પિતા. [illegible] ગં.સ્વ. સુશીલાબેન તથા સ્વ. [illegible]ના જમાઈ. ૧૦/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૨/૨/૨૬ના ૪ થી ૬. પાવનધામ મહાવીર નગર, એમ સી એ ક્લબ પાસે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી હાલ વિલેપાર્લે, અ.સૌ. નયનાબેન ચંદ્રેશભાઇ ધાબલીયા (ઉ.વ. ૬૩) તે સ્વ. હિરલક્ષ્મીબેન હિંમતભાઇ ધાબલીયાના પુત્રવધૂ. વિવેક-જીગરના માતુશ્રી. નયનાબેન માલવિયા તથા અનિતાબેન જનાણીના ભાભી. અમીબેન- રાજેશભાઈ મનહરલાલ વખારિયાના મોટાબેન. ઇલાબેન બિપીનભાઈ ઘીયા તથા કલ્પનાબેન ચિંતનભાઈ જોષીના વેવાણ. તા.૬/૨/૨૬ના ચેન્નાઇ મધ્યે શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨/૨/૨૬ના ૫ થી ૭. પહેલે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઊના નિવાસી, હાલ ઘનસોલી નવી મુંબઈ, વત્સલાબેન (સુખડિયા) શાહ (ઉ.વ. ૬૭) તા. ૧૦/૨/૨૬ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પુરષોત્તમભાઈના ધર્મપત્ની. વૃજલાલ સવચંદ સુખડિયાના પુત્રવધૂ. જગતકાંતભાઈ (કાનુભાઈ) તથા શાંતુભાઈના ભાઈનાપત્ની. જસવંતિબેન દ્વારકાદાસ મોદી તથા રસીલાબેન મનહરલાલ કોઠારીના ભાભી. સામતેર નિવાસી ભાનુમતીબેન કાંતિલાલ શાહ (ફોજદાર)ના દિકરી. રાજુભાઈ અને સ્વ. હિતેશભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૧૨/૨/૨૬ને ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬.૦૦. સ્વામિનારાયણ મંદિર હૉલ, સેક્ટર ૨૯, વાશી, નવી મુંબઈ.

**હાલાઈ લોહાણા**

સલાયા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. ઇન્દુબેન મોહનલાલ બદિયાની (ઉ.વ. ૮૯) તે સ્વ. મોહનભાઈ બદિયાનીના પત્ની. સ્વ. મણીબેન લક્ષ્મીદાસ સુતરિયાના પુત્રી. ક્ષિતિજ અને કૌશિકના માતા. નીના અને તેજલના સાસુ તથા યશ અને નભ્યના દાદી. તે શોભનાબેન શાંતિલાલ શિંગાળા અને પ્રીતિબેન જગદીશભાઈ વસંતના વેવાણ. તા. ૧૧-૨-૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૨-૨૬ના ૧૦.૦૦ થી ૧૧.૩૦. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. દમયંતીબેન (ઉ.વ. ૮૬) તે સ્વ. પ્રાણલાલ અમૃતલાલ રવાણીના ધર્મપત્ની તા. ૧૧/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નિલેશભાઇ, જીતેશભાઇ, ગં.સ્વ. રીટાબેન ઉદયકુમાર રાચ્છના માતુશ્રી. સાવરકુંડલાવાળા સ્વ. શાંતાબેન [illegible] પ્રાર્થનાસભા [illegible] કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા (હુબલીવાળા) હાલ પુણે, સ્વ. મંગળાબહેન મનસુખલાલ વલ્લભદાસ મહેતાનાં નાના પુત્રવધૂ તથા સ્વ. ઉદયભાઇનાં ધર્મપત્ની નયનાબહેન (ઉ.વ. ૭૧) તા. ૫-૨-૨૬, ગુરુવારનાં શ્રીજીચરણ પામ્યા છે. તે કવિતા તથા હાર્દિકનાં માતુશ્રી. [illegible] પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ધ્રોલ, હાલ મુંબઈ, તે હેમરાજ ડુંગરશી રાયચુરા [illegible] ૧૦-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૨-૨૬ના સાંજે ૫.૩૦ થી ૭.૦૦. બાલાશ્રમ, મથુરદાસ રોડ એક્સ્ટેન્શન, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

હોશેદાર ડોસાભાઇ ગોધા (ઉ. વ. ૮૩) તા. ૧૦-૨-૨૬ના ગુજરી ગયા. તે શેહરનાઝના પતિ. મરહૂમ ડોસાભાઇ પિરોજશા અને મરહૂમ નરગિસ ગોધાના દીકરા. તે મિનોચેર, નાઝનીનના પિતા. તે માર્કના સસરા. તે કાર્લ, કરેનના ગ્રાન્ડફાધર.ઉઠમણું તા. ૧૨-૨-૨૬ના. ઠે. ફ્લેટ નં-૧૦૧/૧૦૨, બિલ્ડિંગ ૫બી, સાલસેટ પારસી કોલોની, ઓફ્ફ જીજામાતા રોડ, પમ્પ હાઉસ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૯૩.

દારા જાહાંગીર ભરૂચા તે મરહુમો બચા જાહાંગીર ભરૂચાના દીકરા. તે મરહુમ બજીના ભાઇ. તે નોઝર કેકી કરારીયાના નેવ્યુ. તે તેહમીના દેર. તે મરહુમો બજી ને કેકીના કઝીન. (ઉ. વ. ૯૦) રે. ઠે. પી-૩૧, ખુશરુ બાગ, સ. ભ. સિંગ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારી કોલાબા.

રોશન જમશેદ ઝાબવાલા તે મરહુમો બાનુ જમશેદ ઝાબવાલાના દીકરી. તે ફિરુઝાના બહેન. તે પરસીના સાલી. તે ઝેન્દ ને ઝીનીયાના માસી. (ઉ. વ. ૭૦) રે. ઠે. ૧૬, એલાવીયા બિલ્ડિંગ, ત્રીજે માળે, બી-વિંગ, મોરી રોડ, માહીમ મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૨-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે બનાજી લીમજી અગિયારીમાં.

ડોલી ફિરોઝ રેદીમની તે મરહુમો ફિરોઝ હીરાજી રેદીમનીના ધનીયાની. તે મરહુમો કેતાયુન એરચ કોતવાલના દીકરી. તે કેરસી, યઝદી, યાસમીનના માતાજી. તે ખુરશીદ ને યાસમીનના સાસુજી. તે બહેરામ ને મરહુમ અસપીના બહેન. તે હોરમઝના મમઇજી. (ઉ. વ. ૯૪) રે. ઠે. એફ-૭, ભરુચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વે), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા તા. ૧૨-૨-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં.

**ઉદવાડા**

જેમી કાવસજી પૂનાવાલા (ઉ. વ. ૭૮) તે મરહુમ ડોલીના ધણી. તે મરહુમો નાજામાય તેમ જ કાવસજી પૂનાવાલાના દીકરા. દિલબર પરસીના પપ્પા. મરહુમો દારા, બાનુ, ખોરશેદ બેરામ ઇરાનીના ભાઇ. પરસી મિસ્ત્રીના સસરા. તનાઇશા, ડાયનાના મમાવાજી ગુજર પામ્યા. તા. ૮-ફેબ્રુઆરી - ૨૦૨૬. ઠે. એલ-૧૪, ગોદરેજ બાગ, પહેલો માળ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬.

### રૂ. ૫૦ કરોડનું

તેની એરલાઇનના દરેક પાઇલટનો ૫૦ કરોડ રૂપિયાનો વીમો કરાવ્યો હતો. તેમણે ટ્વિટમાં એમ પણ કહ્યું કે આ માહિતી વિશ્વસનીય સૂત્રો દ્વારા આપવામાં આવી હતી. હવે આ બધી ઘટનાઓ પછી, શું આ અકસ્માત ૫૦ કરોડ રૂપિયાના વીમાના પૈસા માટે થયો હતો? એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ




## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## સંતાનોની પરીક્ષાઓ વખતે તમે પત્ની જેટલું ટેન્શન લો છો ખરા?







ડ્રોઈંગ રૂમમાં સોફા પર બેસીને છાપું વાંચતા કે મોબાઈલ સ્ક્રોલ કરતા પિતા માટે સંતાનોની પરીક્ષા એટલે કદાચ માત્ર એક કેલેન્ડરની તારીખ હોઈ શકે, પણ રસોડામાં ગેસના ચૂલા પાસે ઊભેલી માતા માટે એ એક યુદ્ધની તૈયારી જેવું હોય છે. સામાન્ય રીતે મધ્યમવર્ગીય પરિવારોમાં એક વણલખ્યો નિયમ બની ગયો છે કે સંતાનોની ફી ભરવાની જવાબદારી પિતાની અને તેમને ભણાવવાની, જમાડવાની કે પરીક્ષાના ટેન્શનમાં સહભાગી થવાની જવાબદારી માતાની. જોકે વિચારવા જેવી વાત એ છે કે શું માત્ર આર્થિક જોગવાઈ કરી દેવાથી પિતાની જવાબદારી પૂરી થઈ જાય છે? શું પિતા તરીકે આપણું કામ માત્ર 'એટીએમ' કાર્ડ બનીને રહેવાનું છે? વાસ્તવિકતા એ છે કે જ્યારે સંતાનની પરીક્ષા આવે છે ત્યારે ઘરનું વાતાવરણ બદલાઈ જતું હોય છે, પણ એ બદલાયેલા વાતાવરણની સૌથી વધુ અસર સ્ત્રીના ફાળે જ કેમ આવે છે? પત્ની સવારના પાંચ વાગ્યે ઊઠીને બાળકને જગાડે, એના માટે બદામનું દૂધ તૈયાર કરે, એના રિવિઝનમાં મદદ કરે અને બાળક જ્યારે પરીક્ષા આપીને પાછું આવે ત્યારે એના ચહેરાના હાવભાવ પરથી એનું પેપર કેવું ગયું હશે એ પારખવાની મથામણ પણ એ જ કરે. આ આખી પ્રક્રિયામાં પિતા ક્યાંક ને ક્યાંક પ્રેક્ષકની ભૂમિકામાં આવી જાય છે. ઘણીવાર પિતાઓ એવું કહેતા સંભળાય છે કે 'હું આખો દિવસ ઓફિસે કામ કરીને થાકીને આવું છું, હવે ઘરે આવીને પણ મારે આ બધું જોવાનું?' આ એક બહુ મોટો ભ્રમ છે. ઓફિસનું કામ ચોક્કસ થકવી નાખતું હોય છે, પણ સંતાન એ માત્ર પત્નીની જવાબદારી નથી, એ એક સંયુક્ત પ્રોજેક્ટ છે , જેમાં બંનેની સમાન ભાગીદારી અનિવાર્ય છે. જ્યારે તમે ઓફિસથી ઘરે આવો છો ત્યારે બાળકને એમ નથી જોઈતું કે તમે એને ગણિતના દાખલા ગણાવો, પણ એને એ જરૂર જોઈએ છે કે તમે એની બાજુમાં બેસો, એના ખભે હાથ મૂકો અને પૂછો કે 'બેટા, આજે કયો વિષય વાંચ્યો? કંઈ તકલીફ તો નથી ને?' પત્ની જ્યારે બાળકના ખોરાકનું ધ્યાન રાખતી હોય, એને સમયસર ઊંઘાડવાની કોશિશ કરતી હોય ત્યારે પિતાએ માત્ર હુકમ કરવાને બદલે એ પ્રક્રિયામાં સામેલ થવું જોઈએ. જો પત્ની રસોડામાં બાળકની પસંદગીનું જમવાનું બનાવતી હોય જેથી પરીક્ષાના સમયે એનું મન પ્રફુલ્લિત રહે તો પિતા તરીકે તમારે એ જોવું જોઈએ કે ઘરમાં ટીવીનો અવાજ ધીમો રહે અથવા મહેમાનોની અવરજવર મર્યાદિત થાય. ટેન્શન લેવાનો અર્થ એ નથી કે તમે પણ ફાળ ફાળ થવા માંડો, પણ ટેન્શન લેવાનો અર્થ એ છે કે તમે એ પરિસ્થિતિ પ્રત્યે સંવેદનશીલ બનો.

સંતાનો જ્યારે મોટાં થાય છે ત્યારે એમને એ યાદ નથી રહેતું કે પિતાએ કેટલી ફી ભરી હતી, પણ એમને એ ચોક્કસ યાદ રહે છે કે જ્યારે એ રાત્રે મોડે સુધી જાગીને વાંચતા હતા ત્યારે પિતાએ જાગીને પાણીનો ગ્લાસ આપ્યો હતો કે નહીં. પરીક્ષાના દિવસોમાં પત્ની પર કામનું ભારણ બમણું થઈ જતું હોય છે. એકબાજુ ઘરની જવાબદારી અને બીજી બાજુ બાળકના કરિયરની ચિંતા. આવા સમયે પિતા જો મૌન ધારણ કરી લે અથવા એમ કહી દે કે 'બધું તું સંભાળી લેજે', તો એ પત્ની સાથે અન્યાય છે. પિતા તરીકે તમારે બાળકના અભ્યાસક્રમમાં ઊંડા ઊતરવાની જરૂર નથી, પણ એના મનોબળને મજબૂત કરવાની જવાબદારી તમારી છે. તમારી હાજરી જ બાળકમાં એક આત્મવિશ્વાસ ભરે છે. પત્ની કદાચ બાળકની શારીરિક અને શૈક્ષણિક જરૂરિયાતો પૂરી કરતી હશે, પણ માનસિક ટેકો આપવાનું કામ પિતાનું છે. ફી ભરીને તમે તમારું કર્તવ્ય પૂરું નથી કર્યું, પણ તમે એક માર્ગ મોકળો કર્યો છે,જે માર્ગ પર ચાલતી વખતે બાળક જ્યારે લથડાય ત્યારે પત્નીની સાથે તમારે પણ એનો હાથ પકડવો પડશે.

આપણે ત્યાં પુરુષો ઘણીવાર પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં પાછા પડતા હોય છે, પણ સંતાનની પરીક્ષા વખતે તમારી પત્ની જે સ્તરે ચિંતિત હોય છે, તે સ્તરે તમારે પણ ઊતરવું પડશે. જો પત્ની બાળકના ડાયેટ ચાર્ટ વિશે વિચારી રહી હોય તો તમારે બાળકના રિલેક્સેશન વિશે વિચારવું જોઈએ. સાથે મળીને વોક પર જવું, થોડી હળવી વાતો કરવી કે પરીક્ષાના ડરને દૂર કરવો એ પિતાની નૈતિક ફરજ છે. યાદ રાખજો, જે ઘરમાં પિતા સંતાનોના અભ્યાસમાં સક્રિય રસ લે છે ત્યાં બાળકો વધુ પ્રગતિ કરે છે, કારણ કે એમને લાગે છે કે એમની પાછળ આખી ટીમ ઊભી છે, માત્ર એક સંઘર્ષ કરતી માતા નહીં. એટલે હવે જ્યારે પણ સંતાનની પરીક્ષા આવે ત્યારે માત્ર 'ઓલ ધ બેસ્ટ' કહીને છૂટી ન પડતા, પણ પત્નીની પડખે ઊભા રહીને એના કામમાં મદદ કરજો અને બાળકના આ સંઘર્ષમાં ખભેખભા મિલાવીને ચાલજો. જવાબદારી વહેંચવાથી ભાર ઓછો થાય છે અને પરિણામ વધુ મીઠું આવે છે. ■

## પરણ્યા બાદ પત્ની મિત્રો સાથે સંપર્ક ઓછો કેમ કરી દે છે?

*ડિયર હની,*

કેટલા પતિઓને એમની પત્નીઓના મિત્રોનાં નામ યાદ હોય છે? કેટલા પતિઓને કે સાસરિયાઓને પત્ની કે વહુ એમના જૂના મિત્રોને મળતા રહે એ ગમે છે? સાચું કહું તો આવા પ્રશ્નો પતિઓએ અને સાસરિયાઓએ ખુદને પૂછવા જોઈએ. અને પૂછે તો શું જવાબ મળે? આ પ્રયોગ કરવા જેવો છે.

આજે આ મુદો તારી સાથે ચર્ચવાનું એટલે નક્કી કર્યું કે, મોટાભાગે પરણ્યા બાદ પત્નીઓ કે વહુઓ એમના જૂના મિત્રો સાથે હળવા-મળવાનું ઓછું કરી દે છે. સંપર્ક ઘટતો જાય છે. આવું કેમ બને છે એવું તેં કે ઘરના સભ્યોએ ક્યારેય વિચાર્યું છે ખરું ? મને બરાબર યાદ છે કે, એકવાર આ મુદે આપણે ચર્ચા કરી હતી અને એમ કહ્યું હતું કે, તું તારા જૂના મિત્રોને એકવાર ભેગા કર. શાળા -કોલેજમાં રિયુનિયન થાય છે એવું કૈક કરો અને એમાં મારી કોઈ મદદ જોઈતી હશે તો હું તૈયાર છે. તે કહ્યું' તું, કરીશું. પણ ખબર નહિ પછી કાઈ એવું નહિ થયું. તારી એકાદ બે મિત્રને હું જાણું છું. એમના નામની ખબર છે. એકાદ બે વાર મળ્યા હોઈશું. પણ એવો સંપર્ક રહ્યો નથી. આવું કેમ?

શું કારણો હશે આવું બનવા પાછળ? કેટલાંક કારણો આવા હોય શકે છે, લગ્ન પછી સ્ત્રીના માથે અચાનક નવી જવાબદારીઓ આવી જાય છે. ઘરકામ, ઓફિસ, સાસુ-સસરાની સંભાળ અને પતિ સાથે સમય વિતાવવાની પ્રાથમિકતામાં 'મી-ટાઇમ ' (પોતાનો સમય) ઓછો થઈ જાય છે. મિત્રો સાથે કલાકો સુધી વાતો કરવી કે બહાર જવું એ હવે 'લક્ઝરી' બનતી જાય છે. એ પણ સાચું કે, લગ્ન પછી સ્ત્રીની દુનિયાનું કેન્દ્ર બદલાય છે. તે પોતાના નવા પરિવારને સેટ કરવામાં અને સંબંધો મજબૂત કરવામાં આટલી વ્યસ્ત થઈ જાય છે કે તેને જૂના મિત્રો સાથે સંપર્ક રાખવો ગૌણ લાગે છે. જોકે મને લાગે છે કે સૌથી સામાન્ય કારણ એ હોય શકે કે, મોટાભાગે ભારતીય પરિવારોમાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે વહુ હવે ઘરની વ્યક્તિ બની ગઈ છે એટલે તેણે બહારના મિત્રો સાથે બહુ ફરવું ન જોઈએ. જો સાસરી પક્ષ થોડો રૂઢિચુસ્ત હોય તો સ્ત્રી પોતે જ વિવાદ ટાળવા માટે મિત્રોથી અંતર બનાવી લે છે. વળી, જો પત્નીના મિત્રો હજુ અપરિણીત હોય તો તેમની વાતો અને પત્નીની અત્યારની સમસ્યાઓ (જેમ કે ઘરનું બજેટ, સાસરીના પ્રશ્નો) વચ્ચે તાલમેલ બેસતો નથી. ધીમે ધીમે વાત કરવાના વિષયો ખૂટી જાય છે અને અંતર વધતું જાય છે. એય સાચું કે, નવા વાતાવરણમાં એડજસ્ટ થવામાં એટલી માનસિક ઊર્જા વપરાય છે કે દિવસના અંતે મિત્રો સાથે ચેટ કરવા કે મળવા માટેની શક્તિ જ નથી બચતી. તને શાંતિથી બેસવું વધુ ગમે છે.

સાચું કહેજે, જ્યારે તું મિત્રો સાથે વાત કરે કે બહાર જાય, ત્યારે ઘણીવાર તેને અંદરથી એવું લાગે છે કે તે ઘરની જવાબદારીઓ પ્રત્યે બેદરકાર રહી રહી છે. મિત્રો સાથે સમય વિતાવે તો લાગે છે કે તે પતિ કે સાસરી પક્ષનો સમય ચોરી રહી છે? આ 'ગિલ્ટ' તને તારા મિત્રોથી દૂર રાખે છે? તું એવું વિચારે છે કે, ' મિત્રો તો મારા છે જ ને, એ ક્યાં જવાના છે? અત્યારે ઘર સાચવી લઉં... 'પણ આ પછી કરીશું ' ના ચક્કરમાં તારી મિત્રતા પાછળ છૂટી જાય છે. સત્ય તો એ છે કે, પિયરમાં જે આઝાદી અને માહોલ હતો, તે સાસરીમાં કદાચ ન હોય. જો સાસરીમાં મિત્રો સાથે ફોન પર મોટેથી હસી-મજાક કરવાની છૂટ ન હોય, તો તે ધીમે ધીમે ફોન કરવાનું જ ઓછું કરી નાખે છે. પણ પતિઓ આ મુદે ઘણું બધું કર શકે. પત્નીને કહો કે, 'આજે રવિવાર છે, તું તારા ફ્રેન્ડસને મળી આવ અથવા તેમને ઘરે ચા પર બોલાવ... '

જ્યારે પત્ની તેના મિત્રો સાથે ફોન પર વાત કરતી હોય, ત્યારે તેને ઘરના કામમાંથી થોડી મુક્તિ આપો. અને સૌથી જરૂરી એ છે કે, તેના મિત્રોને મળો, જેથી તેને એમ ન લાગે કે તેના મિત્રો અને તેનું લગ્નજીવન બે અલગ દુનિયા છે.

સાચું કહું તો બહુ ઓછા પતિ આવું કરે છે. હા, મહાનગરોમાં રહેતા દંપતીઓમાં ઉદારતા હોય છે. એ એકબીજાના મિત્રોને

મળવા ફરવાની છૂટ આપતા રહે છે . બીજી તરફ તો પતિઓ જ એમના મિત્રો સાથે પરણ્યા બાદ મળવાનું એકદમ ચાલુ રાખે છે. ઘેર આવવા જવાનું બનતું રહે છે, પણ એવું પત્નીના મિત્રો સાથે કેમ બનતું નથી? બને છે તો ઓછું બને છે. આ વિષયે બહુ ચર્ચા થતી નથી. પત્ની એના જૂના મિત્રો સાથે સંપર્ક ઓછો કરવા લાગે તો એને અસહજ ગણવામાં આવતું નથી. પત્ની એ પણ વિચારવું રહ્યું કે, એ પોતાના જૂના મિત્રોને ભૂલવા કેમ લાગે છે અને પતિના મિત્રોને જ મિત્રો ગણવા લાગે છે.

તારો બન્ની.

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
લાડકી
પુરુષ
વીક એન્ડ
તન-મન-ધનથી રહો
તરોતાજા
મેટિની
ઉત્સવ
ઈન્ટરવલ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## કેવાં હોશિયાર હતા એ વડીલ...

'ઘરડા ગાડા વાળે' એ કહેવત આમ જ નથી પડી. ખરેખર વડીલો અનુભવી હોય અને એ અનુભવને કારણે તે બધા જીવનની ઘણી સમસ્યાઓ ઉકેલી શકે છે. યુવાનો પાસે શિક્ષણ છે, ટેક્નોલોજીનું જ્ઞાન છે, પણ જીવનનો અનુભવ નથી.

'ઘરડા ગાડા વાળે' આ કહેવત કંઇ રીતે પડી તેની પાછળ એક રસપ્રદ વાર્તા છે. એક ગામમાં એક યુવાનના લગ્ન હતા. જે યુવાનનાં લગ્ન હતા તેને પહેલેથી વૃદ્ધો પ્રત્યે અણગમો અને તેના મનમાં એમ પણ ખરું કે ઘરડાઓ સાથે આવશે તો આપણે બહુ મજા નહીં કરી શકીએ. એમની મર્યાદા જાળવવી પડશે. એટલે વરરાજા એ એલાન કર્યું કે જાન લઇને આપણે બીજે ગામ જવાનું છે , પણ જાનમાં એક પણ વૃદ્ધને નથી લઇ જવાના. હવે વરરાજાએ જ ના પાડી એટલે કોઇ વૃદ્ધ કેવી રીતે સાથે થાય? પણ વરરાજાનો એક મિત્ર હતો તે અને તેના પિતા બે જ જણ ઘરમાં હતા. પિતાને એકલા મૂકીને જવાનો પેલા મિત્રનો ઇરાદો ન હતો. એટલે પિતાને ખરાબ લાગ્યું કે પોતાને કારણે પુત્ર લગ્નમાં નહીં જઇ શકે તેથી તેમણે પોતાના પુત્રને કહ્યું, 'તું ચિંતા નહીં કર હું છુપાઇને તારી સાથે આવી જઇશ.' પછી દીકરા સાથે ગાડામાં છુપાઇને પેલા પિતા જાનમાં ગયા.

હવે લગ્ન રંગચંગે પતી ગયા. કન્યા વિદાયનો સમય થયો ત્યારે કન્યાના પિતાને વર પક્ષની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો એટલે તેમણે કહ્યું, 'મારી કન્યાને વિદાય કરતા પહેલા મારી એક શરત છે એ તમારે પૂર્ણ કરવી પડશે. શરત પૂર્ણ કર્યા જ પછી જ મારી કન્યાને તમારી સાથે વિદાય કરીશ..'

વરરાજાએ પૂછ્યું : 'શું શરત છે તમારી?'

'અમારા ગામનો કૂવો ઘીથી ભરી દો'. કન્યાના પિતાએ કહ્યું, વરરાજા સહિતના યુવાનો તો વિચારમાં પડી ગયા. કૂવામાં તો કેટલું બધું ઘી જોઇએ. આટલું ઘી લાવવું કયાંથી અને એનાથી કૂવો ભરવો કેવી રીતે? બધા જુવાનિયા મૂંઝાયા. હવે જે યુવાન પોતાના પિતાને છુપી રીતે લઇને આવ્યો હતો તે પિતાની પાસે ગયો અને શરતની વાત કરી. પિતાએ કહ્યું 'એમાં શું સાવ આસાન રસ્તો છે. તું મને વેવાઇ પાસે લઇ જા. એમને હું કહીશ...

યુવાનના તો પિતા સાથે વરરાજા પાસે ગયો અને જણાવ્યું કે તેના પિતા પાસે આ પ્રોબ્લેમનું સોલ્યુશન છે. વરરાજા તો રાજીના રેડ થઇ ગયા. બધાં વેવાઇ પાસે ગયા, યુવાનના પિતાએ વેવાઇને કહ્યું


'અમે કૂવો ઘીથી ભરી દેવા તૈયાર છીએ, અમારી પણ એક શરત છે.'

'બોલો' વેવાઇ કહ્યું.

'પહેલાં તમે કૂવામાં જે પાણી છે તે ખાલી કરાવી આપો એટલે અમે કૂવામાં ઘી ભરી દઇએ.'

વડીલની વાત સાંભળીને વેવાઇ રાજી થઇ ગયા અને કન્યાને વિદાય કરી. કન્યાને લઇને ગાડા પોતાને ગામ જવા પાછા વળ્યા એટલે કહેવત પડી 'ઘરડા ગાડા વાળે.'

આજે એવાં જ એક અનુભવ સિદ્ધ માણેકબાની વાત આપણે અહીં કરવી છે. માણેકબા ગર્ભ-શ્રીમંત પતિના અવસાન બાદ સાવ એકલાં થઇ ગયાં. સંતાન હતા નહીં , પણ માણેકબા પતિનો વ્યવસાય સુપેરે સંભાળતાં હતાં.




માણેકબા બહુ ભણેલાં હતાં નહીં, પણ ગણેલાં હતાં. તેમની કોઠાસૂઝ ગજબની અને સ્નેહાળ તો એવા કે ન પૂછો વાત. જેટલો સ્નેહપૂર્ણ વ્યવહાર પિયરિયાં સાથે રાખે તેટલો જ સ્નેહપૂર્ણ સંબંધ સાસરિયા સાથે રાખે. આમ સૌ સંબંધીઓને માણેકબા માટે બહુ માન અને પ્રેમ પણ ખરો.

સમય જતા માણેકબાએ વ્યવસાય સમેટી લીધો. હોશિયાર પણ એવાં કે બધાં રૂપિયાનું એમણે વ્યવસ્થિત રીતે રોકાણ કરી દીધું, પાછળનું જીવન આનંદથી જીવવા સાથે સમાજોપયોગી કાર્ય કરવાનું શરૂ કર્યું. જરૂરિયાતમંદોને શિક્ષણ માટે, મેડિકલ માટે સહાય કરવા લાગ્યાં. કોઇ વખતનો માર્યો પરિવાર હોય તો તેમને છાનામાના અનાજ મોકલાવી આપે. મદદ કરે તો એવી રીતે કરે કે જમણા હાથે આપેલું ડાબા હાથને પણ ખબર ન પડે.

આવાં હોશિયાર માણેકબા થોડા સમયથી બીમાર રહેતાં હતાં. પોતાનો તો કોઇ વિસ્તાર હતો નહીં. પોતાની સંપત્તિની વ્યવસ્થા કરવાની હતી. માણેકબાના એક નણંદ, જે તેમનાં જેવાં જ હોશિયાર. માણેકબાએ તેમને પોતાના ઘેર રોકાવા બોલાવી લીધાં. પછી પોતાની સંપત્તિનું વિભાજન કેવી રીતે કરવું છે તે નણંદને સમજાવ્યું. બધું લખાણ કરાવી લીધું.

સંપત્તિનો અમુક હિસ્સો તેમને દાન કરવો હતો. કઇ કઇ સંસ્થાને કેટલી રકમ આપવી છે તે લખાવ્યા પછી બાકી રહેતી રકમ માણેકબાએ પોતાની સાસરીના સગા અને પિયરના સગાને સરખે ભાગે વહેંચી દીધી. કોઇને અન્યાય ન થાય તે રીતે બધાંને સારી એવી રકમ મળે એવી વ્યવસ્થા કરી. પોતે નણંદ સાથે મળીને નાના નાના પાઉંચમાં જેને જે રકમ આપવાની હોય તેના નામની ચિઠ્ઠી સાથે મૂકી દીધી.

જવેલરી પણ જેને આપવાની હોય તેના નામ સાથે પાઉંચમાં મૂકી દીધી. વકીલને બોલાવી લીધો અને દાન વગેરે માટે જે પેપર્સ તૈયાર કરવાના હોય તે કરાવી લીધાં. પછી એક ફંકશનનું આયોજન કર્યું બધાં સગાંસંબંધીને બોલાવ્યા - જમાડ્યા અને દરેકને પોતાનો હિસ્સો આપી દીધો. સગાવ્હાલા તો રાજીના રેડ થઇ ગયા. સૌને જાણે અચાનક લોટરી લાગી ગઇ. ફંકશન પછીના ત્રીજા દિવસે માણેકબાએ દેહ છોડ્યો ત્યારે તેમના ચહેરા પર પરમ શાંતિ હતી. ■

# લાડકી



લૉરેન બેલ


સ્પૉર્ટ્સવિમેન

અજય મોતીવાલા

feedback.ladki@
bombaysamachar.com


## લાખો રૂપિયાની કમાણી કરી, લાખો ફૉલોઅર્સ પણ મળ્યાં!

### ઈંગ્લૅન્ડની પેસ બોલર લૉરેન બેલ પોતાની પહેલી જ ડબ્લ્યૂપીએલ રમીને ૯૪ લાખ રૂપિયા કમાઈ અને તેના ફૉલોઅર્સ દોઢ લાખમાંથી થઈ ગયા વીસ લાખ

ડિસેમ્બર, ૨૦૨૫માં સોશ્યલ મીડિયામાં એવી વાતો ઊડી હતી કે ઇંગ્લૅન્ડની પચીસ વર્ષની પેસ બોલર લૉરેન બેલ પર ભારતીય પેસ બોલર હર્ષિત રાણા આફરીન છે અને હર્ષિતનું એવું માનવું છે કે તેની દૃષ્ટિએ ક્રિકેટના ઇતિહાસમાં લૉરેન બેલ મોસ્ટ બ્યુટીફૂલ ગર્લ છે અને તેની સાથે તે લગ્ન કરવા માગે છે. જોકે આ અફવા પછીથી બહુ આગળ નહોતી વધી, પરંતુ લૉરેન બેલની લોકપ્રિયતા ભારતમાં આવ્યા બાદ ખૂબ વધી ગઈ.

વાત એવી છે કે તાજેતરમાં ભારતમાં મહિલાઓની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની જે સીઝન રમાઈ ગઈ એ સીઝન માટેના પ્લેયર્સ ઑક્શન પહેલાં ઇન્સ્ટાગ્રામ પર લૉરેન બેલના ૧૫૦-કે એટલે કે ૧,૫૦,૦૦૦ ફૉલોઅર્સ હતા. તમને જાણીને નવાઈ લાગશે કે હૉલિવૂડની ઍક્ટ્રેસ જેવી દેખાતી લૉરેન બેલ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) વતી એક મૅચ રમી અને તેના ફૉલોઅર્સની સંખ્યા વધીને એક મિલિયન (૧૦ લાખ) થઈ ગઈ હતી. માત્ર એક જ મૅચમાં તેના ચાહકોની સંખ્યા દોઢ લાખથી વધીને દસ લાખ થઈ ગઈ. વાત ત્યાં જ નથી અટકી. હવે લૉરેનના બે મિલિયન (૨૦ લાખ)થી પણ વધુ ફૉલોઅર્સ થઈ ગયા છે. આ તો ગજબ કહેવાય.


છ ફૂટ ઊંચી લૉરેન બેલનો સુવર્ણકાળ ત્યારે જાણે ભારતમાં આવીને શરૂ થયો એમ કહીએ તો ખોટું નથી. કારણ એ છે કે ગયા ગુરુવારે (પાંચમી ફેબ્રુઆરીએ) લૉરેન બેલની જાદુઈ બોલિંગની આરસીબીને બીજું ડબ્લ્યૂપીએલ ટાઇટલ અપાવવામાં મોટી ભૂમિકા હતી. એ દિવસે વડોદરામાં આરસીબીની દિલ્હી કૅપિટલ્સ સામે ફાઇનલ હતી. સ્મૃતિ મંધાના આરસીબીની કૅપ્ટન છે અને લૉરેન બેલ પર તેણે મોટો ભરોસો રાખ્યો હતો જેને બેલે યોગ્ય સાબિત કર્યો હતો. જેમિમા રૉડ્રિગ્સના સુકાનમાં દિલ્હીની ટીમ ચાર વિકેટે ૨૦૩ રન બનાવી શકી હતી. એ ટોટલ હતું પડકારરૂપ અને લૉરેન બેલ એકેય વિકેટ નહોતી લઈ શકી, પરંતુ (કૅપ્ટન સ્મૃતિ મંધાનાના જ શબ્દોમાં જાણીએ તો) લૉરેન બેલે એમાં જે અસરદાર બોલિંગ (૪-૦-૧૯-૦) કરી એની વિપરીત અસર દિલ્હીની બૅટર્સ પર પડી હતી. લૉરેન બેલ ૧૯ રનમાં એકેય વિકેટ નહોતી મેળવી શકી, પરંતુ તેણે દિલ્હીની બૅટર્સને જે રીતે બાંધીને રાખી હતી એનો સીધો ફાયદો આરસીબીને થયો હતો. સ્મૃતિ મંધાનાએ લૉરેન બેલના સચોટ વખાણ કર્યા હતા. તેની ટીમની જે ચાર બોલર્સે ચાર-ચાર ઓવર બોલિંગ કરી હતી એમાંથી ત્રણ બોલર (અરુંધતી રેડ્ડી, નૅડિન ડિક્લર્ક, સાયલી સતઘરે)ની ચાર-ચાર ઓવરમાં ૪૦-પ્લસ રન બન્યા હતા, પણ લૉરેન બેલની ચાર ઓવરમાં દિલ્હીની બૅટર્સ માત્ર ૧૯ રન બનાવી શકી હતી.



લૉરેન બેલ

લૉરેન બેલ અને સાથી બોલર્સે દિલ્હીને ૪/૨૦૩ના સ્કોર સુધી જ આગળ વધવા દીધી અને ત્યાર પછી ૨૦૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મેળવવાનું કામ ખુદ સ્મૃતિ મંધાના (૮૭ રન, ૪૧ બૉલ, ત્રણ છગ્ગા, બાર ચોગ્ગા) અને જ્યોર્જિયા વૉલ (૭૯ રન, ૫૪ બૉલ, ૧૪ ચોગ્ગા) તેમ જ રાધા યાદવે (૧૨ અણનમ, પાંચ બૉલ, બે ચોગ્ગા)એ પૂરું કરી નાખ્યું હતું. બેલ અને આરસીબીની બીજી બોલર્સે અને પછી બૅટર્સે દિલ્હીની ટીમનું બૅન્ડ બજાવી દીધું અને મુંબઈ ઇન્ડિયન્સની જેમ બીજું ડબ્લ્યૂપીએલ ટાઇટલ મેળવી લીધું. આરસીબીની આ સીઝનની બેસ્ટ બોલર નૅડિન ડિક્લર્ક (૧૬ વિકેટ) બાદ બીજું નામ લૉરેન બેલ (૧૨ વિકેટ)નું છે. ૧૬ વર્ષની ઉંમર સુધી ફૂટબૉલ રમતી લૉરેન બેલે ૨૦૧૫ની સાલમાં ક્રિકેટમાં ઝંપલાવ્યું હતું અને પછી તો ઇંગ્લૅન્ડની મુખ્ય મહિલા ટીમની મુખ્ય પેસ બોલર બની ગઈ હતી. ૨૦૨૬ની ડબ્લ્યૂપીએલમાં તે પહેલી જ વખત રમી અને સુપરસ્ટાર બની ગઈ. ૨૦૨૬ની ડબ્લ્યૂપીએલની ચૅમ્પિયન ટીમનો હિસ્સો બનવાની સાથે તેણે લાખો રૂપિયાની કમાણી તો કરી, લાખો ફૉલોઅર્સ પણ મેળવી લીધાં. હજી મહિના પહેલાં જેને સોશ્યલ મીડિયામાં ભાગ્યે જ કોઈ ઓળખતું હતું એ બ્રિટિશ બોલરને આરસીબીએ ઑક્શનમાં ૯૪ લાખ રૂપિયામાં મેળવી હતી અને હવે તે જોત જોતામાં લાખોની માનીતી થઈ ગઈ છે. ખુદ લૉરેને જ તાજેતરમાં કહ્યું કે 'ભારતમાં મેં છેલ્લા થોડા અઠવાડિયા જે રીતે અનુભવ્યા એ હું ક્યારેય નહીં ભૂલું. મારી ખુશીનો કોઈ પાર નથી.' ■

### ફ્લૂની ઐસી તૈસીઃ સ્મૃતિ બીમાર હોવા છતાં રમી



સ્મૃતિ મંધાનાએ ત્રણ મહિના પહેલાં નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારતને પ્રથમ મહિલા વર્લ્ડ કપ ટ્રોફી અપાવવામાં મોટું યોગદાન આપ્યું અને ત્યાર પછી ભૂતપૂર્વ બૉયફ્રેન્ડ પલાશ મુચ્છલ સાથેના વિવાદના વમળમાંથી બહાર આવી અને પ્રૅક્ટિસ શરૂ કર્યા બાદ તેણે ડબ્લ્યૂપીએલમાં આરસીબીને બે વર્ષમાં બીજું ટાઇટલ અપાવી દીધું. ગુરુવાર, પાંચમી ફેબ્રુઆરીની દિલ્હી કૅપિટલ્સ સામેની ફાઇનલ પહેલાં આરસીબીની કૅપ્ટન સ્મૃતિ મંધાનાને તાવ હતો. ફ્લૂને લીધે તે આ ફાઇનલમાં ન રમે એવી સંભાવના હતી, પરંતુ ફ્લૂને અવગણીને તે ફાઇનલમાં પૂરી ક્ષમતાથી રમવાના સંકલ્પ સાથે વડોદરાના કોટંબી સ્ટેડિયમના મેદાન પર ઊતરી હતી અને ૪૧ બૉલમાં ૮૭ રન કરીને આરસીબીને તેણે યાદગાર વિજય અપાવ્યો હતો.

સ્મૃતિની બીમારી ખરેખર ગંભીર હતી. આરસીબીના કોચ એમ. રંગરાજને ફાઇનલ પછી કહેલું કે ' સ્મૃતિને ફાઇનલ પહેલાં ખૂબ તાવ હતો. જોકે મીડિયાને કે જાહેર જનતાની વાત જવા દો, તેણે ટીમમાં પણ કોઈને ખબર નહોતી પડવા દીધી. આ જ તો સ્મૃતિની ખાસિયત છે. મેં તેને આરામ કરવા કહ્યું, પણ તેણે મને ફટ દઈને કહી દીધું કે હું તો ફાઇનલ રમવાની જ છું. તેણે બીમાર હોવા છતાં ફાઇનલ જેવી સર્વોત્તમ મૅચમાં ટીમનું સુકાન સંભાળ્યું અને મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું. ક્રિકેટનું તેનામાં જે પૅશન છે અને ટીમને જિતાડવાની તેનામાં જે દૃઢતા છે એનું હું શબ્દોમાં વર્ણન કરી શકું એમ નથી.' ■


લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી

feedback.ladki@
bombaysamachar.com


## તાળીઓનું સંગઠન જરૂરી છે...

'રવિવારે ગોસિપ સમારોહ કોના ઓટલા ઉપર રાખવો છે?'

'રમાબહેન, આ વખતે ગોસિપ સમારોહ ઓટલા ઉપર નહીં, પણ સોસાયટીના ગાર્ડનમાં રાખશું.'

'નેહાબહેન, કેમ ઓટલો છોડીને ગાર્ડનમાં જવાનાં?'

'કારણ કે આ વખતે ગોસિપ સમારોહમાં વિષય રાખ્યો છે 'સાસુ.' એટલે બૂમબરાડા અને તડાફડીની શક્યતા વધારે છે. ઓટલો આ વિષય માટે સલામત નથી. ગાર્ડનમાં ઝઘડો થશે તો ભલેને સાસુ વહુ બાથમબાથી કરતાં.'

વિષય એટલો બધો સરસ હતો કે દરેક ઘરની વહુઓએ વરસો-થી મનમાં સાચવી રાખેલ ગ્રંથિઓ, સાસુ સામેની ફરિયાદો, સાસુએ કરેલા અન્યાયનું લિસ્ટ સભામાં કઈ રીતે પેશ કરવું એની પૂરી તૈયારી સાથે દરેક વહુ, સાસુ કરતાં પણ વહેલી આવીને ગોઠવાઈ ગઈ હતી. જેમ જેમ સોસાયટીની બહેનો આવતી ગઈ, તેમ તેમ ગાર્ડનમાં

શોરબકોર શરૂ થઈ ગયો. આવતાંની સાથે જ, 'અરે વાહ! તારી સાડી અને મેચિંગ ઘરેણાં ખૂબ જ સરસ છે. ક્યાંથી લીધાં? સાડી ક્યાંથી લીધી? કેટલાની આવી?'

એ પછીના પ્રશ્નોમાં, 'અલી, તું મોડી કેમ પડી?'

એટલે નેહાબહેને એની સાસુ સામે જોઈને શરૂ કર્યું. 'હું તો ક્યારની બાને કહેતી હતી કે જલદી રાંધીને મૂકી દેવા દો.'

નહીંતર આપણે મોડાં પડીશું. પણ આ અમારાં બા (સાસુમા) સાંભળે તો ને? (કામનું હોય તો બધું સાંભળે. નહીંતર બંને કાને બહેરાશ આવી જાય.) પાંચમી વાર બરાડા પાડીને કીધું ત્યારે બોલ્યાં કે તારા સસરાને બધું ગરમ જ ખાવા જોઈએ. એટલે એક કામ કર. તું થોડી મોડી આવ. હું વહેલી બાગમાં જઈને હાજરી પુરાવી દઉં છું.' (કબરમાં પગ છે, પણ એમ નહીં થાય કે એક દિવસ વહુને વહેલાં મોકલીએ ને પોતે ઘરમાં રહીને પોતાના પતિને ગરમ ખવડાવીએ.)

રમાબહેને ગોસિપ સમારોહના 'સાસુ' વિષય ઉપર બોલવા માટે નેહાને જ એની વાત ચાલુ રાખવા કહી. ત્યાં નેહાની સાસુએ ગળું ખંખેરીને કહ્યું, 'રમાબહેન, તમે પ્રમુખ છો એટલે કહી દઉં છું કે એકપક્ષી વાત નહીં ચલાવીશ. જો વહુ, સાસુ વિશે વાતો કરશે તો સાસુઓ પણ એનો જડબાતોડ જવાબ આપશે. અમે ભલે સિત્તેરનાં છીએ, પણ જ્યારે વાત અમારાં જીવન ઉપર છાંટા ઉડાડે એવી હોય તો જવાબ આપવો જ રહ્યો. આ સભામાં જેટલી સાસુઓ બેઠી છે, એમનું આ બાબતે શું માનવું છે?'

'હા... હા...સાસુઓ પણ જવાબ આપીને જ રહેશે.'

ગાર્ડનમાં આવેલા ભાઈઓને વાતાવરણનો ગરમાટો દઝાડી ગયો. (છતાં મફતની આવી સરસ લાઇવ ટેલિકાસ્ટ ફિલ્મ અને તે પણ મફત! એટલે પૂંઠ ફેરવીને બેસી રહ્યા.)


શોરબકોર વધી ગયો એટલે પ્રમુખ રમાબહેન ઊભાં થઈને મોટેથી ગુસ્સો કરતાં બોલ્યાં, 'સભાના કાયદા તો બધાને ખબર જ છે. દરેકને નંબર આપેલા છે,

એમ જ બોલવાનું છે. સમય પાંચ જ મિનિટ અને સાસુએ એનો

જવાબ આપવાનો. પણ સમય ત્રણ મિનિટ. ચાલો નેહાબહેન, હજી જે બાકી હોય તે બોલી દો.'

નેહાબહેને તરત જ ઊભાં થઈને શરૂ કર્યું.

'મારાં સાસુજીને હું પૂરું માન આપું છું. જે કહે છે તે બનાવીને ખવડાવું




છું. હંમેશાં કહે તેમ કરતી આવી છું. પણ સાસુમા જેનું નામ! તેઓ પોતાનું ધાર્યું જ કરાવે છે. વહુ કંઈ ચાવી આપેલ રમકડું નથી.

દરેક સાસુએ પોતાની વહુને જે રાંધવું હોય તે રાંધવા દેવું જોઈએ. કોઈવાર બહારનું એટલે કે હોટલનું પણ ચલાવી લેવું જોઈએ અને દરેક વાતની ચાડી ચૂગલી કરવી જોઈએ નહીં. મારા પતિ ઘરમાં આવે કે તરત જ મેં શું શું નથી કર્યું એનું લિસ્ટ રજૂ કરી દે છે, પરંતુ શું શું કર્યું એ કેમ બોલતાં નથી? મારા અને મારા પતિ વચ્ચે ફાટફૂટ

પડાવવાના પ્રયત્નો કરવાથી એમને શું મળવાનું છે?'

બોમ્બ ધડાકો થયો હોય એમ ઊછળીને વસુમતીબહેન ઊભાં

થઈ ગયાં અને બરાડ્યાંઃ : 'સરાસર જૂઠાણું...! મને તો ખબર જ હતી કે નેહાડી સભામાં

મારી બુરાઈ જ કરશે.'

સાસુ - વહુ સામસામે મોટેથી બોલવા લાગ્યાં અને એ જોઈને

અન્ય વહુઓને એમ થયું કે આ બંને મળીને અડધો કલાકથી લડે છે, તો આપણો વારો ક્યારે આવશે? પ્રમુખે ઘણીવાર એમને સામસામે આક્ષેપબાજી છોડી બીજાને ચાન્સ આપવા કહ્યું, પણ આવી સુવર્ણ તક છોડવા બંને પક્ષ તૈયાર નહોતાં.

આખરે બીજી એક વહુ રજનીએ ઊભાં થઈને પોતાનાં સાસુ સામેનો મોરચો શરૂ કર્યો.

'સાંભળો... સાંભળો... સાંભળો... અલી નેહાડી, ખાલી તારી જ એક સાસુ સિતમ ગુજારે છે એવું નથી. આજ સુધી મેં મારો ડૂમો લોકો સમક્ષ જાહેર નહોતો કર્યો, પણ આજે આમ જનતા અને આખા સમાજ સામે જે વાત કહેવા જઈશ એ તમારી આંખ ખોલી નાખશે. તો ભાઈઓ તેમજ બહેનો, હવે મારે પણ તમને જે કહેવું છે તે શાંતિથી સાંભળજો. બને તો તમારું સમર્થન જોરદાર તાળીઓના ગડગડાટથી આપજો , જેથી વિશ્વમાંથી સાસુઓનું કટ્ટરપણું દૂર થશે અને વહુઓને સમાજમાં યોગ્ય સ્થાન અને માન મળશે.'

અને એ સાથે જ બધી વહુઓએ ઊભાં થઈને તાળીઓનો ગડગડાટ વરસાવી દીધો. (રાજકારણમાં પ્રવેશવાની તૈયારી કરેલી, એનું એક રિહર્સલ આ વહુને કામ આવી ગયું.) બે - ચાર બહેનપણીઓને પણ બરાબર પાઠ ભણાવીને આવેલી. એટલે રજનીના સમર્થનમાં પેલી બહેનપણીઓએ વારેવારે અનુમોદન અને તાળીઓ પડાવવાનો ઉપક્રમ ચાલુ જ રાખ્યો.

એમાંની એકે રજનીના કહ્યા મુજબ પર્સમાંથી ટોપી કાઢીને

રજનીના માથે પહેરાવતાં પૂરા જોશ અને ઉમંગથી કહ્યું, 'બહેનો, આજે 'બહેન રજનીએ આપણી આંખો ખોલી નાખી છે. આપણને ઘરમાં અને સમાજમાં આપણા હક, માન-મરતબા, ઇજ્જત અને સ્થાન માટે શું શું કરી શકાય, જુલમનો સામનો કઈ રીતે કરી શકાય એ શીખવ્યું છે. માટે આજથી બહેન રજનીને આપણી સોસાયટીની તેમજ આપણા મહિલા મંડળની પ્રમુખ બનાવવા ચાહું છું. જેથી આપણો પક્ષ લઈને આપણને ડગલે ને પગલે ન્યાય અપાવી શકે. તો બોલો બહેનો, આપ સહુનું રજનીના પ્રમુખ પદ માટે અનુમોદન છે? જો અનુમોદન આપતાં હોય તો ઊભાં થઈને તાળીઓથી વધાવી લેવા નમ્ર વિનંતી છે.'

એ સાથે શીખવાડીને લાવેલ બીજી પાંચ - છ પીડિત વહુઓ ઊભી થઈને નારા લગાવવા માંડી. 'હમારે નેતા કૈસા હો...' એટલે બીજી બહેનો સમર્થનમાં બોલી ઊઠી, 'રજનીબહન જૈસા હો...'

રજનીબહેન માટે નવ્વાણું ટકા સમર્થન મળી ગયું. ફક્ત અચાનક પાસ્ટ પ્રમુખ બનાવી દેવામાં આવેલ રમાબહેન જ મોઢું નીચું કરીને બેઠાં હતાં. વિપક્ષોનું ભારણ વધેલું જોઈને આખરે હથિયાર હેઠાં મૂકતાં

રમાબહેને ઊભાં થઈને કહ્યું, 'બહેનો, એમ પણ હું તો મારી પોસ્ટ વહેલી કે મોડી છોડવાની જ હતી. જેમ સાસુએ ઉંમરને આધીન રહીને એક દિવસ ઘરની તિજોરીની ચાવી વહુને મને કે કમને આપવી પડે છે, એમ હું પણ આજે જ મારી પ્રમુખની પોસ્ટ ઉપર ચોંટી ન રહેતાં (મને એમ પણ વગર પૂછ્યે ઉખેડીને ફેંકી જ દીધી છે ઘરની વહુએ અને સોસાયટીએ!)

ઇજ્જતભેર અને સ્વમાનભેર મારી ખુરશી, ઉર્ફે પ્રમુખની પોસ્ટ રજની વહુને આપું છું. જેમ જેમ યુગે યુગે પરિવર્તન રૂપી વિપ્લવ આવે છે અને સમય બદલાય છે. એ મુજબ આજે હું બલિનો બકરો બની, અને આવતીકાલે રજની વહુએ પણ કદાચ... પણ હું ઇચ્છું કે એના ઉપર મારા જેવી આફત નહીં આવે. પણ હા, રજનીની સાસુ ઉર્ફે મારી સખી કમુને એટલું જ કહેવાનું કે પોતાનાં સ્વમાન માટે અવાજ ઊંચો કરતાં શીખજે. જેમ આજે તેં ચૂપચાપ રજનીની વાત, એનાં મહેણાં ટોણાં સાંભળી લીધાં, એમ આખી જિંદગી મૌન રાખશે તો તારે માથે હાલતાં ચાલતાં લોકો ટપલી મારતાં જ રહેશે. (પોતાનાથી તો અવાજ ઊંચો કરીને પોતાના પ્રમુખપદ માટે લડત આપી ન શકાઈ અને મોટી કમુને સલાહ આપે છે!)

ગાર્ડનમાં મોં ફેરવીને જાણે કંઈ જાણતા જ નથી એમ બેઠેલા

નિસ્પૃહી સસરાઓમાંથી ચાર - પાંચને તો ધ્રુજારી આવી ગઈ. એમાંના રમણીકભાઈ બોલ્યા, 'ભાઈ, હવે વહુઓનું રાજ આવ્યું છે. એટલે હવે વારેવારે માગણી કરવાની બંધ કરવી પડશે. જેવું ખાવાનું મળે એ ખાઈને વહુનાં વખાણ કરતાં રહેજો. નહીંતર જે મળે છે એમાંથી પણ જશું.'

ત્યાં મોહનભાઈ ઊભા થયા અને બોલ્યા, 'ભાઈઓ, હવે આપણે પણ સંગઠન બનાવવાનો સમય આવી ગયો છે. વહુ તો વહુ, પણ આપણી પત્ની અને બાળકો પણ આપણી ચિંતા ન કરે તો આપણે શું કરવું જોઈએ? આપણી સલામતી અને સુવિધા માટે આપણે હમણાંથી જ વિચારવું રહ્યું.' એટલે એક કાકાએ કહ્યું.

'આજથી તું જ અમારો પ્રમુખ. મોહન, તું ખરા અર્થમાં અમારો મોહન. આ દેશમાં પહેલાં એક ઉદ્ધારક મોહન હતો અને હવે તું ઉદ્ધારક બની જા.'

વહુઓથી બચવા સસરાઓનું એક સંગઠન બની ગયું અને તાળીઓએ એને સમર્થન આપી દીધું.

જય હો સંગઠન કી.... ■


ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી

feedback.ladki@
bombaysamachar.com


## ઉંમર બનાવે એમને મનમોજી...



'અરેરે, અમારે શું દિવસ આખો ઢસરડાં જ કરવાના? ચોવીસે કલાક ને ત્રણસો પાંસઠ દિવસ કામ કરતી જાત ક્યારેક બીમાર તો પડે કે નહીં? રોજની માફક સ્ફૂર્તિથી કામ કરતી મા આજે સાવ ઢીલીઢફ છે એ શું તારી નજરે નથી ચડતું?'

મેઘનાનો આવો બબડાટ દાદર ચડતી સાચીની પીઠે અથડાયો. સાચી જવાબ આપવાની દરકાર કર્યા વિના રુમમાં ચાલી ગઈ. એનું વર્તન મેઘનાના મગજને રીતસર હલબલાવી ગયું. એને થયું કે ચક્કર આવીને પોતે પડી જશે. બેલેન્સ જાળવવા એણે પાસે પડેલી ડાઈનિંગ ટેબલની ખુરશીનો હાથો પકડી લીધો. થોડી ક્ષણ એમજ પસાર થઇ હશે ત્યાં 'મમ્મી હું જાઉં છું', કહી સામો જવાબ સાંભળવાની દરકાર રાખ્યા વગર સાચી ઘરની બહાર નીકળી ગઈ. મેઘના કંઈ બોલે એ પહેલા સ્કૂટર ચાલુ થયાંના અવાજે એના મનને ધણધણાવી મુક્યું.

સ્કૂલમાં મનાઈ હોવા છતાં પણ ધરાર સ્કુટર લઈ ભાગી જતી સાચી પર એને દાઝ ચડી. આની પહેલા બે-ત્રણ વખત નોટિસ આવી ગયેલી કે તમારા બાળકને વાહન લઈ સ્કૂલ મોકલવા નહીં, પણ ટીનએજ જેનું નામ. સાચી તક મળ્યે ધરાર સ્કૂટર લઈ ભાગી જતી. રોજ તો મેઘના એની પાછળ ફર્યા કરતી એટલે પરાણે સાઈકલનો સહારો લેવો પડતો. ' આજે મમ્મીને ઠીક નથી એટલે પીછો કરી શકશે નહી ' . એનો અંદાજો લગાવી સાચીએ સ્કૂટર મારી મૂકેલું.

પાછળ વાહનની ઘરઘરાટી મેઘનાના મગજમાં ક્યાંય સુધી ચકરાતી રહી. ખેર, આખરે તો માનો જીવને? સાચી તો જતી રહી. સ્કૂલમાંથી ફરી ફરિયાદ આવશે તો ખોટું થશે. એમ વિચારી માંદી હોવા છતાં પણ ઉતાવળા પગલે ઘર બંધ કરી એણે સ્કૂલ તરફ પોતાનું વાહન હંકારી મુક્યું. રસ્તામાં એનું મન વિચારે ચડ્યું. અધૂરા મહિને દીકરી જન્મી અને કઈ રીતે બચી એ એનું મન જાણે છે. એ પછી પણ નાનપણમાં સાચી વારંવાર બીમાર પડે. મા તરીકે મેઘનાનું મન ઉચાટથી ઊભરાય જાય. એ સમયે દીકરી માટે રાતભરના ઉજાગરા વેઠવા જાણે સાવ સામાન્ય વાત હતી. જોકે, અત્યારે પણ દીકરીના સ્વાસ્થ્ય પરત્વે મેઘના એટલી જ સજાગ રહે છે. પોતાનું સંતાન સ્વસ્થ રહે એ માટે પોતે કેટલી અસ્વસ્થતા ભોગવતી આવી છે. જ્યારથી સાચીને તરુણાવસ્થાની પાંખો આવી છે ત્યારથી મમ્મીને ઊલ્ટી થાય તો હવે એને સૂગ ચડે છે. ઉધરસ આવે તો આઘી ભાગે છે. નબળાઈ લાગે તો તું ફીટ રહેવા જીમ કેમ નથી જતી એવી સુફિયાણી સલાહો સૂઝે છે. જાતે ઉડતા શીખી ગયેલી સાચીને મા ને ચાલવામાં પડતી તકલીફ દેખાતી નથી. ક્યારેક તો સાચી એની તરફ નજર સુધ્ધાં નાખતી નથી. એમાં ક્યાંથી ખબર પડે કે મા ને આજે મજા છે કે નહીં ? આવા વિચારોથી મેઘનાની આંખો ભરાય આવી. ગળે ડૂમો બાઝી ગયો. દીકરી અચાનક એકદમ સ્વાર્થી બની ગઈ છે એવો પહેલીવાર અહેસાસ થયો.

સ્કૂલના મુખ્ય દરવાજા પાસે પહોંચતા મેઘનાએ આંખોમાં ધસી આવેલા આંસુઓને પરાણે ખાળવાની કોશિશ કરી. શરીર તો અસ્વસ્થ હતુંજ. હવે મન પણ અસ્વસ્થતાની લગોલગ પહોંચી ગયું. પતિ કે અન્ય કોઇથી આ પ્રકારની અપેક્ષા રાખવાની એણે વર્ષો થયે મૂકી દીધેલી, પરંતુ દીકરી તરફથી એને આવી અપેક્ષા નહોતી. આ દુનિયામાં બીજું કોઈ નહીં તો પોતાનું સંતાન પોતાના નિઃસ્વાર્થ પ્રેમને ઝીલી શકશે એવી એને ખાતરી હતી, પરંતુ કુંપળમાંથી છોડ બનવાની પ્રક્રિયામાં વ્યસ્ત સાચીને પોતાના મૂળથી વિખૂટા થવાનો ખ્યાલ નહોતો એ પણ હકીકત હતી.

એવામાં સ્કૂલમાં 'લાઈફ સ્કીલ'નો વિષય ભણાવતા માન્યતા મેમની નજર ઉદાસ આંખે સાચીને શોધતી મેઘના પર પડી. પાસે આવીને એણે હળવેથી પૂછ્યું, 'તમે બરાબર છો? આર યુ ઓકે? મેઘનાને પાડવી હતી તો હા, પણ માથું નકારમાં હલી ગયું. 'ઓહ, કંઈ વાંધો નહીં તમે મારી સાથે ચાલો ' એમ બોલી માન્યતા મેમ એને પોતાની કેબિનમાં લઇ ગયા. થોડીવાર સેટલ થયા બાદ પૂછ્યું,' શું થયું છે? તમે નિશ્ચિતપણે મને કહી શકો છો.' જવાબમાં મેઘનાએ બધું જ વર્ણવ્યું. જે એ થોડા સમય પહેલા વિચારી રહી હતી. માન્યતા મેમ તરુણોની પરિસ્થતિઓ સુપેરે સમજતા. એણે મેઘનાને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, ક્યારેક માત્ર પોતાનું જ વિચારતા તરુણો સ્વાર્થી લાગવા એ સાવ સામાન્ય ઘટના છે.

'પણ, હજુ થોડાં વર્ષો પહેલા તો એ મારો કેડો નહોતી મૂકતી. તને મજા નથી? ચાલ, ડોક્ટર પાસે જઈએ. મને રસોઈમાં મદદ કરવા દે. તું એકલી કામ કરી થાકી જઈશ. આવી કાળજી કરતી સાચી હવે એવું પૂછતી પણ નથી કે મમ્મી તને કેમ છે.' ફરી મેઘનાએ ફરિયાદ કરી. એના હાથ પર હથેળી દબાવી માન્યતા મેડમે શાંતિથી જવાબ આપ્યો.

'માત્ર તમે નહી , પણ જો સાચીના ફ્રેન્ડસની મમ્મીઓને પૂછશો તો એ પણ આ પ્રકારની ફરિયાદ કરશે. હા, તરુણો સ્વાર્થી હોય છે , પરંતુ એટલે નહી કે એ ખરાબ બની ગયા છે.'

મેઘના સામે જોઈ એણે આગળ ચલાવ્યુ :

'માત્ર તમારી સાચી નહીં, વિશ્વભરમાં બધાં ટીનએજર હોર્મોન ચેન્જીસના શિકાર બને છે. એના કારણે એ self absorbed કે self centered બની જતા હોય છે. આ સમય દરમિયાન શરીરમાં ઓક્સિટોસીન નામનો અંતઃસ્રાવ ઉત્પન્ન થાય છે. જે મગજની ઈમોશનલ સાઈડને વધુ ઉજાગર કરે છે. એના કારણે તરુણો પોતાની જરૂરિયાતો પરત્વે વધુ સંવેદનશીલ બને છે. સંતાનમાં આવેલી આ ટીનએજની નવી ઓળખાણ પચાવતા આપણને વાર લાગે એ સ્વાભાવિક છે. તમે થોડા રિલેક્સ થઈ જાઓ પછી આપણે આ અંગે વધુ વાતો કરીશું... રહી વાત સ્કૂટર લઈ આવવાની. તો એ બાબતે હું સાચી સાથે વાત કરી લઉં છું. પણ આપણે ચોક્કસ ફરી મળીશું. આઈ હોપ તમને થોડું સારું લાગ્યું હશે. ડોન્ટ વરી... ' કહી મેડમે પોતાની વાત આટોપી લીધી.

આમ મેઘનાને બહુ રાહત તો નહોતી મળી, પણ એ આભાર માની બહાર નીકળી જ રહી હતી કે સાચીને ક્લાસમાંથી બોલાવવા મેડમે બેલ મારી. એ જોઈ એના અસ્વસ્થ મનને થોડો સધિયારો ચોક્કસ મળ્યો. કાશ,દીકરી થોડું સમજે એમ મનોમન પ્રાર્થના કરી અંતે એણે ઘર તરફ ડગ માંડ્યા. ■

# ફક્ત ૨૪ વર્ષની ઉંમરે ઓસ્કર જીતનારી હું છું પહેલી અભિનેત્રી!


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**નામ: એન્જેલિના જોલી**
**સમય: ૨૦૨૬**
**સ્થળ: લોસ ફેલિઝ, લોસ એન્જલિસ, કેલિફોર્નિયા**
**ઉંમર: ૫૦ વર્ષ**

તમે મારું નામ તો સાંભળ્યું જ હશે. એકેડેમી એવોર્ડ, એક્શન સ્ટાર, સોશિયલ મીડિયા ઉપર મારા વિડિયોઝની સાથે સાથે મારા લગ્નો અને એની સાથે જોડાયેલા વિવાદ વિશે તમે ન જાણતા હો એવું બને નહીં. હોલિવૂડ ફિલ્મસ્ટાર હોવાની સાથે સાથે ૧૯૯૯માં ફક્ત ૨૪ વર્ષની ઉંમરે ઓસ્કાર જીતનારી હું પહેલી અભિનેત્રી છું. મારાં પિતા જ્હોન વોઈટ સાથેના મારા સંબંધોને કારણે પણ એક સમયે હું ચર્ચામાં રહી છું. જુદા જુદા દેશમાંથી ત્રણ બાળકોને મેં દત્તક લીધા છે. ત્રણ બાળકોની મા છું. આજે યુ.એન.એચ.સી.આર.ની સ્પેશિયલ એન્વોય છું. આફ્રિકા, મધ્ય-પૂર્વ એશિયા, લેટિન અમેરિકાના ૬૦થી વધારે દેશોના શરણાર્થી કેમ્પમાં મેં કામ કર્યું છે. બ્રિટનની સાથે મળીને જાતિય હિંસા સામે અવાજ ઉઠાવનાર હું પહેલી અમેરિકન અભિનેત્રી છું. કમ્બોડિયા, અફઘાનિસ્તાન અને આફ્રિકાના દેશોમાં છોકરીઓના શિક્ષણ માટે મેં અનેક સ્કૂલ પ્રોજેક્ટ્સ શરુ કર્યાં છે. બ્રેસ્ટ કેન્સર વિરોધી અભિયાન માટે જેનેટીક ટેસ્ટીંગ અને સારવાર માટે મેં ઘણું કામ કર્યું. બીજાં માનવ સેવાના કામમાં રસ લઈ રહી છું. ફિલ્મોનું નિર્દેશ અને લેખન કરું છું...

આ બધાની સાથે મારા સંતાનોને ખૂબ સ્નેહથી ઉછેરું છું. કેલિફોર્નિયાના ઉત્તર વિસ્તારમાં આવેલું મારું ઘર બે એકર જમીન પર ઊભું કરાયેલું ઐતિહાસિક એસ્ટેટ છે. પ્રસિદ્ધ ફિલ્મ નિર્દેશક સેસિલ બી. ડિમેલનું આ એસ્ટેટ મેં એમની પાસેથી ખરીદ્યું ત્યારે મારા મનમાં એક જ વિચાર હતો, મારા બાળકોની અંગત જિંદગી ડિસ્ટર્બ ન થાય એવી કોઈ જગ્યાએ મારે એમનો ઉછેર કરવો છે. હું જાણું છું, હોલિવૂડ સ્ટાર હોવાને કારણે હું સતત પાપારાઝીના કેમેરામાં રહું છું. મારી એક પણ ક્ષણ અંગત નથી, એનું કારણ એ છે કે હું એક ફિલ્મસ્ટાર છું. આ કારકિર્દી મેં જાતે પસંદ કરી છે અને આ જીવન પણ.

હું કોઈના ઉપર આરોપ કે આક્ષેપ નથી લગાવતી, પણ એટલું તો કહેવું જ જોઈએ કે એમની પ્રસિદ્ધિ માટે કોઈના અંગત જીવન સાથે રમવાનો આ પત્રકારો કે પાપારાઝીઓને અધિકાર નથી. આજે પણ પાછી ફરીને જોઉં છું તો મને સમજાય છે કે મારા પિતા, જે એક અભિનેતા હતા એમની સાથેનું મારું બાળપણ જરાય સરળ કે સહજ નહોતું. મારી મા પણ એક ફિલ્મસ્ટાર હતી, માર્શલિન બર્ટ્રેન્ડ. એ મારા પિતાની બીજી પત્ની હતી. મારા પિતાની પહેલી પત્ની લીટીશિયા ટીશ હતી. જેની સાથે છૂટાછેડા લઈને મારા પિતાએ મારી મા સાથે લગ્ન કર્યાં. મારા પિતા ચેકોસ્લોવાકિયન અને જર્મન મૂળના હતા. મારી માએ મારા ભાઈ અને મારો ઉછેર કરવા માટે અભિનયની કારકિર્દી છોડી દીધી, પરંતુ મારી માના એ ત્યાગ અને સ્નેહને સમજવાને બદલે મારા પિતા જ્હોન વોઈટનો અફેર થઈ ગયો. ૧૯૭૬માં મારા માતા-પિતા અલગ થયાં ત્યારે અમે ભાઈ-બહેન બંનેએ માની સાથે રહેવાનું પસંદ કર્યું. મારી મા પાસે પોતાના સારા એવા પૈસા હતા, એટલે આર્થિક રીતે અમને કોઈ તકલીફ નહોતી, પરંતુ મારા પિતા જ્હોન વોઈટ છૂટાછેડા પછી પણ અમને શાંતિથી રહેવા દેતા નહીં. એમને કદાચ, એમના આ અફેર માટે અફસોસ હશે કે પછી સંતાનો વગરની જિંદગી એમને ડંખતી હશે, પરંતુ એમણે મારી મા સાથેના છૂટાછેડા પછી સ્ટેસી પિકરેન સાથે લગ્ન કર્યાં. સ્ટેસી એક વ્યસ્ત સ્ત્રી હતી. સિનેમા અને ટેલિવિઝનની કારકિર્દી સાથે એની પાસે એવો સમય નહોતો કે એ સંતાનોને ઉછેરે... મારા પિતા સાથે એણે સ્પષ્ટ શરત કરી હતી કે, લગ્ન પછી એ અમને નહીં રાખે.


એન્જેલિના જોલી

એ જ્યારે પણ મળવા આવતા ત્યારે પોતાની સફળતા વિશે વાતો કરતા. મારી માએ અભિનય નહોતો છોડવો જોઈતો, એણે જિંદગી બરબાદ કરી જેવાં વિધાનો કરીને એ મને અને મારા ભાઈને વિચલિત કરી નાખતા. થોડા સમય પછી મારી માએ કોર્ટના ઓર્ડર લઈને મારા પિતાને અમને મળવાની મનાઈ ફરમાવી.

મારી માએ અમારો ઉછેર ખૂબ સારી રીતે કર્યો, એવું સ્વિકારીએ તો પણ હું ૧૪ વર્ષની ઉંમરે એક વિદ્રોહી અને માનસિક રીતે વિચલિત બાળક હતી. પ્રમાણમાં પાતળી અને ચશ્મા પહેરેલી સાવ સામાન્ય દેખાવની એક છોકરીને સ્કૂલમાં પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો. મારા સહપાઠીઓ મારી મજાક ઉડાવતા અને બ્રેસિસને કારણે મને 'વિચ્ચ' (ડાકણ) કહીને ચિડવતા. પિતા સાથેના સંબંધ વિશે પણ અખબારોમાં છપાતું રહેતું, જેને કારણે સ્કૂલમાં મારી મજાક ઉડાવવામાં આવતી. મારા પિતાના અફેર્સ વિશે જ્યારે ફોટા કે સમાચાર છપાતા ત્યારે ક્લાસમાં બધા એના કટિંગ લઈને મને દેખાડતા.

૧૪ વર્ષની ઉંમરે જ મને લાગતું હતું કે જિંદગી નકામી છે. મેં ૧૬ વર્ષની ઉંમરે પહેલી વાર આપઘાતનો પ્રયાસ કર્યો. મારી માએ મને સાઈક્યોટ્રીસ્ટને બતાવી, એમણે કહ્યું કે, હું માનસિક રીતે 'ડેમેજ' થઈ ચૂકી છું. મારી ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી, પરંતુ એનાથી કંઈ બહુ ફરક પડ્યો નહીં. અત્યાર સુધી માના પૈસા પર જીવતી હતી, ત્યારે એ જેમ કહે તેમ કરવું પડતું. મારી મા પ્રમાણમાં રુઢિચુસ્ત હતી અથવા કહો કે, એને આ જગતની પૂરેપૂરી ઓળખ હતી. એ મારા આવવા-જવાના સમય પર રોક-ટોક લગાવતી. હું જ્યાં જાઉં ત્યાં જણાવીને જવું પડતું અને એના કહેલા સમયે પાછા આવવું પડતું. મારો ભાઈ જ્હોન સીધો અને કહ્યાગરો દીકરો હતો, એટલે એને બહુ વાંધો આવતો નહીં. એ આજે પણ એક સરળ, લો પ્રોફાઈલ અને શાંત વ્યક્તિ છે. હું એવી નહોતી... મારી મા સાથે મારે દલીલો થતી. ક્યારેક ખૂબ ગુસ્સે થઈને હું એને મારા પિતા પાસે ચાલી જવાની ધમકી આપતી, ત્યારે એ વધુ ચિડાઈ જતી. એને કદાચ અસુરક્ષાનો ભાવ હતો. હું જે રીતે વર્તી રહી હતી અને વધુ ને વધુ બેપરવાહ, બેફામ બનતી જતી હતી, એનાથી એને સાચે જ ભય લાગ્યો હશે કે હું મારા પિતા પાસે ચાલી જઈશ. એણે અમારા ઉછેર માટે સ્વયંને સમર્પિત કરી દીધી હતી. એ પછી, જો હું એને છોડીને ચાલી જાઉં તો અજાણતા જ એના ઈગો પર ચોટ લાગે. મારા પિતા કદાચ એને અમારો ઉછેર સારી રીતે ન કરવા બદલ બે-ચાર વાતો સંભળાવે, એવા ભય સાથે એ મને પૂરી દેતી. હું એના ચોકી-પહેરામાંથી ભાગવાના રસ્તા શોધતી રહેતી!

બંધ ઘરનું લોક ખોલવા માટે હું ફળ સમારવા માટેની છરીનો ઉપયોગ કરતી. એ દિવસોમાં મને જાત-ભાતની છરી અને ચાકૂ એકઠાં કરવાનો શોખ લાગી ગયો. હું મારા રૂમમાં જાત-જાતના ચાકૂ અને હથિયારો રાખતી. મેં કાળાં કપડાં પહેરવાના શરૂ કરી દીધા. મારી જાતને મેં એક વિદ્રોહી વ્યક્તિ તરીકે ઓળખાવવાનું શરૂ કર્યું એટલું જ નહીં, ૧૬ વર્ષની ઉંમરે જ હું મારા બોયફ્રેન્ડ સાથે રહેવા ચાલી ગઈ. મારો બોયફ્રેન્ડ ૨૭ વર્ષનો હતો. એક લોકલ બેન્ડમાં ગિટાર વગાડતો. મારો બોયફ્રેન્ડ મોશિંગ કરતો. તેજ, રોક કે મેટલ મ્યુઝિક પર ભીડમાં એકમેકને અથડાઈને નાચવાની ગાંડપણ જેવી પ્રક્રિયાને મોશિંગ કહેવાય છે.

આ લડાઈ નથી હોતી, પણ હાઈ એનર્જી ડાન્સની એક રીત છે. ગોળ-ગોળ દોડવું, એકમેકના ખભા અથડાવવા, કૂદવું, ચીસો પાડવી અને એકમેક સાથે પછડાવું, ધક્કામુક્કી કરવી આ બધું મોશિંગનો ભાગ છે. આ નૃત્ય નથી, બલ્કે સમાજ સામે જેને વિદ્રોહ હોય એવા યુવાવર્ગની પોતાની જાતને એક્સપ્રેસ કરવાની એક અમેરિકન રીત છે. આમાં વાગી જવાની, હાડકાં તૂટવાની પણ શક્યતાઓ રહેલી છે. સ્ટેજ પરથી મોશપીટમાં પડી જવાના કેટલાય કિસ્સા બન્યા છે, જેમાં માથામાં વાગવાથી મૃત્યુ પણ થયા છે. મારી મા અને ભાઈ જેમ્સ કેટલીક વાર મને શોધતા આવી પહોંચતા. સમજાવીને ઘરે લઈ જતાં, પરંતુ હું બહુ દિવસ એ લોકો સાથ રહી શકતી નહીં...

એ દિવસોમાં મોશિંગની સાથે સાથે હું ડ્રગ પણ કરવા લાગી. એ દિવસોમાં મોશિંગ કરતાં કરતાં એક ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીએ મને મોડલિંગની ઓફર કરી. મને પહેલીવાર સમજાયું કે, હું ખૂબ ફોટોજેનિક છું. તૈયાર કપડાંના એ ફોટોશૂટમાં મારી તસવીરો જોઈને હું જ ખુશ થઈ ગઈ. અત્યાર સુધી મારો સેલ્ફ એસ્ટિમ આત્મવિશ્વાસ સાવ તળિયે હતો, પરંતુ આ ફોટોશૂટ પછી મને સમજાયું કે હું કમાઈ શકું છું...

(ક્રમશઃ)

# મન જો મક્કમ હોય તો વિકલાંગપણું નડતું નથી... ધાર્યો ડુંગર પણ ચઢી શકો...

## એવરેસ્ટ વિજેતા અરુણિમાસિંહાની પ્રેરકકથા.

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

ઈશ્વરે જેમને સર્વાંગ સંપૂર્ણ બનાવીને આ ધરતી ઉપર મોકલ્યા છે, તેમને એક પ્રશ્ન પૂછવાનું મન થાય. જો આપણને આંખ ન હોય તો? કે સાંભળી ન શકતા હોઈએ? જો હાથ ન હોય, કે પગ ન હોય તો? શરીરનું એકેય અંગ એવું નહીં, જેની ગેરહાજરી હોય તો પણ આપણને પૂર્ણતાનો અનુભવ થાય. તેમાં પણ જન્મથી જેને બધાંજ અંગો હોય, પણ પાછળથી છીનવાઈ જાય તો તેનું દર્દ, હતાશા અવર્ણનીય હોય છે.

આજે એક એવી લાડકીની વાત કરવી છે, જે પોતાના હાથ-પગના બળે રાષ્ટ્રીય સ્તરે ઝળકી. એક બદકિસ્મત દિવસે એ અપંગ બની....અને હતાશા પછી રાખમાંથી બેઠા થવાની આ કથા આપણા સહુ માટે પ્રેરણાદાયક છે. એ લાડકીનું નામ છે અરુણિમા સિંહા.

અરુણિમા સિંહાનો જન્મ ઉત્તર પ્રદેશના લખનઊ નજીક આંબેડકર નગરમાં ૧૯૮૯માં થયો હતો. તેના પિતા ભારતીય સેનામાં હતા અને માતા આરોગ્ય વિભાગમાં સુપરવાઇઝર હતી. અરુણિમા બાળપણથી રમત-ગમતની શોખીન હતી. જ્યારે અરુણિમા ચાર વર્ષની હતી ત્યારે જ તેના પિતાનું અવસાન થયું. તે બહુ સારી ફૂટબોલ પ્લેયર હતી. અરુણિમા શાળામાં ફૂટબોલ રમતી હતી. તે વોલીબોલની પણ અચ્છી ખેલાડી હતી. આ ખેલમાં તેને વધારે તકો પણ મળી અને બાદમાં રાષ્ટ્રીય સ્તરે વોલીબોલમાં કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે હોકી પણ રમી હતી. એક રમતવીર હોવાને કારણે અરુણિમાએ કોઈપણ સંજોગોનો લડાયક મિજાજથી સામનો કરવાનું શીખ્યું હતું.

અણિમાએ સમાજશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી મેળવી છે અને ઉત્તરકાશીમાં 'નેહરુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ' માંથી પર્વતારોહણની તાલીમ પણ મેળવી હતી. જ્યારે અરુણિમા ૧૪ વર્ષની હતી, ત્યારે કેટલાક બદમાશોએ તેની બહેન લક્ષ્મીને થપ્પડ મારી હતી. અરુણિમાએ બદમાશોનો સામનો કરીને તેમને માર માર્યો હતો. અસંખ્ય ઇન્ટરવ્યૂ અને પ્રેરક ભાષણોમાં, અરુણિમાએ જણાવ્યું છે કે આ એટીટ્યુડ-આ જુસ્સો તેનામાં ખેલકૂદના કારણે જ આવ્યો હતો. તેથી, દરેક વ્યક્તિએ કોઈને કોઈ રમતમાં સામેલ થવું જોઈએ.

અરુણિમાની ઈચ્છા સીઆઈએસએફ (CISF)માં જોડાવાની હતી. ૨૦૧૧માં તેને આની પરીક્ષા આપવા માટે લખનઊથી દિલ્હી જવાનું હતું. આ યાત્રા તેનું જીવન બદલાનારી સાબિત થશે એ આશા સાથે તેણે પદ્માવત એક્સપ્રેસ ટ્રેન પકડી. તે ટ્રેનના જનરલ કોચમાં પ્રવાસ કરી રહી હતી.

રાત્રે લગભગ ૧ વાગ્યે, બદમાશો ટ્રેનમાં ચઢ્યા. તેમણે અરુણિમાના ગળામાંપહેરેલી ચેઈન છીનવી લેવાનો પ્રયાસ કર્યો. અરુણિમાએ આનો વિરોધ કર્યો, જેના કારણે બદમાશોએ તેને બરેલી નજીક ટ્રેનમાંથી બહાર ફેંકી દીધી. એ સમયની વાત તેના શબ્દોમાં :

'હું હલનચલન કરી શકતી નહોતી. મને યાદ છે કે મેં એક ટ્રેન મારી તરફ આવતી જોઈ. મેં ઊભા થવાનો પ્રયાસ કર્યો. પણ....ત્યાં સુધીમાં ટ્રેન મારા પગ ઉપરથી પસાર થઈ ગઈ હતી. ત્યાર પછી મને કંઈ યાદ નથી... ' સમાંતર ટ્રેક પર બીજી એક ટ્રેન તેના પગને ઘૂંટણથી નીચે કચડી ગઈ. અરુણિમા સાત કલાક સુધી પાટા પર પડી રહી અને ૪૯ ટ્રેનો તેના પરથી પસાર થઈ ગઈ. વહેલી સવારે આસપાસના ગામના લોકોએ તેને પાટા પર તરફડતી જોઈ. તેને ગંભીર પગ અને પેલ્વિક ઇજાઓ સાથે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી. ડોક્ટરોએ તેનો જીવ બચાવવા માટે તેનો ગોઠણથી અલગ થઇ ગયેલો પગ કાપી નાખ્યો. આ ઘટના બની ત્યારે તે માત્ર ૨૨ વર્ષની હતી. આટલી નાની ઉંમરે તે સાત વખત ભારતીય વોલીબોલ ખેલાડી પણ રહી ચુકી હતી. વિચાર કરો, જે વ્યક્તિ પોતાના પગના જોરે




એવરેસ્ટ વિજય

રમતગમતમાં રાષ્ટ્રીય સ્તરે પહોંચી હોય એ જ પગના બળે દેશસેવા માટે દોડવાનું સપનું જોતી હોય, તેના પગ જ કપાઈ જાય, ત્યારે તેને કેવી લાગણી થતી હશે? આપણે તેની કલ્પના પણ કરી શકીએ ખરાં? કદાચ, હતાશામાં એક ક્ષણ માટે એવો પણ વિચાર આવ્યો હોય, કે આના કરતા તો જીવ ચાલ્યો ગયો હોત તો સારું હતું, પણ અરુણિમા

અલગ માટીની બનેલી હતી. તે એક લડવૈયાની દીકરી હતી. હતાશા કે નિરાશા તેને સ્પર્શી શકે તેમ નહોતું. આટલા ગંભીર અકસ્માતમાંથી તે તેની જિજીવિષાના બળે જ ઉગરી ગઈ. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ) માં સ્વસ્થ થવામાં ચાર મહિના લાગ્યા.

હવે એક પહાડ જેવો પ્રશ્ન તેની સામે ઊભો હતો, કે હવે ભવિષ્યનું શું? તેના ભાઈ ઓમપ્રકાશે તેને ન માત્ર સધિયારો આપ્યો, પણ એક લક્ષ્ય પણ આપ્યું, પર્વતારોહણનું. જેના માટે હવે સામાન્ય રીતે ચાલવું પણ અશક્ય હતું તે અરુણિમાએ માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનો સંકલ્પ કર્યો. તેને ક્રિકેટર યુવરાજ સિંહ (જે કેન્સરમાંથી સ્વસ્થ થયો હતો) અને અન્ય ટેલિવિઝન શો દ્વારા પ્રેરણા મળી, જેથી તેને લાગ્યું કે તે પોતાના જીવનમાં કંઈક કરી શકે છે... '

આવા દ્રઢ નિશ્ચય સાથે તેણે પ્રોસ્થેટિક પગ સાથે પોતાની આગળની જીવનયાત્રા શરૂ કરી. સાજા થયા પછી તરત તેણે માઉન્ટ એવરેસ્ટ પર ચઢનાર પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલનો સંપર્ક કર્યો. પાલને મળીને અરુણિમાએ તેને પોતાની કહાણી જણાવી. બચેન્દ્રી પાલે અરુણિમાને

જે કહ્યું એ શબ્દો અદભુત હતા : ' મારી દીકરી, તેં આ પરિસ્થિતિઓમાં કૃત્રિમ પગથી માઉન્ટ એવરેસ્ટ ચઢવાનું નક્કી કર્યું. તું માઉન્ટ એવરેસ્ટ ચઢી ચુકી છે, તેના ઉપર ફતેહ મેળવી લીધી છે, મારી દીકરી, હવે માત્ર દુનિયાને તેની તારીખ જાણવાની બાકી છે.. ! '

આ શબ્દોએ અરુણિમાની ઈચ્છાશક્તિમાં પ્રાણ પૂર્યા. તેણે ઉત્તરકાશી સ્થિત 'નેહરુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ'માંથી પર્વતારોહણની શરૂઆતની તાલીમ લીધી. આ અભ્યાસક્રમમાં તેણે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તેના ભાઈનું પ્રોત્સાહન અને પ્રેરણા તો હતાં જ.

અરુણિમાએ ૨૦૧૨ માં એવરેસ્ટ ચઢાણની તૈયારી તરીકે આઇલેન્ડ પીક (૬૧૫૦ મીટર) પર ચઢાણ કર્યું. ૨૧ મે ૨૦૧૩ ના રોજ ૧૭ કલાકની સખત મહેનત પછી, સિંહા સવારે ૧૦:૫૫ વાગ્યે માઉન્ટ એવરેસ્ટનું શિખર સર કર્યું. તે એવરેસ્ટ પર ચઢનાર ભારતની જ નહીં, વિશ્વની પ્રથમ દિવ્યાંગ મહિલા બની. શિખર પર પહોંચ્યા પછી તેણે એક કાપડ પર લપેટીને બરફમાં ઈશ્વરનો આભાર માનતો એક નાનો સંદેશ લખ્યો. પોતાની દિવ્ય પ્રેરણા તરીકે તેણે ભગવાન શંકર અને સ્વામી વિવેકાનંદને લેખાવ્યા. માઉન્ટ એવરેસ્ટ પર ચઢાણ કર્યા પછી, અરુણિમાનું આગામી લક્ષ્ય સાતેય ખંડોના તમામ સાત સૌથી ઊંચા શિખરો પર ચઢાણ કરવાનું હતું. ૨૦૧૪ સુધીમાં તેણે છ શિખરો સર કર્યા. તેણે સર કરેલા પર્વતો છે, એવરેસ્ટ (એશિયા), કિલીમંજારો (આફ્રિકા), માઉન્ટ એલ્બ્રસ (યુરોપ), માઉન્ટ કોસિયુઝકો (ઓસ્ટ્રેલિયા), એકોનકાગુઆ (દક્ષિણ અમેરિકા), ડેનાલી (ઉત્તર અમેરિકા). ૪

જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ, તેણે એન્ટાર્કટિકા પર સાતમા શિખર પર ચઢાણ કર્યું અને વિન્સન મેસિફ (એન્ટાર્કટિકા) પર ચઢાણ કરનારી વિશ્વની પ્રથમ દિવ્યાંગ મહિલા બની.

ઉત્તર પ્રદેશના તે સમયના મુખ્ય પ્રધાન અખિલેશ યાદવે રૂપિયા ૨૫ લાખના પુરસ્કારથી તેનું સન્માન કર્યું. અરુણિમાએ ૨૦૧૪માં 'બોર્ન અગેન ઓન ધ માઉન્ટેન' નામનું પુસ્તક લખ્યું. ૨૦૧૫માં ભારત સરકારે તેને પદ્મશ્રી થી સન્માનિત કરી. તેને ભારતનો 'તેનઝિંગ નોર્ગે સર્વોચ્ચ પર્વતારોહણ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. તે ઉપરાંત પણ તેને અગણિત સન્માનો મળ્યા છે.

દ્રઢ નિશ્ચય અને સાચી ધીરજને કારણે જ તેને ગૌરવ પ્રાપ્ત થયું. અરુણિમા સિંહાએ કોઈ શોર કર્યા વિના, બહુ મોટું પ્રદર્શન કર્યું, બિલકુલ માઉન્ટ એવરેસ્ટની જેમ! ■

# બી માય વેલેન્ટાઈન

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

વેલેન્ટાઈન ડે પ્રેમ, રોમાન્સ અને ખુશીઓનો તહેવાર! ૧૪ ફેબ્રુઆરીએ દરેક કપલ આ દિવસને ખાસ બનાવવા માટે તૈયારી કરે છે. આ દિવસે માત્ર ગિફ્ટ અને ડિનર જ નહીં, પણ તમારો પહેરવેશ પણ તમારી લવ સ્ટોરીને વધુ રોમાન્ટિક બનાવે છે. ગુજરાતીઓ માટે આ દિવસ પર પરંપરાગત અને મોડર્ન સ્ટાઈલનું મિશ્રણ કરીને ડ્રેસ અપ કરવું ખૂબ જ સુંદર લાગે છે. ૨૦૨૬માં વેલેન્ટાઈન ડેના ટ્રેન્ડ્સમાં પેસ્ટલ કલર્સ, રિચ બર્ગન્ડી, લેસ, ફ્લોરલ ડિટેઈલ્સ અને બોલ્ડ રેડનું બોલબાલા છે. આ લેખમાં અમે તમને મહિલાઓ અને પુરુષો માટે વિવિધ પ્રકારના પહેરવેશ, એક્સેસરીઝ અને ટિપ્સ આપીશું જેથી તમે તમારા પાર્ટનરને પ્રભાવિત કરી શકો.



રેડ સાડી - વેલેન્ટાઈન ડેની વાત આવેને એટલે માત્ર રેડ કલર જ ધ્યાનમાં આવે. જો તમને એક ક્લાસી અને અલગ લુક જોઈએ તો તમે રેડ શિફોનની સાડી પહેરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે રેડ સાડી સાથે હોલ્ટર નેક અથવા અસ્લીવ લેસ્સ બ્લાઉઝ પહેરી શકો. રેડ કલર એ એક સોલિડ કલર છે. અને રેડ કલર એ એક એવો કલર છે કે જે, બધા જ સ્કિન ટોન પર સારો લાગે છે. શર્ત માત્ર એટલી જ કે, તમારા સ્કિન ટોન પ્રમાણે તમારે રેડ કલરના શેડની પસંદગી કરવી પડે. શિફોન ફેબ્રિક એ એક ફ્લોઈ ફેબ્રિક છે અને તે શરીર પર ખૂબ જ સારી રીતે બેસે છે. રેડ સાથે તમે ઑફ વાઈટ, બ્લેક કે પછી ગોલ્ડ કલરના બ્લાઉઝનું કોમ્બિનેશન કરી શકો. આ લુક સાથે સ્ટ્રેટ હેર તો સારા લાગશે જ પણ સાથે સાથે સોફ્ટ કલર્સ પણ સારા લાગશે. તમારા સ્કિન ટોનને આધારે તમે લિપસ્ટિકમાં ન્યૂડ શેડ અથવા લાઈટ કે ડાર્ક રેડ લિપસ્ટિક લગાડી શકો. જ્વેલેરીમાં નો જ્વેલરી લુક અથવા તો મિનિમલ જ્વેલરી

## લૂક વધારે સારો લાગશે.



રેડ ડ્રેસ - અમુક કલરના ડ્રેસ એ યુવતી પાસે હોવો જ જોઈએ જેમકે, બ્લેક ડ્રેસ કે પછી રેડ ડ્રેસ. રેડ ડ્રેસમાં ઘણી વેરાઈટી આવે છે. તમારા બોડી ટાઈપ મુજબ તમે ડ્રેસના પેટર્નની પસંદગી કરી શકો. સૌથી પહેલા રેડ ડ્રેસ પસંદ કરતી વખતે કઈ પેટર્ન તમારી ઉપર સારી લાગશે તે જોવું પડે. જેમકે, જો તમારું શરીર સુડોળ હોય તો તમને બધા ટાઇપની પેટર્ન સારી લાગશે. જો તમારું શરીર ભરેલું હોય તો, તમને એ લાઈન ડ્રેસ સારા લાગશે. વધારે પડતા બોડી હગિંગ ડ્રેસ પહેરવાથી પેટ અને કમરનો ભાગ વધારે હાઇટલાઇટ થશે અને ખરાબ લાગશે. જેમનું શરીર ભરેલું છે તેમણે ચોક વાળા ડ્રેસ પહેરવાનું પણ ટાળવું. ચોક વાળા ડ્રેસથી તમારી બસ્ટ લાઈન વધારે હાઈલાઈટ થશે. જેમનું શરીર ભરેલું હોય તેઓ એન્કલ લેન્થના ફ્લેરી ડ્રેસ પહેરી શકે. ફ્લેરી ડ્રેસિસમાં એવી પેટર્ન કરવી કે જો તેમાં કોઈ પ્રિન્ટ હોય તો તે નીચેની સાઈડ હોય તેવો ડ્રેસ લેવો જેથી કરી ધ્યાન લોઅર બોડી પર જાય અને અપ્પર બોડી કે જે હેવી છે તે વધારે હાઇટલાઇટ ન થાય. જેમની બસ્ટ લાઈન હેવી હોય તેમણે ખાસ કરીને વી નેક પહેરવું, ક્લોઝ નેક કે ચાઈનીઝ કોલર વાળા ડ્રેસ ન પહેરવા. આવી નેકલાઇનથી શોલ્ડર વધારે હેવી લાગશે. જો હેવી બોડી વાળી મહિલાઓને સ્કર્ટ પહેરવું હોય તો તેઓ એ લાઈન ઘેર વાળું સ્કર્ટ પહેરી શકે અથવા તો મર્મેડ સ્ટાઇલ સ્કર્ટ કે જે કમર અને હીપથી ટાઈટ હોય અને ની પછીથી ફ્લેર દેખાય. આવા સ્કર્ટ સાથે ફેન્સી ફ્લેરી ટોપ્સ અથવા હિપ લેન્થ ટોપ્સ સારા લાગી શકે. જેમનું શરીર સુડોળ છે તેઓ બધી જ ટાઈપના ફેન્સી ડ્રેસ પહેરી શકે. કંઈક હટકે લાગવા માટે રેડિકલરનું જમ્પ સૂટ પહેરી શકાય. કે પછી પ્લાઝો સાથે કોઈ ફોર્મલ ટોપ પહેરી શકાય. જો તમને કોઈ ફોર્મલ પાર્ટીમાં જવાનું હોય તો, રેડ કલરનો સિલ્કનો ડ્રેસ પણ પહેરી શકાય.

કંઇક અલગ - વેલેન્ટાઈન ડેમાં જો તમારે કોઈ પર્ટિક્યુલર રેડ કલરનો ડ્રેસ ન પહેરવો હોય તો, પિન્ક, વાઈન, કે પછી લવેંડર કલરના ડ્રેસ પણ પહેરી શકો. બે ટાઇપની મેન્ટાલીટી હોય છે. એક એ કે વેલેન્ટાઈન ડે પર રેડ કલર જ પહેરવો જોઈએ. અને બીજી મેટાલિટી એ છે કે, રેડ કલર પહેરવો એ જરૂરી નથી. કોઈ પણ કલરના ડ્રેસ પહેરી શકાય. તેથી તમને જે કલર ગમતો હોય તે કલરના ડ્રેસ પહેરી શકો. જેમકે, પિન્ક કે લેવેન્ડર કલરનો કોઈ ની લેન્થનો ડ્રેસ. કંઈક અલગ ટ્રાય કરવા માટે વાઈન કલરનો સેમી કફતાન પહેરી તેની પર તમારા બોડી ટાઈપ મુજબ થીન કે બ્રોડ બેલ્ટ પહેરી શકાય. અથવા તો એન્કલ લેન્થનો લુઝ પ્લાઝો અને તેની પર કોઈ ફેન્સી ટોપ પણ પહેરી શકાય. જરૂરી નથી કે કોઈ બોડી હગિંગ ડ્રેસ જ પહેરવો પડે. તમને જે ડ્રેસિસમાં કમ્ફર્ટેબલ લાગતું હોય તેવા જ કપડાં પહેરવા. કોઈનું આંધળું અનુકરણ કરવું નહીં. વેલેન્ટાઈન ડે ડેનિમની શોર્ટ્સ સાથે કોઈ રેડ કલરનું ફ્લોરલ ફેન્સી ટોપ પહેરી , પગમાં સ્નીકર્સ કે સ્પોર્ટ્સ શૂઝ પણ પહેરી શકાય. આપણને જે કપડામાં કોન્ફિડેન્ટ ફીલ થતું હોય અને જેમ આપણે બેસ્ટ લાગી શકીયે તે કપડામાં વેલેન્ટાઇન ડે આપણી પ્રિય વ્યક્તિ સાથે આપણે માણી શકીએ. ■

# સુપર સે ભી ઉપર

▸ સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાનના ૧૮૭-૧૮૭ રન બાદ પ્રથમ સુપર ઓવરમાં ૧૭-૧૭ રન અને પછી માર્કરમની ટીમે બીજી સુપર ઓવરમાં ૨૩-૧૯ના તફાવતથી મેળવ્યો રોમાંચક વિજય



અમદાવાદઃ અહીં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમે ગઈ કાલે ટી-૨૦ વર્લ્ડ કપને એક જ મૅચમાં પહેલી બે સુપર ઓવરના જંગ આપ્યા જેમાં સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનને પરાજિત કરીને સુપર-એઇટ માટેનો દાવો મજબૂત કર્યો હતો, જ્યારે અફઘાનિસ્તાન માટે હવે આગળ વધવા માટેનો માર્ગ મુશ્કેલ થઈ ગયો છે. અફઘાનિસ્તાને હવે બાકીની બન્ને લીગ મૅચ જીતવી જ પડશે અને એ ઉપરાંત ગ્રૂપ-ડીની અન્ય કેટલીક મૅચોના પરિણામ પોતાની તરફેણમાં આવે એવી પ્રાર્થના પણ કરવી પડશે.

અફઘાનિસ્તાનની હવે પછીની બે લીગ મૅચ અમેરિકા સામે (૧૬મીએ) અને કૅનેડા સામે (૧૯મીએ) રમાશે. બુધવારે અફઘાનિસ્તાન સામેની મૅચમાં સુપર ઓવર પહેલાંના મુખ્ય મુકાબલામાં ૨૬ રનમાં ત્રણ વિકેટ લેનાર સાઉથ આફ્રિકાના પેસ બોલર લુન્ગી ઍન્ગિડીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

## બે સુપર ઓવરના ડબલ થ્રિલર

ટી-૨૦ વર્લ્ડ કપમાં પહેલી વખત મૅચમાં બબ્બે સુપર ઓવરથી પરિણામ લાવવું પડ્યું. મુખ્ય મૅચમાં સાઉથ આફ્રિકાએ છ વિકેટે ૧૮૭ રન કર્યા બાદ એના બોલર્સની નો-બૉલની ગરબડને કારણે રકાસ થઈ ગયો અને અફઘાનિસ્તાનની ટીમ ૧૯.૪ ઓવરમાં બરાબર ૧૮૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. મૅચ ટાઇ થતાં સુપર ઓવર રાખવામાં આવી હતી. એ સુપર ઓવરમાં અફઘાનિસ્તાને વિના વિકેટે ૧૭ રન કર્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાએ પણ એક વિકેટે ૧૭ રન બનાવ્યા હતા. આઇસીસીના નિયમ મુજબ પરિણામ લાવવા માટે ફરી સુપર ઓવર રાખવામાં આવી હતી. સુપર ઓવર-ટૂમાં સાઉથ આફ્રિકાએ વિના વિકેટે ૨૩ રન કર્યા અને એના જવાબમાં અફઘાનિસ્તાને ૨૪ રનનો લક્ષ્યાંક મેળવવા જતાં જબરદસ્ત લડત આપી હતી. સાઉથ આફ્રિકન સ્પિનર કેશવ મહારાજના પ્રથમ બૉલમાં મોહમ્મદ નબી એકેય રન નહોતો કરી શક્યો. બીજા બૉલમાં નબી કૅચઆઉટ થઈ ગયો હતો. અફઘાનિસ્તાને ચાર બૉલમાં જીતવા ૨૪ રન કરવાના હતા અને ચાર સિક્સર જરૂરી હતી. ગુરબાઝે મહારાજના ઉપરાઉપરી ત્રણ બૉલમાં ત્રણ છગ્ગા ફટકારતાં છેલ્લા બૉલમાં અફઘાનને જીતવા વધુ એક સિક્સરની જરૂર હતી. છઠ્ઠો બૉલ વાઇડ પડતાં જીતવા પાંચ રનની જરૂર હતી, પણ મહારાજના એ અંતિમ બૉલમાં ગુરબાઝ કૅચઆઉટ થઈ જતાં અફઘાનીઓના જોરદાર ફાઇટબૅકનો અંત આવ્યો હતો, તેમનો સ્કોર ૨/૧૯ રહ્યો હતો અને સાઉથ આફ્રિકાએ વિજય મેળવ્યો હતો.

## મુખ્ય મૅચ કેવી રીતે ટાઇ થઈ?

મુખ્ય મૅચમાં સાઉથ આફ્રિકાને ક્વિન્ટન ડિકૉક (૫૯ રન, ૪૧ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) અને રાયન રિકલ્ટન (૬૧ રન, ૨૮ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)ની જોડીએ ૧૧૪ રનની ભાગીદારી સાથે ૬/૧૮૭નો પડકારરૂપ સ્કોર અપાવ્યો હતો. ઓમરઝાઇએ ત્રણ તથા કૅપ્ટન રાશિદ ખાને બે વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનને ઓપનર અને વિકેટકીપર રહમનુલ્લા ગુરબાઝે (૮૪ રન, ૪૨ બૉલ, સાત સિક્સર, ચાર ફોર) લડત અપાવી હતી અને આ ટીમ પણ ૧૮૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ઍન્ગિડીએ સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ બીજા ચાર બોલર્સે એક-એક વિકેટ લીધી હતી.

અફઘાનિસ્તાને ૨૦મી ઓવરમાં જીતવા ૧૩ રન કરવાના હતા, પણ એની એક જ વિકેટ બાકી હતી. રબાડાની એ ઓવરમાં નો બૉલ અને વાઇડના સિલસિલા વચ્ચે નૂર અહમદે ફટકાબાજી કરી હતી. જોકે ચોથા બૉલમાં તે આઉટ થયો ત્યારે કુલ સ્કોર (સાઉથ આફ્રિકા જેટલો જ) ૧૮૭ રન હતો અને મૅચ ટાઇ થઈ હતી. ત્યાર બાદ સુપર ઓવરના ખેલ શરૂ થયા હતા જેમાં છેવટે સાઉથ આફ્રિકા મેદાન મારી ગયું હતું.

### આજે કયા મુકાબલા?

શ્રીલંકા-ઓમાન
(પલ્લેકેલ, સવારે ૧૧.૦૦)
નેપાળ-ઇટલી
(મુંબઈ, બપોરે ૩.૦૦)
ભારત-નામિબિયા
(દિલ્હી, સાંજે ૭.૦૦)

# ભારતની આજે દિલ્હીમાં નામિબિયા સામે રેકૉર્ડ-બ્રેક ઈનિંગ્સ જોવા મળશે?

▸ પ્રૅક્ટિસ મૅચમાં ઈશાનને બુમરાહનો બૉલ પગમાં વાગ્યોઃ બીમાર અભિષેકનો વિકલ્પ બનશે સૅમસન

નવી દિલ્હીઃ ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ભારતનો ટી-૨૦ વર્લ્ડ કપમાં હાઇએસ્ટ સ્કોર ૪/૨૧૮ છે અને આ ટોટલ ૧૯ વર્ષથી ભારતીય ટીમના નામે સર્વોત્તમ રહ્યું છે, પરંતુ આજે (સાંજે ૭ વાગ્યાથી) દિલ્હીમાં નામિબિયા સામેની મૅચમાં એ રેકૉર્ડ તોડવાનો સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપનીને બહુ સારો મોકો છે.

ખુદ સૂર્યા તેમ જ ઇશાન કિશન, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ વગેરે બૅટ્સમેનો સારા ફૉર્મમાં છે અને તેઓ ટી-૨૦ વર્લ્ડ કપમાં પહેલી વાર ૩૦૦ રનનો ટીમ-સ્કોર નોંધાવશે તો પણ નવાઈ નહીં લાગે.

ભારતે ચાર વિકેટે ૨૧૮ રન ૨૦૦૭ના પ્રથમ વિશ્વ કપમાં ઇંગ્લૅન્ડ સામે બનાવ્યા હતા. આ ફૉર્મેટના વર્લ્ડ કપમાં ભારતે સતત નવ મૅચ જીતી છે અને એ નવો વર્લ્ડ રેકૉર્ડ છે. આ નવમાંથી આઠ વિજય ભારતે ૨૦૨૪ના ગયા વિશ્વ કપમાં મેળવ્યા હતા. એ સાથે ભારતે ઑસ્ટ્રેલિયાનો સતત આઠ વિજયનો રેકૉર્ડ તોડ્યો છે જે કાંગારુઓએ ૨૦૨૨થી ૨૦૨૪ સુધીના બે વર્લ્ડ કપમાં નોંધાવ્યો હતો.

પ્રૅક્ટિસમાં બુધવારે ઇશાન કિશનને કમબૅકમૅન બુમરાહનો બૉલ પગમાં વાગ્યો હતો. ઇશાન બૅટિંગ છોડી દીધા બાદ પાછો રમવા આવ્યો હતો, પણ બહુ લાંબો સમય મેદાન પર નહોતો. અભિષેક પેટની બીમારીને લીધે હૉસ્પિટલમાં દાખલ થયો ત્યાર બાદ તેની તબિયત હજી સારી ન હોવાથી તેના વિકલ્પ તરીકે સંજુ સૅમસનને રમવા તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. ■

# નેપાળને ૧૨ વર્ષથી જીતવા નથી મળ્યું, આજે ઇટલીનું આવી બન્યું!

મુંબઈઃ નેપાળ દેશ છે ખૂબ નાનો, પણ આ વખતના ટી-૨૦ વર્લ્ડ કપમાં એના જેટલી બોલબાલા અત્યારે કોઈની નથી, કારણકે રોહિત પૉડેલની કૅપ્ટન્સીમાં આ હિમાલિયન રાષ્ટ્રની ટીમે રવિવાર, આઠમી ફેબ્રુઆરીએ હૅરી બ્રૂકના નેતૃત્વમાં રમનાર ઇંગ્લૅન્ડની ટીમને જે લડત આપી હતી એ વર્ષો સુધી યાદ રહેશે અને હવે આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) એ જ લડાયક નેપાળની ટીમ ઇટલી સામે મૅચ રમવાની છે જેમાં ઇટલીના ખેલાડીઓ કેટલા મોટા માર્જિનથી હારશે એ ગણતરીના કલાકોમાં ખબર પડી જશે.

ઇટલીનો આ પહેલો ક્રિકેટ વર્લ્ડ કપ છે અને નેપાળની ટીમ ૧૨ વર્ષથી વર્લ્ડ કપમાં એક પણ મૅચ નથી જીતી. નેપાળના ખેલાડીઓ હવે જીતના ભૂખ્યા થયા છે. બે વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા ઇંગ્લૅન્ડ સામે ગયા આજે તેઓ જરાક માટે વિજયથી વંચિત રહી ગયા હતા. ઇંગ્લૅન્ડે સાત વિકેટે ૧૮૪ રન કર્યા બાદ નેપાળની ટીમ જબરદસ્ત ફાઇટબૅક સાથે વિજયની લગોલગ પહોંચી ગઈ હતી. નેપાળે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૦ રન કર્યા હતા અને બોલર સૅમ કરૅન તેમના વિજયને આડે આવી ગયો હતો. નેપાળે ૨૦૧૪માં ટી-૨૦ વર્લ્ડ કપમાં ડેબ્યૂ કર્યું હતું અને એ વર્લ્ડ કપમાં એણે હૉન્ગ કૉન્ગ અને અફઘાનિસ્તાનને પછડાટ આપી હતી, પણ ત્યાર પછીના ૧૨ વર્ષમાં નેપાળને એકેય મૅચ નથી જીતવા મળી એટલે ગુરુવારે ઇટલીનો એ કોળિયો કરી જશે તો નવાઈ નહીં લાગે. ■

# રુધરફર્ડ અને સ્પિનરો સામે ઇંગ્લૅન્ડ ઝૂક્યું

▸ વેસ્ટ ઈન્ડિઝના છ વિકેટે ૧૯૬ રન, ઇંગ્લૅન્ડ ૧૦/૧૬૬

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે વેસ્ટ ઇન્ડિઝે (૨૦ ઓવરમાં ૬/૧૯૬) ઇંગ્લૅન્ડ (૧૯ ઓવરમાં ૧૦/૧૬૬)ને ૩૦ રનથી હરાવીને ચાર પૉઇન્ટ સાથે ગ્રૂપ-સીમાં મોખરે સ્થાન મજબૂત કર્યું હતું. બૅટિંગમાં શેરફેન રુધરફર્ડ (૭૬ અણનમ, ૪૨ બૉલ, સાત સિક્સર, બે ફોર)એ ધબધબાટી બોલાવી હતી અને પછી બોલિંગમાં સ્પિનર્સે બ્રિટિશરોને જાળમાં ફસાવ્યા હતા. ત્રણ સ્પિનર ગુડાકેશ મૉટીએ ત્રણ વિકેટ, રૉસ્ટન ચેઝે બે વિકેટ અને અકીલ હોસૈને એક વિકેટ લીધી હતી. છેક સુધી લડેલા સૅમ કરેનના અણનમ ૪૩ રન બ્રિટિશ ટીમમાં હાઇએસ્ટ હતા.

એ પહેલાં, વેસ્ટ ઈન્ડિઝે બૅટિંગ મળ્યા બાદ શરૂઆતમાં બે વિકેટ ગુમાવ્યા પછી મિડલ ઓવર્સમાં અને ખાસ કરીને છેલ્લી પાંચ ઓવરમાં ચોગ્ગા-છગ્ગાની આતશબાજી સાથે ૩૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

કૅરિબિયન ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૬ રન કર્યા હતા અને ઇંગ્લૅન્ડને ૧૯૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. કૅરિબિયન ટીમે પહેલા આઠ રનમાં બે વિકેટ ગુમાવી હતી. જોકે હેટમાયર (૨૩ રન) અને રોસ્ટન ચેઝ (૩૪ રન) બાદ શેરફેન રુધરફર્ડ અને જેસન હોલ્ડર (૩૩ રન, ૧૭ બૉલ, ચાર સિક્સર, એક ફોર)ની જોડીએ જોરદાર જમાવટ કરી હતી અને બ્રિટિશ બોલર્સની ખબર લઈ નાખી હતી.

રોવમેન પૉવેલ (૧૪ રન) આઉટ થયા બાદ રુધરફર્ડ અને હોલ્ડરે ટીમની બાજી સંભાળી લીધી હતી અને ૩૨ બૉલમાં ૬૧ રનની ભાગીદારી કરી હતી. એ પહેલાં રુધરફર્ડે પૉવેલ સાથે ૨૯ બોલમાં ૫૧ રનની પાર્ટનરશિપ કરી હતી. ઇંગ્લૅન્ડના બોલર્સમાં આદિલ રાશીદ અને જેમી ઓવર્ટને બે-બે વિકેટ મેળવી હતી. ■

# કૅપ્ટન માર્શ વિનાના ઑસ્ટ્રેલિયાએ બિગ હિટિંગ વગર આયરલૅન્ડને હરાવ્યું

કોલંબોઃ બુધવારે બપોરે સાઉથ આફ્રિકાએ અમદાવાદમાં અફઘાનિસ્તાનને ટી-૨૦ વર્લ્ડ કપમાં સૌપ્રથમ ડબલ સુપર ઓવરના ધમાકા વચ્ચે હરાવી દીધું એની તુલનામાં અહીં કોલંબોમાં ૨૦૨૨ના ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા અને આયરલૅન્ડ વચ્ચેની મૅચ ઑસ્ટ્રેલિયન બોલરના તરખાટોને બાદ કરતા એકંદરે નીરસ રહી હતી.

ઑસ્ટ્રેલિયાનો કૅપ્ટન મિચલ માર્શ ઈજાને કારણે આ મૅચમાં નહોતો અને ટ્રૅવિસ હેડે નેતૃત્વની જવાબદારી સંભાળી હતી. આઇપીએલમાં ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવવા માટે જાણીતા ટ્રૅવિસ હેડે માત્ર ૬ રન બનાવીને રનઆઉટમાં વિકેટ ગુમાવવાની સાથે નિસ્તેજ શરૂઆત કરી હતી. ઑસ્ટ્રેલિયાની ટીમ બૅટિંગ લીધા બાદ ૨૦ ઓવર છ વિકેટે ૧૮૨ રન કરી શકી હતી જેમાં માર્કસ સ્ટોઈનિસના ૪૬ રન અને જૉસ ઈંગ્લીસ તથા મૅટ રેન્શૉના ૩૭-૩૭ રન સામેલ હતા. કૅમેરન ગ્રીન અપેક્ષા જેવું નહોતો રમ્યો. તેણે બે સિક્સર અને એક ફોરની મદદથી માત્ર ૨૧ રન કર્યા હતા. આઇરિસ પેસ બોલર માર્ક ઍડેરે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. હમફ્રેઝ, ડોકરેલ અને ટેકટરને એક-એક વિકેટ મળી હતી.

આયરલેન્ડ માટે ૧૮૩ રનનો લક્ષ્યાંક ખૂબ મોટો હતો અને તેઓ ધારણા મુજબ ઑસ્ટ્રેલિયાના બોલિંગ આક્રમણને વશ થઈ ગયા હતા. એક પણ આઇરિસ બૅટ્સમૅન હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો અને ૧૬.૫ ઓવરમાં ૧૧૫ રનના કુલ સ્કોર પર તેમનો દાવ સમેટાઈ ગયો હતો. જ્યોર્જ ડોકરેલના ૪૧ રન ટીમમાં હાઈએસ્ટ હતા. તેણે બે સિક્સર અને ત્રણ ફોર ફટકારીને પ્રેક્ષકોનું થોડું મનોરંજન કર્યું હતું. પેસ બોલર નેથન એલિસ અને સ્પિનર ઍડમ ઝૅમ્પાએ અનુક્રમે ૧૨ રનમાં ચાર વિકેટ અને ૨૩ રનમાં ચાર વિકેટ મેળવી હતી.

સામાન્ય રીતે ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સમાં ચોગ્ગા ઉપરાંત છગ્ગાનો પણ વરસાદ થતો હોય છે, પરંતુ કાંગારુઓની આખી ઇનિંગ્સમાં માત્ર પાંચ સિક્સર ગઈ હતી. યોગાનુયોગ એટલી જ સિક્સર આયરલૅન્ડની ઇનિંગ્સમાં પણ જોવા મળી હતી. ■

### સ્ટીવ સ્મિથનો તાકીદે વર્લ્ડ કપમાં સમાવેશ

કોલંબોઃ ઑસ્ટ્રેલિયાના પીઢ બૅટ્સમૅન અને ભૂતપૂર્વ કૅપ્ટન સ્ટીવ સ્મિથ તત્કાળ ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા આવી રહ્યો છે. કૅપ્ટન મિચલ માર્શ ઈજાને કારણે બુધવારે કોલંબોમાં આયરલૅન્ડ સામેની પ્રથમ મૅચમાં ન રમી શક્યો એટલે તેના કવર તરીકે ટીમ મૅનેજમેન્ટે સ્મિથને વર્લ્ડ કપની ટીમ સાથે જોડાઈ જવા કહ્યું છે.

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| छंद | ચોંકવું |
| छकणे | સંતાડવું |
| छडा | પજવણી |
| छळ | આદત |
| छपवीणे | ભાળ |

## જાણવા જેવું

ભૌગોલિક ઊથલપાથલને કારણે ઘણી વાર મીડિયામાં ઝળકેલા ઉત્તરાખંડની ક્રિકેટ ટીમએ રાષ્ટ્રીય રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધા રમવાનો પ્રારંભ ૨૦૧૮ - ૧૯માં કર્યો હતો. પદાર્પણના આઠ વર્ષ બાદ ક્રિકેટની આ પ્રતિષ્ઠિત સ્પર્ધાના સેમિ ફાઈનલ તબક્કામાં આ વર્ષે પહેલી વાર પહોંચવામાં એને સફળતા મળી છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીની એકમાત્ર દેરાણીના સસરાના સાળાની એકમાત્ર બહેનનો નાનો પુત્ર સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) દિયર
ક) જેઠ ડ) ભત્રીજા

## નોંધી રાખો

આજની બચત આવતી કાલે કામ લાગે છે. યુવાનીમાં વાવેલા જ્ઞાનના છોડની છાયાનો લાભ ઘડપણમાં મળે છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | | ■ | ૩ | ■ | ૪ |
| ૫ | | ૬ | | ■ | ■ | ૭ | | | |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | ■ |
| ■ | ■ | | ■ | | ■ | | ■ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | |
| ૧૭ | | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ | ■ |
| ■ | ■ | ૨૩ | | | | ■ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | | ■ | ■ | ૨૮ | | | |
| | ■ | | ■ | ૨૯ | | | ■ | | ■ |

### આડી ચાવી

૨ મારો હંસલો નાનોને... જૂનું થયું (૩)
૫ ઠામ બદલો, સ્થળફેર (૪)
૭ ઊઠવેઠ, પરવરીશ (૪)
૮ સંખ્યા (૩)
૯ પડખું, પાસું (૪)
૧૦ પાંદડું (૨)
૧૨ સુંદર સ્ત્રી (૨)
૧૪ દાબ, અંકુશ (૩)
૧૬ વિદ્યાપીઠની પદવીવાળો (ગ્રેજ્યુએટ) (૩)
૧૭ સ્વચ્છંદી, તરંગી (૩)
૧૮ ધાડપાડુ, લૂંટનાર (૩)
૧૯ અસુર (૨)
૨૦ મોટી નદી (૨)
૨૩ ઘેરું લાલ, એક રંગ (૪)
૨૪ લોહી (૩)
૨૭ કાંસીજોડ, ઝાંઝ (૪)
૨૮ .... રાખવી = સંભાળ કે તપાસ રાખવી (૪)
૨૯ મીઠા વિનાનું (૩)

### ઊભી ચાવી

૧ મરોડ (૩)
૨ ભગવાનને ત્યાં ..... છે અંધેર નહીં (૨)
૩ વળૂંકો, મરોડ (૩)
૪ ગાય - ભેંસનું ટોળું (૨)
૫ પડ (૨)
૬ ઈચ્છા, આતુરતા (૩)
૭ હવા (૩)
૯ સાધુનું જળપાત્ર (૪)
૧૦ પાપ (૩)
૧૧ બનાવટી (૩)
૧૨ ઠીંગણું (૩)
૧૩ માનપ્રદ (૩)
૧૫ દાવપેચ (૪)
૨૧ દુર્લભ (૩)
૨૨ એક... ને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ (૩)
૨૩ પુસ્તક, ચોપડી (૩)
૨૫ મંદિરની અંદરનો ભાગ (૩)
૨૬ મૂળ, પાયો (૨)
૨૭ કુંવારી છોકરી (૨)
૨૮ ઋણ, કરજ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રૂ | ૨ ઢિ | ગ્ર | ૩ સ્ત | ■ | ■ | ૪ લ | ક્ષ | ૫ વે | ૬ પી |
| ૭ પ | લ | ■ | વ | ■ | ૮ ઠા | લ | ■ | ૯ તા | ર |
| રે | ■ | ૧૦ દા | ન | ૧૨ વ | ■ | ૧૩ ના | ૧૪ મી | ■ | ધા |
| ૧૫ ખા | ૧૬ વિં | દ | ■ | ૧૭ હી | ણું | ■ | ૧૮ માં | ૧૯ જ | ર |
| ■ | ધ્યા | ■ | ૨૦ ઉ | ■ | ■ | ૨૧ કં | સા | ર | ■ |
| ■ | ૨૨ ચ | ૨૩ તુ | ર | ■ | ■ | થ | ■ | થો | ■ |
| ૨૪ ઝા | લ | ર | ■ | ૨૫ શી | ૨૬ શ | ■ | ૨૭ આ | સ્તી | ૨૮ ક |
| ડ | ■ | ૨૯ ત | ૩૦ ક | ■ | ૩૧ નિ | ૩૨ રા | શ | ■ | હે |
| ૩૩ પા | ૩૪ ક | ■ | ૩૫ દ | પિ | ■ | ક્ષ | ■ | ૩૬ ભા | વ |
| ૩૭ ન | મ | સ્કા | ર | ■ | ■ | ૩૮ સ | વ | લ | ત |

## ઓળખાણ પડી?

સમાજવાદી વિચારસરણી ધરાવતા પત્રકારમાંથી કાળક્રમે ફાસીવાદને ઉત્તેજન આપનારા ઈટલીના આક્રમક નેતાની ઓળખાણ પડી?

અ) યેલ્તસિન
બ) ચર્ચિલ
ક) મુસોલિની
ડ) મોશે દયાં



## સુડોકુ-૯૨૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૨ | | | | ૧ | | ૯ |
| ૯ | ૭ | | ૮ | | ૧ | | ૪ | ૨ |
| ૮ | | | ૨ | | ૪ | | | ૬ |
| | ૮ | | ૪ | | ૯ | | ૫ | |
| | | | | | | | | |
| | ૪ | | ૬ | | ૨ | | ૭ | |
| ૩ | | | ૭ | | ૫ | | | ૧ |
| ૭ | ૧ | | ૯ | | ૮ | | ૬ | ૫ |
| ૨ | | ૫ | | | | ૮ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૪ | ૩ | ૭ | ૫ | ૯ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૬ | ૫ | ૨ | ૩ | ૭ | ૧ |
| ૫ | ૩ | ૭ | ૮ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ |
| ૬ | ૭ | ૧ | ૫ | ૨ | ૮ | ૪ | ૩ | ૯ |
| ૩ | ૯ | ૨ | ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૫ |
| ૪ | ૮ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ | ૧ | ૨ |
| ૧ | ૬ | ૩ | ૨ | ૮ | ૪ | ૯ | ૫ | ૭ |
| ૭ | ૨ | ૮ | ૩ | ૯ | ૫ | ૧ | ૬ | ૪ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૬ | ૧ | ૮ | ૨ | ૩ |

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં ઈમારતી લાકડું સંતાયું છે એ શોધી કાઢો.
વિના રે વાદળ, વિના રે વીજળી, જળ સાગર ભરિયું

## માઈન્ડ ગેમ

૧૯૬૫થી એનાયત કરવામાં આવતો પ્રતિષ્ઠિત જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ હિન્દીભાષી સર્જકનું નામ કહી શકશો?

અ) હરિવંશરાય બચ્ચન ૨) સચ્ચીદાનંદ વાત્સાયન
૩) મહાદેવી વર્મા ૪) સુમિત્રાનંદન પંત

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| चोख | સ્પષ્ટ |
| चुकार | કામચોર |
| चेंगट | ચીકણું |
| चेंगरणे | ચગદાવું |
| चुरस | હરીફાઈ |

**ગુજબરાત મોરી મોરી રેઃ**
જમાઈ

**ઓળખાણ પડી?**
સુકાર્ણો

**માઈન્ડ ગેમ :**
ધુમ્મસ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
નાર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નીતા દેસાઈ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) નિખીલ બંગાળી (૧૭) અમીષી બંગાળી (૧૮) મહેશ એન. સંઘવી (૧૯) તાહેર ઔરંગાબાદવાળા (૨૦) શીરીન ઔરંગાબાદવાળા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) કિરીટ છેડા (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) ચેતના છેડા (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) કમલ માટલીયા (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલીયા (૩૩) અલકા વાણી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૬) જયવંત પદમશી ચિખલ (૩૭) દિપીકા દોશી (૩૮) ડાયના સંતોક (૩૯) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) નિતીન જયંતીલાલ બજરીયા (૪૨) ડગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) પ્રવીણ વોરા (૪૪) અરવિંદ કામદાર (૪૫) ડો. પ્રકાશ કટકીયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) હીના દલાલ (૫૦) રમેશ દલાલ (૫૧) ઈનાક્ષી દલાલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી

# નારાબાજી વચ્ચે મુંબઈમાં ભાજપના મેયરે પદભાર સંભાળ્યો

## ગગરાણીને પ્રિસાઈડીંગ ઓફિસર બનાવવા મુદ્દે વિરોધ પક્ષનો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'પન્નનાસ ખોખે એકદમ ઓકે' અને 'ચોર-ચોર'ના વિરોધ પક્ષના નારા અને એ બાદ શિવસેના (યુટીબી)ના વોકઆઉટ વચ્ચે બુધવારે ભાજપના રિતુ તાવડે મુંબઈના ૭૮મા મેયર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા, જ્યારે શિવસેના (શિંદે)ના સંજય ઘાડીએ ડેપ્યુટી મેયર તરીકેનો પદભાર સ્વીકાર્યો હતો. રિતુ તાવડે મેયર

(જુઓ પાનું ૪) ▶▶

## 'અસ્સલ'મરાઠી ચહેરોઃ ફડણવીસ

મુંબઈ મહાનગરપાલિકાના મૅયર પદ સમગ્ર રાજ્યની નજર મંડાયેલી હતી ત્યારે બુધવારે આખરે રિતુ તાવડેએ મૅયર પદનો સ્વીકાર કર્યો હતો અને શિંદેસેનાના સંજય ઘાડીએ ડેપ્યુટી મૅયર પદે નીમાયા હતા.

એ સાથે જ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈને હિંદુ અને 'અસ્સલ' મરાઠી મેયર આપ્યો હોવાનું મિડિયા સાથેની વાતચીત દરમ્યાન કહ્યું હતું. મુંબઈમાં મેયરના નામની જાહેરાત

(જુઓ પાનું ૪) ▶▶

## હું ગુજરાતીઓના મતોથી જીતી છુંઃ મેયર

મુંબઈના મૅયર પદનો સ્વીકાર કર્યા બાદ રિતુ તાવડેને મુંબઈમાં મરાઠી સિવાયના અન્ય ભાષીઓ અસ્તિત્વ બાબતે સવાલ કરવામાં આવતા કહ્યું હતું કે મુંબઈ એક પંચરંગી શહેર છે. બધી જાતિના અને ભાષાના લોકો મુંબઈમાં સ્થાયી થયા છે અને તેમનો મુંબઈના

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં પણ મૅયરે અખત્યાર સંભાળ્યો

થાણે શહેરમાં પણ બુધવારે મૅયર અને ડેપ્યુટી મૅયરના ઉમેદવારોએ પદનો સ્વીકાર કર્યો હતો. એકનાથ શિંદેની હાજરીમાં બુધવારે શિંદેસેનાના શર્મિલા પિંપળોલકરે મેયર અને ભાજપના કૃષ્ણા દાદુ પાટીલે ડેપ્યુટી મૅયર પદ પર બિનહરીફ ચૂંટાયા હતા. ■

## પ્રણય ત્રિકોણનો અંત લાવવા ગોળી મારી યુવતીની હત્યાઃ ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોવંડીમાં પ્રણય ત્રિકોણનો અંત લાવવા માટે ગોળી મારી યુવતીની કથિત હત્યા કરવાના કેસમાં પોલીસે પ્રેમીપંખીડા સહિત ચારની ધરપકડ કરી હતી.

ગોવંડીના શિવાજી નગરમાં બૈગન વાડી વિસ્તારના કમલા રામન નગરમાં મંગળવારની બપોરે ૧૨ વાગ્યાની આસપાસ શિફા શેખ (૧૯) પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. લમણે ગોળી વાગતાં શિફાનું મોત નીપજ્યું હતું. આ કેસમાં પોલીસે મોડી રાતે તબસ્સુમ, નદીમ, કલામ અને તબસ્સુમના ભાઈની ધરપકડ કરી હતી. બુધવારે કુર્લા કોર્ટે ચારેયને ૧૮ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શિફા અને એ જ પરિસરમાં રહેતા નદીમ વચ્ચે પ્રેમપ્રકરણ હતું. જોકે નદીમ તબસ્સુમ નામની બીજી યુવતીના પ્રેમમાં હોઈ તેની સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતો હોવાની જાણ શિફાને થઈ હતી. આ મુદ્દે શિફા અને નદીમ વચ્ચે બોલાચાલી થઈ હતી. નદીમ ડ્રગ્સની

(જુઓ પાનું ૪) ▶▶

## આતંક ઊભો કરવાને ઈરાદે રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર કરાયોઃ પોલીસ

### પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ એમસીઓસીએ લગાવાયોઃ જેલમાં બંધ પ્રવીણ લોણકરને ઈશારે પિસ્તોલ પહોંચાડાઈ

મુંબઈ: ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાન પર ગોળીબાર કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓ મુંબઈમાં આતંક ઊભો કરવા માગતા હતા, એવું વિશેષ અદાલતમાં જણાવી પોલીસે દાવો કર્યો હતો કે જેલમાં બંધ લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના સભ્ય પ્રવીણ લોણકરને ઇશારે ગોળીબાર માટે પિસ્તોલ પૂરી પાડવામાં આવી હતી.

જૂહુમાં શેટ્ટી ટાવર પર ગોળીબારના કેસમાં પોલીસે પાંચ આરોપી આદિત્ય ગાયકી (૧૯) સિદ્ધાર્થ યેનપુરે (૨૦), સમર્થ પોમાજી (૧૮), સ્વપ્નિલ સકટ (૨૩) અને આસારામ ફાસલે (૪૨)ની ધરપકડ કરી હતી. આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચની એન્ટી એક્સ્ટોર્શન સેલને સોંપાઈ હતી. બુધવારે પાંચેય આરોપીની કસ્ટડી પૂરી થતી હોવાથી તેમને વિશેષ એમસીઓસીએ કોર્ટ સમક્ષ હાજર કરાયા હતા. કોર્ટે તેમને ૧૭ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ તપાસ

(જુઓ પાનું ૪) ▶▶

## કેળવે રોડ ખાતે ટેક્નિકલ ખામીને કારણે હેલિકૉપ્ટરનું સ્કૂલના મેદાનમાં ઇમર્જન્સી લેન્ડિંગ




પાલઘરઃ જુહુથી સુરત તરફ જવા નીકળેલા હૅલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામી સર્જાતાં કેળવે રોડ ખાતે તેનું ઇમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. હૅલિકોપ્ટરમાં ટેક્નકલ ખામી (ઍરર) દૂર કર્યા બાદ ૪૫ મિનિટ પછી હૅલિકોપ્ટર ફરી ઉડાણ ભર્યું હતું. હૅલિકોપ્ટરમાં હાજર કોઇને પણ આ ઘટનામાં ઇજા થઇ નહોતી.

કેળવે રોડ વિસ્તારમાં બપોરે સાડાબાર વાગ્યાની આસપાસ હૅલિકોપ્ટર ચક્કર લગાવી રહ્યું હતું. હૅલિકોપ્ટરના પાઇલટે કેળવે રોડ ખાતે આવેલી વિદ્યાવૈભવ હાઇ સ્કૂલના મેદાનમાં તેનું સુરક્ષિત લેન્ડિંગ કર્યું હતું. હૅલિકોપ્ટરના ચાર જણ હાજર હતા, જેમાં પાઇલટ, કો-પાઇલટ, ટેક્નિકલ સ્ટાફ (એન્જિનિયર) તથા એક વ્યક્તિનો સમાવેશ હતો.

ઉડાણ દરમિયાન હૅલિકોપ્ટરમાં 'રેડ લાઇટ' ચાલુ થઇ અને પાઇલટે સંભવિત જોખમને ઓળખીને તાત્કાલિક નજીકમાં ખુલ્લું મેદાન શોધી કાઢ્યું હતું. પરિસ્થિતિ ગંભીર બને તે પહેલા હૅલિકોપ્ટરને સ્કૂલના મેદાનમાં ઉતારવામાં આવ્યું હતું.

ઇમર્જન્સી લેન્ડિંગ બાદ ટેક્નિકલ ટીમનોસંપર્ક સાધીને તેમના માર્ગદર્શન હેઠળ ટેક્નિકલ ખામી દૂર કરવામાં આવી અને ૪૫ મિનિટ બાદ હૅલિકોપ્ટરને સુરતને બદલેજુહુ ખાતે મુખ્ય કાર્યાલયમાં પાછું લઇ જવામાં આવ્યું હતું.

હૅલિકોપ્ટરનો અવાજ સાંભળ્યા બાદ કેળવે રોડ પોલીસ ચોકીમાંના કર્મચારીઓ સ્કૂલ નજીક પહોંચી ગયા હતા. હૅલિકોપ્ટરનું સ્કૂલના મેદાનમાં લેન્ડિંગ થયા બાદ તેને જોવા માટે લોકો ઊમટી પડ્યા હતા. આથી બંદોબસ્ત માટે સફાળે ખાતેથી પોલીસ કર્મચારીઓને બોલાવાયા હતા. ■

## અજિત પવારના અકસ્માતની તપાસ કયા અગ્રણી નેતાએ અટકાવીઃ રોહિત પવાર

### તપાસ પહેલા કશું કહેવું યોગ્ય નથીઃ સીએમ

મુંબઈ: રાજ્યના સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની વિમાન દુર્ઘટનાને ૧૫ દિવસ થઈ ગયા છે. અજિતદાદાના તેરમાનો વિધિ પૂરો થયા પછી પોતે આ અકસ્માત વિશે વિગતવાર વાત કરશે એમ તેમના ભત્રીજા અને વિધાન સભ્ય રોહિત પવારે કહ્યું હતું. બુધવારે એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે અકસ્માતની પાર્શ્વભૂમિ પર વિમાન માલિક અને એરલાઇનના સંચાલન પર શંકા વ્યક્ત કરી હતી. નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી નવા દાવા કર્યા હતા. બારામતી અકસ્માતની તપાસ યુરોપિયન એજન્સીને સોંપવાની હતી, પરંતુ એક અગ્રણી નેતાએ તપાસને અટકાવી દીધી હોવાનો ખળભળ મચાવી દેતો આરોપ તેમણે કર્યો હતો. રોહિત પવારના આરોપ પછી એ અગ્રણી નેતા કોણ છે એની ચર્ચા શરૂ થઈ ગઈ છે.

અજિત પવારનું વિમાન અકસ્માતમાં તૂટી પડ્યું નહોતું પણ એને તોડી પાડવામાં આવ્યું હતું એવી રોહિત પવારને શંકા છે. અકસ્માતની તપાસ સીઆઇડી દ્વારા નહીં પણ ડીજીસીએ સહિત અનુભવી વિદેશી સંસ્થાઓના સહયોગ દ્વારા કરવામાં આવે એવી માંગણી કરવામાં આવી હતી. જોકે એક અગ્રણી વ્યક્તિના હસ્તક્ષેપને કારણે વિદેશમાં અનુભવી સંસ્થાઓ દ્વારા તપાસ અટકાવી દેવામાં આવી હતી એમ રોહિત પવારે જણાવ્યું હતું.

યુરોપ જવા પર પ્રતિબંધ હતો ત્યારે

(જુઓ પાનું ૪) ▶▶

### એ અકસ્માત નહોતો, કાવતરું જઃ હવે પિંકી માળીના પિતાનો ગંભીર આરોપ

મુંબઈ: બારામતીમાં થયેલા વિમાન દુર્ઘટનામાં અજિત પવાર સાથે ફ્લાઈટ એટેન્ડન્ટ પિંકી માળીનું પણ મૃત્યુ થયું હતું. એ દુર્ઘટના કોઈ અકસ્માત નહોતો પણ કાવતરું હતું એમ અજિત પવાર સાથે અકસ્માતમાં મૃત્યુ પામેલી પિંકી માળીના પિતા શિવકુમાર માળીએ જણાવ્યું હતું. અકસ્માતના દિવસે માત્ર પાયલટ જ નહીં પણ વિમાન પણ બદલાઈ ગયું હતું એવા તેમણે કરેલા દાવાથી દેશભરમાં ખળભળાટ મચી ગયો છે.

મંગળવારે અજિત પવારના ભત્રીજા અને એનસીપી નેતા વિધાન સભ્ય રોહિત પવારે પણ એક પ્રેસ કોન્ફરન્સમાં અજિત પવારના મૃત્યુ અંગે

(જુઓ પાનું ૪) ▶▶

### ₹૫૦ કરોડનું કાવતરું?

મુંબઈ: અજિત પવાર જૂથના નેતા અમોલ મિટકરીએ જણાવ્યું હતું કે અમને પહેલા દિવસથી જ શંકા છે કે આ અકસ્માત નથી, પરંતુ કાવતરું છે. તેથી આ મામલે સંપૂર્ણ તપાસ થવી જોઈએ. સીસીટીવી ફૂટેજ સામે આવવા જોઈએ. વીએસઆર કંપનીએ પિંકી માળીના પિતાને કોઈ મદદ કરી નથી. વીએસઆર કંપનીએ માત્ર પાયલટનો જ વીમો લીધો હતો. તે પણ ડિસેમ્બર મહિનામાં અને જાન્યુઆરીમાં અકસ્માત થયો. તેથી મને શંકા છે કે પાયલટને પૈસાની લાલચ આપીને અથવા હિપનોટાઈઝ કરીને આ કાવતરુ ઘડવામાં આવ્યો હોઈ શકે છે.

અમોલ મિટકરીએ ચાર દિવસ પહેલા ટ્વિટ કરીને માહિતી આપી હતી કે વીએસઆર કંપનીએ ડિસેમ્બર ૨૦૨૫માં

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં ટીએમટીની બસમાં આગઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે મહાનગરપાલિકાની બસમાં બુધવારે બપોરના સાકેત રોડ પર અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે બસમાં રહેલા તમામ પ્રવાસીઓ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં સાકેત રોડ પર કલવા નવા બ્રિડ નજીક બપોરના ૧.૦૬ વાગે સિડકો બસ ડેપોથી વાયા સાકેત રોડ આ બસ કાલ્હેર તરફ જઈ રહી હતી ત્યારે મામૂલી આગ લાગી હતી. બસના ડ્રાઈવરના જણાવ્યા મુજબ બસ સાકેત રોડ પરથી પસાર થઈ હતી ત્યારે બસનું સાયલેન્સર ગરમ થઈને તેમાં અચાનક આગ ફાટી નીકળી હતી. તેથી બસને તરત એક બાજુએ લઈ લીધા હતી અને તેમાં સવાર ૨૦થી ૨૫ પ્રવાસીઓને તરત બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગને બુઝાવી દીધી હતી. આ દરમ્યાન બસમાં રહેલા પ્રવાસીઓને અન્ય બસમાં બેસાડીને રવાના કરવામાં આવ્યા હતા. ■

## પાર્થ પવાર અને જય પવાર વચ્ચે વિવાદ?

મુંબઈ: અજિત પવારના પરિવારમાં વિવાદ ચાલી રહ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. મીડિયામાં એવી માહિતી સામે આવી છે કે અજિતદાદાના અવસાન પછી તેમના પુત્રો પાર્થ પવાર અને જય પવાર વચ્ચે મતભેદ થયો હતો.

વાસ્તવમાં અજિત પવારના અવસાન પછી રાષ્ટ્રવાદી કાર્યકરો અને પદાધિકારીઓ દ્વારા માગ કરવામાં આવી રહી છે કે તેમના માટે એક સ્મારક અને સંગ્રહાલય બનાવવામાં આવે. પાર્થ પવાર અને જય પવાર વચ્ચે આ સ્મારક અને સંગ્રહાલયના સ્થાન અંગે મતભેદ થયો હોવાની માહિતી સામે આવી છે. જોકે એવું કહેવામાં આવી રહ્યું છે કે આમાં કંઈ સત્ય નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર જય પવારે મંગળવારે મંત્રાલયમાં કેટલાક મહત્વપૂર્ણ પક્ષના પદાધિકારીઓ સાથે વાતચીત કરી હતી. આ વખતે કેટલાક પક્ષના પદાધિકારીઓ સમક્ષ પોતાનો અભિપ્રાય સમજાવતા તેમણે પુણેમાં અજિત પવારનું સંગ્રહાલય રાખવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. અજિત પવારને પુણે પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેથી જય પવારે એવો અભિપ્રાય રજૂ કર્યો હતો કે સ્મારક અને સંગ્રહાલય પુણેમાં હોવું જોઈએ.

બીજી તરફ પાર્થ પવારના મતે અજિત પવારનું સ્મારક અને સંગ્રહાલય તેમની કર્મભૂમિએ એટલે કે બારામતીમાં હોવું જોઈએ. બારામતી એ પવારની ઓળખ છે, તેથી પાર્થે આગ્રહ કર્યો હતો કે તેમનું સ્મારક બારામતીમાં હોવું જોઈએ. ■

## મહારાષ્ટ્રમાં વીજળી ૧૬ ટકા મોંઘી થશે?

### કૉંગ્રેસ નેતાનો દાવો

મુંબઈ: ઉનાળાની શરૂઆત પહેલા જ વીજળીના દરના મુદ્દે રાજકીય ગરમાવો આવવાના સંકેત છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વીજળીના દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરીને જનતા સાથે છેતરપિંડી કરી છે એવો આરોપ કરી કોંગ્રેસના નેતા અતુલ લોંઢેએ દાવો કર્યો છે કે વીજળી સસ્તી નહીં થાય પણ ૧૬ ટકા મોંઘી થશે. સિવાય કર્ણાટક, તેલંગાણા અને ગુજરાતમાં વીજળીના દર મહારાષ્ટ્ર કરતા કેવી રીતે ઓછા છે? એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો છે.

કોંગ્રેસના નેતા અતુલ લોંઢેએ પત્રકાર પરિષદ યોજી વીજળીના ભાવ વધારાના મુદ્દે કહ્યું છે કે રાજ્યમાં વીજળીના ભાવમાં ૨૦ થી ૪૦ ટકાનો વધારો થશે. સરકાર સામાન્ય માણસની કમર તોડી નાખવાનો નિર્ણય લઈ રહી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી હતી કે રાજ્યના વીજ ગ્રાહકોને સસ્તી વીજળી મળશે. એવું કહેવામાં આવ્યું હતું કે પાંચ વર્ષમાં વીજળીના દરમાં ૫૦ ટકા અને પહેલા વર્ષમાં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવશે. જોકે, વાસ્તવિકતા વિપરીત છે. વીજળીના દરમાં ઘટાડો નહીં થાય, પરંતુ ૧૬ ટકાનો વધારો થશે તેવા ગંભીર આક્ષેપો કરી અતુલ લોંઢેએ દેવેન્દ્ર ફડણવીસ પાસે આ સંદર્ભે સ્પષ્ટતા માગી હતી.

કૉંગ્રેસ નેતાએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત, કર્ણાટક અને તેલંગાણામાં વીજળીના દર મહારાષ્ટ્ર કરતા ઓછા છે. ગુજરાતમાં ઘરેલુ વીજળીનો દર ૩.૦ થી ૫.૨ રૂપિયા પ્રતિ યુનિટ છે, કર્ણાટકમાં તે ૩.૭ થી ૭.૩ રૂપિયા પ્રતિ યુનિટ છે, તેલંગાણામાં તે ૨ થી ૧૦ રૂપિયા પ્રતિ યુનિટ છે, જ્યારે મહારાષ્ટ્રમાં તે જ દર ૪.૪ થી ૧૨.૮ રૂપિયા પ્રતિ યુનિટ છે. વીજ નિર્મિતીનો ખર્ચ દરેક રાજ્યમાં સરખો હોય છે તો મહારાષ્ટ્રમાં જ વીજળી કેમ મોંઘી છે? ■

## સંભાજી નગરમાં શિક્ષણની અધોગતિ

## બારમાની પરીક્ષામાં શિક્ષક જ કોપી કરાવતા નજરે પડ્યા



છત્રપતિ સંભાજી નગરઃ પરીક્ષામાં પારદર્શિતા જાળવવાની જવાબદારી સંભાળનારાઓએ જ નિયમોનું સંપૂર્ણ ઉલ્લંઘન કર્યું. વાડ ઉઠીને ચીભડાં ગળે જેવું શિક્ષણમાં જોવા મળ્યું છે. રાજ્યના કન્નડ તાલુકાના જૈતાપુરમાં આવેલી રાષ્ટ્રીય ઉચ્ચતર માધ્યમિક શાળામાં બારમા ધોરણના અંગ્રેજીના પેપરની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ સામૂહિક રીતે કોપી કરતા હોવાની ઘટના બહાર આવી છે. આઘાતજનક વાત એ છે કે સીસીટીવી કેમેરા ચાલુ હોવા છતાં પણ શિક્ષકો પોતે વિદ્યાર્થીઓને ઉત્તરવહીઓ પૂરી પાડી રહ્યા હતા. આ કિસ્સામાં ૧૯ કર્મચારીઓ સામે ગુનો નોંધી તેમને સસ્પેન્ડ કરવામાં આવશે.

જૈતાપુરના આ કેન્દ્ર પર ૧૪ ક્લાસમાં ૩૨૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા. શિક્ષણ અધિકારી અશ્વિની લાઠકર અને વિસ્તાર અધિકારી સીતારામ પવારની આગેવાની હેઠળની એક ટીમ અચાનક કેન્દ્ર પર આવી પહોંચી હતી. નિરીક્ષણ દરમિયાન ટીમને એવા નવ પેપર મળ્યા જેના પર લખેલા જવાબ એક સરખા હતા. આ માત્ર સંયોગ નથી તેવી શંકા જતા લાઠકરે તાત્કાલિક સીસીટીવી ફૂટેજની તપાસ કરવાનો આદેશ આપ્યો અને અધિકારીઓ નજરે પડેલા દશ્ય

(જુઓ પાનું ૪) ▶▶

## ડિજિટાઇઝેશનને પ્રોત્સાહન આપવા મહારાષ્ટ્રમાં નેશનલ કોમન મોબિલિટી કાર્ડ સિસ્ટમ ફરજિયાત કરાશે

થાણેઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી) સિસ્ટમ લાગુ કરશે. એના પગલે સામાજિક છૂટછાટ મેળવતા મુસાફરો માટે સ્માર્ટ કાર્ડ ફરજિયાત બનશે એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. જાહેર પરિવહન સેવાઓમાં ડિજિટાઇઝેશનને વેગ આપતા આ નિર્ણયની જાહેરાત પરિવહન અને એસટી નિગમના ચેરમેન પ્રતાપ સરનાઈકે કરી હતી.

નવી સિસ્ટમ હેઠળ શાળા અને ટેકનિકલ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને તેમના 'સરળ' નંબર સાથે લિંક કરેલા એનસીએમસી કાર્ડ આપવામાં આવશે. અમૃત વરિષ્ઠ નાગરિકો, સામાન્ય વરિષ્ઠ નાગરિકો અને મહિલા મુસાફરોને આધાર-લિંક્ડ કાર્ડ પ્રાપ્ત થશે. દિવ્યાંગ મુસાફરોને તેમના યુડીઆઈડી નંબર સાથે સંકલિત કાર્ડ આપવામાં આવશે.

સ્વતંત્રતા સેનાનીઓ, માન્યતા પ્રાપ્ત પત્રકારો (એક્રેડિટેડ જર્નલિસ્ટ) અને રાજ્ય કક્ષાના પુરસ્કાર વિજેતાઓને વિભાગીય મુખ્યાલય ડેપો ઓફિસો દ્વારા કાર્ડ જારી કરવામાં આવશે એવી જાણકારી પણ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે કોર્પોરેશને એમ. એબિક્સ ટેક્નોલોજીસ લિમિટેડ અને એનએસડીએલ પેમેન્ટ્સ બેંક સાથે ભાગીદારી કરી છે. રાજ્યવ્યાપી રજિસ્ટ્રેશન ટૂંક સમયમાં તમામ બસ ડેપોમાં શરૂ કરવામાં આવશે.

નવા એનસીએમસી કાર્ડની કિંમત ૧૯૯ રૂપિયા (જીએસટી સહિત) હશે, જ્યારે હાલના સ્માર્ટ કાર્ડ ધારકો જૂનું કાર્ડ સરેન્ડર કરીને ૧૪૯ રૂપિયામાં નવું કાર્ડ મેળવી શકે છે. વોલેટમાં ઓછામાં ઓછું બેલેન્સ ૧૦૦ રૂપિયા રાખવું પાસે અને પછી ૫૦ રૂપિયાના ગુણાંકમાં રિચાર્જની મંજૂરી છે. મુસાફરો ઇલેક્ટ્રોનિક ટિકિટ ઇશ્યુઇંગ મશીન, સત્તાવાર વેબસાઇટ, મોબાઇલ એપ્લિકેશન અથવા અધિકૃત એજન્ટો દ્વારા કાર્ડ રિચાર્જ કરી શકે છે. (પીટીઆઈ)■

## બાંગ્લાદેશીઓને નોકરી પર રાખનારાઓ સામે કાર્યવાહી કરાશે : સરકાર એક્શન મોડમાં

મુંબઈઃ રાજ્ય સરકારે હવે બાંગ્લાદેશથી રોજગાર માટે ઘૂસણખોરોને આશ્રય આપતા બિલ્ડરો, વેપારીઓ અને બિઝનેસમેન સામે કાનૂની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. ગૃહ વિભાગે તાજેતરમાં આ સંદર્ભમાં એક પરિપત્ર બહાર પાડ્યો છે અને તમામ વહીવટી વિભાગોને કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના વ્યક્તિગત ફાયદાને કારણે આંતરિક સુરક્ષા માટે ખતરો ઉભો થઈ રહ્યો હોવાની ચોંકાવનારી હકીકત પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસમાં સામે આવી છે. બાંધકામ વ્યવસાયીઓ, નાના-મોટા ઉદ્યોગસાહસિકો અને વેપારીઓ પોતાના વ્યક્તિગત આર્થિક હિત માટે બાંગ્લાદેશી ઘૂસણખોરોને કામ પર રાખી રહ્યા છે. તેઓ ઓછી મજૂરી લેતા હોવાથી અનેક જગ્યાએ તેમને પ્રાધાન્ય આપવામાં આવે છે. જોકે, આનાથી રાજ્યની અને પરિણામે દેશની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો ઉભો થઈ રહ્યો હોવાનું સરકારે આ પરિપત્રમાં નોંધ્યું હતું.

બાંગ્લાદેશી ઘૂસણખોર નાગરિકોને કોઈપણ વ્યાવસાયિક સંસ્થાઓમાં કામ કરવાની મંજૂરી આપી શકાશે નહીં. બાંધકામ મજૂર, મેકેનિક અને વેલ્ડર, ડ્રાઇવર, પ્લમ્બર અને વેઈટર વગેરે ક્ષેત્રોમાં જો બાંગ્લાદેશી કામદારો મળી આવશે, તો તેના માટે સીધા માલિકોને જવાબદાર ગણવામાં આવશે.

એવું જોવા મળ્યું છે કે ઘુસણખોરો ભારતમાં રહેવા માટે નકલી અને સરકારી ડોક્યુમેન્ટ તૈયાર કરી રહ્યા છે. ટેકનોલોજીનો દુરુપયોગ કરીને મૂળ ડોક્યુમેન્ટ સાથે છેડછાડ કરવામાં આવી રહી છે. આના ઉકેલ તરીકે, તમામ વહીવટી વિભાગોને અરજી સાથે જોડાયેલા પુરાવા અને ડોક્યુમેન્ટની ચકાસણી માટે 'ઓનલાઈન સિસ્ટમ' વિકસાવવા સૂચના આપવામાં આવી છે.

આ નિર્ણયથી હવે ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને આશ્રય આપનારાઓ પર વહીવટીતંત્રનું ધ્યાન કેન્દ્રિત થશે અને નકલી ડોક્યુમેન્ટના આધારે સરકારી યોજનાઓનો લાભ મેળવનારાઓ પર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

## સિગ્નલ પર ઊભેલા સ્કૂટરને એસટી બસે અડફેટમાં લેતાં ચાર વર્ષનો બાળક ઘાયલ

મુંબઈઃ પરેલ વિસ્તારમાં સિગ્નલ પર ઊભેલા સ્કૂટરને એસટી શિવશાહી બસે ટક્કર મારતાં ચાર વર્ષના બાળકને ગંભીર ઇજા થઇ હતી. ઘવાયેલા બાળકની ઓળખ અથાંગ તાડવે તરીકે થઇ હોઇ તેને સારવારાર્થે કેઇએમ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાળકના પિતાએ જણાવ્યું હતું કે મારા પુત્રની તબિયત સુધારા પર છે, પણ ડ્રાઇવરને કઠોર સજા થવી જોઇએ. પરેલમાં રેલવે વર્કશોપ સામે ડો. બી.એ. રોડ પરના સિગ્નલ પર બુધવારે આ અકસ્માત થયો હતો.

મંદાર તાવડે તેની પત્ની અને પુત્ર અથાંગ સાથે સ્કૂટર પર બુધવારે લાલબાગ તરફ જઇ રહ્યો હતો. પરેલ બ્રિજ ઊતર્યા બાદ સ્કૂટર રેલવે વર્કશોપ સામે સિગ્નલ પર થોભ્યું હતું. એ સમયે પાછળથી આવેલી શિવશાહી બસે સ્કૂટરને ટક્કર મારી હતી. શિવશાહી બસ શામરાવ નગરગોજે ચલાવી રહ્યો હતો, જે બીડ જિલ્લાનો વતની છે. આ અકસ્માતમાં અથાંગને ગંભીર ઇજા થઇ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. અથાંગના પિતાને પણ ઇજા થઇ હતી. ડ્રાઇવર શામરાવ નગરગોજે પર બેદરકારીથી અને પૂરપાટ વેગે બસ હંકારવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ભોઇવાડા પોલીસ સ્ટેશનમાં શામરાવ વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ત્રણ દિવસની આગેકૂચને બ્રેકઃ પ્રોફિટ બુકિંગ વચ્ચે બજાર ફરી અથડાઈ ગયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે, સળંગ ત્રણ દિવસીન આગેકૂચ બાદ બુધવારના સત્રમાં પ્રોફિટ બુકીંગને કારણે બજારમાં અફડાતફડી જોવા મળી હતી. નિફ્ટીએ પ્રારંભિક સત્રમાંર ૬,૦૦૦ના આંકને ફરીથી પ્રાપ્ત કર્યો. જોકે, બુધવારના યુએસ રોજગાર અહેવાલ પહેલાના સાવચેતીના માનસને કારણે બાકીના સત્ર માટે બજાર સાંકડી રેન્જમાં અથડાઇ ગયું હતું. આઇટી શેરોની નબળાઇ સામે ઓટો, ફાર્મા અને પીએસયુ બેંકના શેરોમાં સુધારો જોવા મળ્યો હતો. અંતે સેન્સેક્સ ૪૦.૨૮ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા ઘટીને ૮૪,૨૩૩.૬૪ની સપાટીએ અને નિફ્ટી ૧૮.૭૦ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા વધીને ૨૫,૯૫૩.૮૫ પર સ્થિર થયો હતો.

ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેકનોલોજી, ઇટર્નલ, આઇટીસી, ટેક મહિન્દ્રા, એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, અલ્ટ્રા ટેક સિમેન્ટ, ટાઇટન, અદાણી પોર્ટસ, બજાજ ફિનસર્વ અને ટાટા સ્ટીલ ટોપ લુઝસ૪ રહ્યા હતા. જ્યારે સ્ટેટ બેન્ક, મારુતિ, ઇન્ડિગો, ટ્રેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક, સન ફાર્મા, એચયુેલ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનર રહ્યા હતા.

ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડમાં સરકારી સ્ટેક સેલ માટે ઓએફએસ શરૂ થયા બાદ તેના શેરમાં છ ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. ક્લાઉડ સર્વિસીસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઇટી સર્વિસીસ પૂરી પાડતી ગ્લોબલ આઇટી સર્વિસીસ કંપની, દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪.૦૭ વૃદ્ધિ સાથે રૂ. ૧૩૭.૫૦ કરોડની કુલ આવક અને ૩૮૮.૩૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૬.૬૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.




ટાઇટને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૬૦.૮૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૬૮૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યા બાદ તેનો શેર બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ભારતની અગ્રણી વિમેન્સ વેર મેન્યુફેક્ચર્સ કંપની નંદની ક્રિએશન લિમિટેડએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા નવ મહિના દરમિયાન ચોખ્ખા વેચાણમાં વાર્ષિક ધોરણે ૬૫ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૦૦ ટકા વૃદ્ધિ થઈ છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માટે વેચાણમાં રૂ. ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે, જે વાર્ષિક ધોરણે ૪૬ ટકાનો વધારો દર્શાવે છે

ઔદ્યોગિક હલચલમાં ભારતના સૌથી વધુ શહેરીકૃત રાજ્યોમાંના એક તરીકે, મહારાષ્ટ્ર તેની શહેરી વિકાસ યાત્રા અને ભાવિ પ્રાથમિકતાઓ રજૂ કરવા માટે તૈયાર છે, જેમાં ભારતની રિઅલ એસ્ટેટ ક્ષેત્રની ટોચની સંસ્થા રાષ્ટ્રીય રિઅલ ક્ષેત્ર વિકાસ પરિષદ (નારેડકો), મહારાષ્ટ્ર રાષ્ટ્રીય શહેરી અને રિયલ એસ્ટેટ વિકાસ કોન્ક્લેવ ૨૦૨૬માં રાજ્યની ભાગીદારીનું નેતૃત્વ કરશે, જે ૧૩મીએ નવી દિલ્હીમાં યશોભૂમી ખાતે આયોજિત થશે.

એસઇપીસી લિમિટેડને રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ પંજાબ (મધ્ય ઝોન)માં સ્માર્ટ પ્રીપેડ મીટિંગ પ્રોજેક્ટના અમલીકરણ માટે ભારત સરકારની જાહેર ક્ષેત્રની કંપની ટેલિકોમ્યુનિકેશન્સ કન્સલ્ટ્સ ઈન્ડિયા લિમિટેડ તરફથી લેટર ઓફ ઈન્ટેન્ટ હાંસલ થયો છે. સમગ્ર પ્રોજેક્ટનું મૂલ્ય ૩૧૩.૯૬ કરોડ રૂપિયા છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૭ ટકાનો વધારો નોંધાવનાર બ્રિટાનીયા ઇન્ડસ્ટ્રીઝનો શેર સત્રમાં પાંચ ટકા ઊછળ્યો હતો.

વિશ્વના બીજા સૌથી મોટા કાસ્ટિંગ ઉત્પાદક ભારતનો ફાઉન્ડ્રી ઉદ્યોગઝડપી ગતિએ વિસ્તરી રહ્યો છે. ૨૦૨૪માં ૨૩.૬ અબજ ડોલર મૂલ્ય ધરાવતો આ ઉદ્યોગ ૨૦૨૯ સુધી ૪૨.૫ અબજ ડોલર સુધી પહોંચવાની સંભાવના છે, જે આશરે ૯.૪ ટકાની ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે. આ માહિતી ઇન્ડિયન ફાઉન્ડ્રી કોંગ્રેસ ઓફ ઇન્ડિયા દ્વારા ભારત ફાઉન્ડ્રી ૩૬૦ ઓનસાઇટ ૨૦૨૫-૨૦૪૭ રિપોર્ટમાં આપવામાં આવી છે.

ભારતના અગ્રણી બીટુબી જ્વેલરી ઉત્પાદકોમાંના એક, આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૫.૬૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૪૬.૬૧ કરોડની કુલ આવક અને ૫૩.૨૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અશોક લેલેન્ડે ૫.૧૯ ટકાના વધારા સાથે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૮૬૨.૨૪ કરોડનો નફો નોંધાવ્યો છે.

એફએમસીજી ક્ષેત્રની નટ્સ અને મેલ્ટ એન મેલો બ્રાન્ડ્સ હેઠળ ડ્રાયફ્રૂટ્સ, બદામ અને આઈસ્ક્રીમનો વૈવિધ્યસભર પોર્ટફોલિયો ધરાવતી કંપની કૃષિવલ ફૂડ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે બાવન ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૯૭.૫૭ કરોડની કુલ આવક ૭૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮.૮૯ કરોડનો એબિટા અને ૯૯ ટકાના વધારા સાથે રૂ. ૧૬.૬૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સર્વિઅર ઇન્ડિયા ભારતમાં કાર્ડિયો-મેટાબોલિઝમ અને વેનસ રોગોમાં સિંગલ પિલ કોમ્બિનેશન માટે સમર્પિત પ્લેટફોર્મ સ્થાપિત કરી રહી છે. ઇન્ડો-ફ્રેન્ચ સહયોગના એક મોડેલ અંતર્ગત ૨૦૨૬માં લગભગ ૧૫ મિલિયન યુરોનું રોકાણ કરીને એક પ્લેટફોર્મ સ્થાપિત કરાશે અને ભારતીય ભાગીદારો સાથે કામ કરવામાં આવશે જેથી ઉચ્ચ ગુણવત્તાવાળા સિંગલ પિલ કોમ્બિનેશન વિકસાવવામાં આવે જે ભારતમાંથી ઘણા દેશોમાં નિકાસ કરવામાં આવશે.

ક્ષેત્રીય મોરચે ઓટો ઇન્ડેક્સ ૧.૩ ટકા વધ્યો, પીએસયુ બેંક અને ફાર્મા પ્રત્યેક એક એક ટકા વધ્યા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ ૦.૫ ટકા વધ્યો, જ્યારે આઇટી ઇન્ડેક્સ ૧.૭ ટકા ઘટ્યો. નિફ્ટીમાં આઇશર મોટર્સ, એપોલો હોસ્પિટલ્સ, મેક્સ હેલ્થકેર, એસબીઆઇ, મારુતિ સુઝુકી મુખ્ય વધનારા શેર હતા, જ્યારે ટોપ લુઝર્સમાં કોલ ઇન્ડિયા, ટીસીએસ, એચસીએલ ટેક્નોલોજીસ, ઇટર્નલ અને ઇન્ફોસિસનો સમાવેશ થાય છે.

નિષ્ણાતો કહે છે કે ટેરિફ સંબંધિત ચિંતાઓ તાજેતરમાં ઓછી થઈ છે. જો કે, બજારની દિશા હવે કોર્પોરેટ કમાણી અને આર્થિક નીતિના પગલાં પર નિર્ભર રહેશે. રોકાણકારો ત્રીજા ક્વાર્ટરના કોર્પોરેટ પરિણામો અને સરકારી પોલિસી સપોર્ટ પગલાં પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. બજારના નિષ્ણાતો માને છે કે કમાણીમાં સુધારો તેજીને ટકાવી રાખવા માટે મહત્વપૂર્ણ રહેશે.

## ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં રૂ. ૭૩૪૯નો અને સોનામાં રૂ. ૧૦૬૭નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટાની જાહેરાત પૂર્વે ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઘટીને એક મહિનાની નીચી સપાટીએ પહોંચતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ઘટ્યા મથાળેથી સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં ૫.૪ ટકાનો ઉછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૩થી ૧૦૬૭નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૩૪૯નો ઉછાળો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં તેજીનો કરંટ જોવા મળતા વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૩૪૯ની તેજી સાથે રૂ. ૨,૬૬,૪૪૯ના મથાળે રહ્યા હતા. આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલી રહી હતી, જ્યારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૩ વધીને રૂ. ૧,૫૬,૬૯૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૬૭ વધીને રૂ. ૧,૫૭,૩૨૨ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૫૦૭૪.૩૯ ડૉલર આસપાસ અને એપ્રિલ વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૫૦૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગઈકાલે હાજરમાં ચાંદીના ભાવમાં ત્રણ ટકા જેટલો ઘટાડો થયા બાદ આજે ૫.૪ ટકા ઉછળીને ઔંસદીઠ ૮૫.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની નીચી સપાટી આસપાસ પહોંચ્યો હોવાથી સોનામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું કાર્સ્ટન મેન્કેનાં વિશ્લેષક જુલિયસ બૅરે જણાવતા ઉમેર્યું હતું કે આ ઉપરાંત અમેરિકાના ડિસેમ્બર મહિનાના રિટેલ વેચાણમાં ઘટાડો થવાની સાથે ઑક્ટોબર તથા નવેમ્બર મહિનાના રિટેલ વેચાણમાં ઘટાડાતરફી સુધારો કરવામાં આવ્યો હોવાથી અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ બે મહિનાની નીચી સપાટીએ પહોંચતા સોના ચાંદીની તેજીને પ્રેરકબળ મળ્યું હતું.

વધુમાં આજે મોડી સાંજે અમેરિકાના જાન્યુઆરી મહિનાના નોન ફાર્મ પૅરોલ ડેટાની જાહેરાત થનાર છે, જેમાં રોજગાર વૃદ્ધિમાં ડિસેમ્બર મહિનાના ૫૦,૦૦૦ સામે વધીને ૭૦,૦૦૦નો વધારો થવાનો અંદાજ રોઈટર્સ દ્વારા કરવામાં આવેલા અર્થશાસ્ત્રીઓના સર્વેક્ષણમાં ફલિત થયું હતું. તેમ છતાં રોજગાર વૃદ્ધિમાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળશે તો અમેરિકી ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં કાપ મૂકવાનો ટેકો મળતાં સોનામાં પણ સુધારાને ટેકો મળશે, એમ વિશ્લેષકોએ જણાવ્યું હતું.

## ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ગત ડિસેમ્બરમાં કોપરનું ઉત્પાદન કરતી બીએચપી જૂથની કંપની એસ્કોન્ડિડાનું ઉત્પાદન ૧૬.૫૦ ટકા ઘટ્યું હોવાના અને કોડેલ્કોના ઉત્પાદનમાં ૩.૭ ટકાનો વધારો થયો હોવાના મિશ્ર અહેવાલ હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ચીનની માગના આશાવાદને કારણે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૩, રૂ. ૩૯ અને રૂ. છની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી બે વધી આવ્યા હતા. તેમ જ આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીના દબાણે ભાવ કિલોદીઠ



રૂ. પાંચ ઘટી આવ્યા હતા અને નિરસ માગે કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ટીનમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૩ વધીને રૂ. ૪૭૨૩ના મથાળે રહ્યા હતા. આ ઉપરાંત સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૯ વધીને રૂ. ૧૬૧૭ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૨૭૧ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૩૫ અને રૂ. ૧૯૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૩૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૧૦૮ અને નિરસ માગે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૨૦૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૫૮નું ગાબડું, સ્મોલ ગ્રેડમાં ધીમો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૧૦થી ૩૭૬૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ, ખપપૂરતી રિટેલ માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૮નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૬૨થી ૩૯૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલ, મર્યાદિત માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૫૮ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૪૨માં થયા હતા.


વધુમાં આજે મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં નાકા ડિલિવરી ધોરણે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા.

## ડૉલરમાં આયાતકારોની માગ અને ક્રૂડતેલના ભાવ વધતાં રૂપિયો ૧૨ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આયાતકારોની ડૉલરમાં લેવાલી ઉપરાંત ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો અને ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશને કારણે રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૫૬ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૯૦.૫૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૫ અને ઉપરમાં ૯૦.૪૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય




બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

એકંદરે આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવવાની સાથે આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે અમેરિકાના નોન ફાર્મ પૅરોલના અને રિટેલ વેચાણના ડેટાની જાહેરાત પૂર્વે ડૉલર ઈન્ડેક્સ દબાણ હેઠળ રહ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૯.૪૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

વધુમાં એક ફોરેક્સ ટ્રેડરે જણાવ્યું હતું કે ગઈકાલે અમેરિકાએ ભારત-અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલની ફેક્ટ શીટની જાહેરાત કરી હતી તેને બજારે સત્રના આરંભે આવકારી હતી, પરંતુ ત્યાર બાદ ભારતે અમેરિકી ઔદ્યોગિક ઉત્પાદનોની અને અમેરિકી ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોની આયાત જકાતમાં ઘટાડો કરશે એવા નિર્દેશો મળતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ખાદ્ય અને કૃષિ ઉત્પાદનો જેમાં ડ્રાય ડિસ્ટિલિયરી અનાજ, લાલ જુવાર, ટ્રી નટ્સ, તાજા અને પ્રોસેસ્ડ થયેલાં ફળો, અમુક કઠોળ, સોયાબીન તેલ, વાઈન-દારૂ અને સ્પિરિટ્સ જેવાં અમેરિકી ઉત્પાદનો ખરીદવા ભારત તૈયાર થયું હોવાનો ઉલ્લેખ હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૬ ટકા ઘટીને ૯૬.૫૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૪ ટકા વધીને બેરલદીઠ ૬૯.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૦.૨૮ પૉઈન્ટનો ઘટાડો અને ૧૮.૭૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હોવાના અહેવાલ હતા.

## પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૫૮ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૫ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. પાંચ અને રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૫, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૩૯૦ અને એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦ તથા સિકોફના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૭૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૫૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૧૬,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૫૦થી ૧૫૬૦માં થયા હતા. આ સિવાય ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે હાજરમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૧૦માં ટકેલા ધોરણે થયા હતા.



હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૫, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૫૨૦૦ના મથાળે રહ્યા હતા.

## જાન્યુઆરીમાં નિકાસમાં સકારાત્મક વૃદ્ધિ જોવા મળશેઃ વાણિજ્ય સચિવ

ન્યૂરેમબર્ગઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતની ગૂડ્સ અને સર્વિસીસ (માલ-સામાન અને સેવાઓ)ની નિકાસે અત્યાર સુધી સકારાત્મક વૃદ્ધિ દર્શાવી છે. તેમ જ જાન્યુઆરીમાં પણ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે સકારાત્મક વૃદ્ધિદર જોવા મળશે, એમ વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે જાન્યુઆરીની નિકાસની અધિકૃત આંકડાકીય માહિતી આ મહિનામાં જાહેર કરવામાં આવશે.

જાન્યુઆરી મહિનામાં નિકાસ કામગીરી કેવી રહેશે, એવા એક પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે એકંદરે અત્યાર સુધી નિકાસ સારી રહી છે. ખાસ કરીને મર્કન્ડાઈઝ નિકાસમાં કામગીરી જળવાઈ રહી છે અને સર્વિસીસ ક્ષેત્ર તો નિકાસ ક્ષેત્રે સારી કામગીરી દાખવી જ રહ્યું છે. આથી તમે જાન્યુઆરી મહિનામાં પણ સકારાત્મક વૃદ્ધિદરની અપેક્ષા રાખી શકો છો.

અત્રે યોજાયેલા બાયોફેચ ૨૦૨૬ શૉમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શૉમાં અંદાજે ૨૦ રાજ્યોમાંથી ૧૦૦ કરતાં વધુ ભારતીય પ્રદર્શનકારોએ તેના ઓર્ગેનિક ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. નોંધનીય બાબત એ છે કે આ ઓર્ગેનિક ઉત્પાદનો માટે યુરોપિયન યુનિયન મોટી બજાર છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ડિસેમ્બર મહિનામાં દેશની મર્કન્ડાઈઝ નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૧.૮૭ ટકા વધીને ૩૮.૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી અને આયાત ૮.૭ ટકા વધીને ૬૩.૫૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર સુધીની મર્કન્ડાઈઝ નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં ૨.૪૪ ટકા વધીને ૩૩૦.૨૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં માલ-સામાન અને સર્વિસીસની નિકાસ આગલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ૮૨૫ અબજ ડૉલર સામે વધીને ૮૫૦ અબજ ડૉલરની સપાટીએ રહેવાનો અંદાજ વાણિજ્ય મંત્રાલયે મૂક્યો છે.

# મજૂર કાયદાઓમાં મજદૂર, કર્મચારીઓ વિરોધી સુધારાઓ તથા ખાનગીકરણનો રાજકોટમાં ઉગ્ર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: તા.૬ કેન્દ્ર સરકાર દ્વારા લેબર કોડમાં કરાયેલા મજદૂર તથા કર્મચારી વિરોધી સુધારાઓ તથા દેશના જાહેર સાહસોના ખાનગીકરણની નીતિના વિરોધમાં દેશના રાષ્ટ્રીયસ્તરના ટોચના ૧૦ કેન્દ્રીય કર્મચારી, અધિકારીઓના સંગઠનોએ તા.૧૨મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રવ્યાપી હડતાળના આપેલા એલાનમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છના બેંક તથા એલઆઇસી કર્મચારીઓ સંયુક્ત રીતે હડતાળમાં જોડાશે તેથી રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં હડતાળ અભૂતપૂર્વ અને સજ્જડ બની રહેશે તેમ એલઆઇસી કર્મચારીઓના રાષ્ટ્રીય સ્તરના ટોચના યુનિયન ઓલ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ એમ્પ્લોઇસ એસોસિયેશનના ઓલ ઇન્ડિયા વાઇસ પ્રેસિડેન્ટ અને વેસ્ટર્ન ઝોનના જનરલ સેક્રેટરી તથા લોકપ્રિય વીમા કર્મચારી નેતા હર્ષદ પોપટે જણાવ્યું હતું.



(તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

હર્ષદભાઈએ એક યાદીમાં જણાવ્યું હતું કે તા. દર ૧૨મીની રાષ્ટ્રવ્યાપી હડતાલમાં બેકિંગ ક્ષેત્ર તથા એલઆઇસીના રાષ્ટ્રીય સ્તરના ટોચના અગ્રણી કર્મચારી યુનિયનો એઆઇબીઇએ, એઆઇઆઇઇએ, એઆઇએલઆઇસીઇએફ, એઆઇબીઓએ, બીઇએફઆઇ સહિત અન્ય સ્વતંત્ર ફેડરેશનો તથા સંગઠનોના કર્મચારીઓ અધિકારીઓ પણ જોડાશે. સરકારે મજૂર સંબંધી કાયદાઓમાં કોર્પોરેટ ગૃહોને લાભ થાય અને કર્મચારીઓ તથા મજદૂરોનું હિત જોખમાય તેવા જે સુધારા કર્યા છે તેની સામે કર્મચારીઓ તથા મઝદૂરોમાં ભારે રોષ આક્રોશ વ્યાપી ગયો છે. માત્ર ગણ્યાગાંઠિયા કોર્પોરેટ ગૃહોને જ ફાયદો થાય તેવી કેન્દ્ર સરકારની આર્થિક નીતિના વિરોધમાં તથા જાહેર સાહસોનું ખાનગીકરણ કરી ઉદ્યોગગૃહોને પધરાવી દેવાની તજવીજના વિરોધમાં દેશના ટોચના કર્મચારી યુનિયનો દ્વારા આ હડતાળનું એલાન અપાયું છે. તેમાં ટૂંકા ગાળાનો સ્વાર્થ કે ડરપોક વૃત્તિ છોડીને અસ્તિત્વ માટેની આ લડાઈમાં જોડાઈને સંઘર્ષના માર્ગે આગળ આવવા કર્મચારીઓ, અધિકારીઓને હાકલ કરવામાં આવી છે. દેશની બધી જ આર્થિક નીતિઓમાં માત્ર કોર્પોરેટ ગૃહોનું જ હિત ધ્યાનમાં રાખી ઘડવામાં આવે છે અને મજદૂર તથા કર્મચારીઓના હિતોની હોળી કરવામાં આવી રહી છે ત્યારે આ હડતાળમાં જોડાવા માટે સૌને આહવાન કરવામાં આવ્યું છે.

આ હડતાળની વિવિધ માગણીઓમાં એલ.આઇ.સી. કચેરીઓમાં વર્ગ ૩ તથા ૪ ની ખાલી પડેલી હજારો જગ્યાઓની ભરતી કરવા, એલઆઇસી નો આઇપીઓ માર્કેટમાં ફરી લાવી સરકારના હિસ્સાનું વેચાણ કરવાની તજવીજના વિરોધમાં તથા એલ.આઇ.સી શાખાઓના બિલ્ડિંગના પ્રશ્નો તથા કર્મચારીઓના અણઉકેલ પ્રશ્નોના નિરાકરણની માગ સાથેના વિવિધ મુદ્દા વણી લેવામાં આવ્યા છે. ■

# વિશ્વમાં સૌ પ્રથમવાર પશ્ચિમ રેલવે દ્વારા સ્ટીલના કન્ટેઇનરમાં નમકનું કરાશે પરિવહન: ગાંધીધામમાં થયું સફળ પરીક્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ઉત્પાદિત થનારા, ભારતની જરૂરિયાતના અંદાજે ૭૦ ટકા જેટલા નમકનું રેલ માર્ગે પરિવહન થાય છે ત્યારે સમગ્ર વિશ્વમાં પ્રથમ વખત ભારતીય રેલવે દ્વારા સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરમાં ઔદ્યોગિક મીઠાનું સફળ લોડિંગ ગાંધીધામના નીલકંઠ ઝોનમાંથી સફળતાપૂર્વક થતાં પશ્ચિમ રેલવેની આ પહેલ ઔદ્યોગિક માલના સુરક્ષિત પરિવહનની દિશામાં મહત્ત્વપૂર્ણ માઇલસ્ટોન સાબિત થઈ છે.

આ માઈલસ્ટોન અંગે અમદાવાદ મંડળના રેલ પ્રબંધકએ જણાવ્યું હતું કે, સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરમાં ઔદ્યોગિક મીઠાનું આ સફળ પરીક્ષણ ભારતીય રેલવેની નવીનતા આધારિત લોજિસ્ટિક્સ રણનીતિનું ઉત્તમ ઉદાહરણ છે.

પશ્ચિમ રેલવે ફ્રેટ ઑન રેલને પ્રોત્સાહન આપવા માટે ભવિષ્યમાં આવી નવીન પહેલો નિરંતર આગળ વધતી રહેશે.

આ પ્રણાલી પરંપરાગત બીઓએક્સએન લોડિંગની સરખામણીએ સારા લાભ આપે છે. તેમાં વેગનની મેન્યુઅલ સફાઈ કરવાની જરૂર પડતી નથી, તિરપાળ લાઇનિંગ/કોટિંગની જરૂરિયાત સમાપ્ત થાય છે, લોડિંગ અને અનલોડિંગનો સમય નોંધપાત્ર રીતે ઓછો થાય છે, માલમાં મિલાવટ અને અપવ્યય ન્યૂનતમ રહે છે તેમજ વેગનોનો ટર્ન-અરાઉન્ડ સમય વધુ સારો થવાથી પરિચાલન કાર્યક્ષમતા અને યાંત્રિકીકરણને પ્રોત્સાહન મળે છે. મીઠા જેવા સુકા થોક માલના પરિવહન માટે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરોનો આ ઉપયોગ વિશ્વ સ્તરે પ્રથમ સફળ પ્રયાસ છે, જે ભારતીય રેલમાં કન્ટેનર આધારિત થોક લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં એક મોટી પહેલ છે.

દરેક કન્ટેનરનું વજન ૩ ટન છે. એક બીએલસીએસ / બીએલએસએસ વેગનમાં બે કન્ટેનર લોડ કરી શકાય છે, જેથી પ્રતિ વેગન ૬૮.૪ ટન નેટ લોડ પ્રાપ્ત થાય છે, ૪૮ વેગનની એક સંપૂર્ણ બીએલએસએસ રેક દ્વારા અંદાજે ૩,૩૦૦ ટન મીઠાનું પરિવહન કરી શકાય છે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# અંજારના ચાંદ્રોડામાં ટ્રક અડફેટે સ્કૂટર ચાલક યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજારના ચાંદ્રોડા નજીક સ્કૂટર અને ટ્રક વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં વાલા રાઘુ મરંડ (ઉં.વ.૩૩)એ જીવ ખોયો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, અંજારના ચાંદ્રોડા પાસેના મુંદરાથી અંજાર જતાં ધોરીમાર્ગ ઉપર ગત રાત્રે પ્રાણઘાતક અકસ્માત સર્જાયો હતો જેમાં ગામમાં રહેનાર વાલા મરંડ નામનો યુવક સ્કૂટર પર જઈ રહ્યો હતો, ત્યારે અચાનક ધસી આવેલી ટ્રક તેને હડફેટમાં લેતાં એક્ટિવા ચાલક યુવકને ગંભીર ઇજાઓ પહોંચતાં સારવાર મળે તે અગાઉ જીવનદીપ બુઝાઈ ગયો હતો.

આ કરુણ બનાવ અંગે શૈલેષ સામત મરંડ (આહિર)એ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ■

# અબડાસાના મોથાળા ગામમાં જંગલ ખાતાંની અનામત જમીન પરના અતિક્રમણો હટાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં દબાણની પ્રવૃત્તિ સતત વધી રહી છે તેવામાં અબડાસા તાલુકાના મોથાળા ગામ નજીક જંગલખાતા માટે અનામત રાખવામાં આવેલી કિંમતી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરી દેવાયેલા ૧૦થી વધુ અતિક્રમણોને વહીવટી તંત્ર દ્વારા તોડી પાડવામાં આવતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો.

આ અંગે સ્થાનિક ઇનચાર્જ મામલતદાર ટી.એચ.વ્યાસે જણાવ્યું હતું કે, મોથાળા ગામના સર્વે નં.૧૦૫૬ અને ૧૦૬૫/૨ પૈકીની જંગલ ખાતાં માટે અનામત રાખવામાં આવેલી કિંમતી સરકારી જમીન પર દબાણકારોએ પાકાં બાંધકામ ચણી નાખ્યા હોવાનું વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું. મામલતદાર કચેરી, અબડાસા ખાતે જમીન મહેસૂલ કાયદા તળેનો કેસ ચલાવી મંજૂરી અને જમીનના આધાર-પુરાવાઓ ન હોતાં ગુજરાત સરકાર અનામત જંગલ પૈકીની જમીનમાં બિનઅધિકૃત બાંધકામ કર્યાનું સાબિત થયું હતું. દબાણકર્તાઓને નોટિસો આપવા છતાં જમીન ધરાર ખાલી ન થતાં મામલતદાર કચેરીના અધિકારીઓ તથા પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ૧૦ જેટલા બાંધકામો પર બુલડોઝર ફેરવી, ૨૮૬૫ ચોરસ મીટરની જમીન દબાણ મુક્ત કરી દેવામાં આવી હતી. ■



જૂનાગઢ ભવનાથમાં ગિરી તળેટીમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને ગુજરાત સહિત દેશભરના જુદા જુદા અખાડાઓના સાધુ સંતોના નેતૃત્વમાં ડમરું યાત્રા યોજાઈ હતી... (તસવીર: હરેશ સોની, જૂનાગઢ)

# રાપરમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય ઉપર ધારિયા વડે હુમલાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વર્તાઈ રહેલી શિક્ષકોની ભારે અછત વચ્ચે સીમાવર્તી રાપર ખાતેની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય ઉપર, શાળામાં જ કરાર આધારિત કામ પર રાખવામાં આવેલા માથાભારે કર્મચારીએ ઇન્ટરનેટની કનેક્ટિવિટીના મુદ્દે હુમલો કરતાં શિક્ષણ વિભાગમાં ભારે ચકચાર ફેલાઈ જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, રાપરની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હીરા કાના વાજા કચેરીમાં હતા ત્યારે તેમની પાસે વોકેશનલ ટ્રેનર-ઇલેક્ટ્રિક ઍન્ડ હાર્ડવેર વિષયનો કરાર આધારિત કર્મી એવો હેમલ તુલસીદાસ કારિયા ધસી આવ્યો હતો અને ઓફિસમાં ઈન્ટરનેટ કેમ ચાલતું નથી, તેમ કહેતાં ફરિયાદીએ જીસ્વાન કનેક્ટિવિટી નહીં હોય. થોડીવારમાં આવી જશે તેમ જણાવતાં ઉશ્કેરાઈ ગયેલા હેમલ કારિયાએ લીમડા કાપવા માટે રાખેલું ધારિયું ઉપાડી ફરિયાદીને મારવા જતાં તેમણે હાથથી ધારિયું પકડી લેતાં તેમને આંગળીઓમાં ઇજાઓ પહોંચી હતી. ગભરાયેલા ફરિયાદી આચાર્યે રાડારાડ કરતાં અન્ય શિક્ષકોએ આવીને તેમને છોડાવ્યા હતા.

શિક્ષણ જગત માટે આંચકારૂપ ઘટના અંગે પોલીસે આરોપી વિરુદ્ધ જુદી-જુદી કલમો તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં ચેક પરત ફરવાના કેસમાં ઈસમને છ માસની સાદી કેદ તથા ચેકની રકમનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ચેક પરત ફરવાના કેસમાં ઇસમને કોર્ટે છ માસની સાદી કેદ તથા ચેકની રકમ નો દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી ભોળાનાથ ફાયનાન્સ નાં માલિક અશોકભાઈ ગોરધનભાઈ ગોહિલ રહે. ભોળાનાથ સોસાયટી, સુભાષનગર,ભાવનગર વાળા પાસેથી ચૌહાણ રવજીભાઈ બુદ્ધિલાલ રહે રહે. સરકારી પાયખાના ની બાજુમાં, આગરીયા વાડ, વાલ્કેટ ગેટ, ભાવનગર વાળા એ તા.૨૯/૦૪/૨૦૨૪ નાં રોજ અંગત નાણાકીય કટોકટી હોય અને પરિચિત નાં નાતે શરાફી વ્યાજે રકમ રૂ. ૩,૦૦,૦૦૦/- અંકે ત્રણ લાખ પુરાત્રણ માસ માટે લીધેલા અને તે કાયદેસર ની લેણી રકમ પરત કરવા આરોપી ચૌહાણ રવજીભાઈ બુદ્ધિલાલ એ ફરિયાદી ભોળાનાથ ફાઈનાન્સ નાં માલિક અશોકભાઈ ગોરધનભાઈ ગોહિલ ને રૂ. ૩,૧૭,૮૩૫/- અંકે રૂ. ત્રણ લાખ સત્તર હજાર આઠ સો પાંત્રીસ પુરા નો યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, ભાવનગર મ્યુનીસીપલ કોપોરેશન શાખા, ભાવનગર નો ચેક આપેલો . ચેક બેંકમાંથી ફન્ડસ ઇન એસયુએફએફઆઇસીઆઇઇએનટી કારણોસર પરત ફરતા કરિયાદી એ ભાવનગરનાં મહેરબાન ચીક જ્યુડી.મેજી.માં ધી નેગોશીએબલ ઈન્સ્ટ.એક્ટની કલમ ૧૩૮ અન્વયે કરિયાદ દાખલ કરેલ જે ફરિયાદ નામદાર બીજા.એડી.ચીફ.જ્યુડી. મેજી. જીતેન્દ્રકુમાર પ્રભુદાસ પ્રજાપતિ સમક્ષ ચાલવા માટે તબદીલ થયેલ અને ફરિયાદ પક્ષ નાં વકીલ વિપુલ એન.અજવાળિયાની ધારદાર દલીલને નામદાર અદાલતે ધ્યાને લઇ આજ રોજ નામદાર અદાલતે આરોપીને કસૂરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદ ની સજા અને ચેક ની રકમ રૂ. ૩,૧૭,૮૩૫/- અંકે રૂ. ત્રણ લાખ સત્તર હજાર આઠસો પાંત્રીસ પૂરાનો દંડ ફટકારેલ છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ બે માસની વધુ સાદી ફટકારી છે. ■

# ગાંધીધામ સંકુલમાંથી ૨૩.૧૯ લાખનો શરાબ પકડાયો: આરોપીઓ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં શરાબની સતત વધી રહેલી બદી વચ્ચે પંચરંગી ગાંધીધામમાં બે જેટલા સ્થળોએ પોલીસે દરોડા પાડીને કુલ રૂ.૨૩,૧૯,૯૨૫ના મૂલ્યનો અંગ્રેજી શરાબનો જથ્થો પકડી પાડયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પેટ્રોલિંગ દરમ્યાન પૂર્વ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાની એક ટુકડીને એક પીક-અપ જીપ શંકાસ્પદ જણાઈ આવતાં તેને રોકવા માટે પ્રયાસ કરવામાં આવતાં ગભરાયેલા વાહનચાલકે પીક-અપ જીપ રોકવાને બદલે આગળ હંકારી દેતાં પેટ્રોલિંગ પોલીસે તેનો ગુડઝ રોડ, ટાગોર રોડ, જીઆઇડીસી, સેક્ટર-પાંચ રામાપીરના મંદિર તરફ જતાં માર્ગ સુધી ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. દરમ્યાન આગળ રસ્તાનું કામ ચાલતું હોઇ, વાહનને ઊભું રાખીને આરોપી નાસી છૂટ્યો હતો. આ પીક-અપ જીપમાંથી પોલીસે વિવિધ બ્રાન્ડની અંગ્રેજી પ્રકારની શરાબની ૧૩૦૬ બોટલ, ૯૧૨ જેટલા ટીન કિંમત રૂ. ૧૯,૨૪,૬૪૦ જપ્ત કરાયાં હતાં

વધુ એક કાર્યવાહી શહેરના ખોડિયાર નજીક ટ્રાન્સપોર્ટ નગર ખાતે કરવામાં આવી હતી. જેમાં અહીં રહેનાર તૈયબ ઓસમાણ રાયમા નામનો શખ્સ દારૂ વેચતો હોવાની પોલીસને પ્રાપ્ત થયેલી પૂર્વ બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસ પહોંચે તે પહેલાં આ શખ્સે તેના મકાનનો અડધો દરવાજો ખુલ્લો રાખી નાસી છૂટ્યો હતો. તૈયબના આ મકાનમાંથી કુલ રૂ.૩,૯૫,૨૮૫નો શરાબ હસ્તગત કરવામાં આવ્યો હતો. આ આરોપી વિરુદ્ધ અગાઉ રાજ્યસ્તરની સ્ટેટ મોનિટરીંગ સેલે પણ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છના સાત બુટલેગર વિરુદ્ધ 'પાસા'નું શસ્ત્ર ઉગામાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશમાં માદક પદાર્થોને ઘુસાડવા માટે રણ, સમુદ્ર અને ખડકોનો ત્રિવેણી સંગમ ધરાવતું કચ્છ ગેટ-વે બની ચૂક્યું છે અને પાછલા કેટલાંક વર્ષોમાં મોટા પ્રમાણમાં શરાબનો જથ્થો યેન-કેન પ્રકારેણ ઘુસાડવાની અસામાજિક પ્રવૃત્તિઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે તેવામાં કચ્છના સાત જેટલા બૂટલેગરો વિરુદ્ધ 'પાસા' હેઠળ કાર્યવાહી માટેની અમલવારી માટેના આદેશ જારી કરાયા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ-૧૯૮૫ તળે રજૂ કરવામાં આવેલી દરખાસ્ત મુજબ વધુ સાત જેટલા શરાબના અનધિકૃત વ્યવસાય સાથે સંકળાયેલા આરોપીઓ વિરુદ્ધ પાસાના કડક કાયદા તળે તાત્કાલિક જેલ હવાલે કરવા અટકાયત હુકમો કર્યા હતા. જાહેર વ્યવસ્થા જાળવી રાખવાના હિતમાં કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટે અટકાયત અંગે વધુ સાત હુકમ કરવાની સાથે છેલ્લા ૧૧ માસમાં ૨૬ જેટલા બૂટલેગરોના પાસા અટકાયતના હુકમો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાપરમાં ૯૪ હજારના માદક પદાર્થ ગાંજા સાથે એક શખસ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપરના દૂધ ડેરી વિસ્તાર નદીના કાંઠા નજીક આવેલી એક ઓરડીમાંથી સ્થાનિક પોલીસે રૂ.૯૪,૭૫૦ના માદક પદાર્થ ગાંજા સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો.

રાપર દૂધ ડેરી વિસ્તારમાં રહેતો મમુ ભુરા કોળી માદક પદાર્થનું છૂટક વેંચાણ કરી રહ્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે મકાન પર દરોડો પાડ્યો હતો. અહીં હાજર મળી આવેલા ખેતરપાળ દાદા મંદિરના પૂજારી એવા મમુ કોળીને અટકમાં લઇ, તેની ઓરડીની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં અલગ-અલગ જગ્યાએ રાખવામાં આવેલી બાલદીમાં રાખવામાં આવેલી પ્લાસ્ટિકની થેલીઓમાં પેક કરેલો રૂ.૯૪,૭૫૦ના મૂલ્યનો ૮૯૫ ગ્રામ માદક પદાર્થ ગાંજો, ડિજિટલ વજન કાંટો, મોબાઈલ ફોન વગેરે મળીને કુલ રૂ. ૧,૦૫,૭૫૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.

લાકડિયા ગામનો હિતેશપુરી ગોસ્વામી માદક પદાર્થને વેચાણ અર્થે આપી ગયો હોવાનું મમુ કોળીએ પોલીસને પૂછપરછ દરમ્યાન જણાવ્યું હતું. ■

# દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદરેથી ૫૦ કિલો ગૌમાંસનો જથ્થો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં પોલીસે દરોડો પાડી અંદાજે ૫૦ કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ કેસમાં પોલીસે સલમાબેન ઇલિયાસ ભડેલા અને તેના પુત્ર વસીમ ઇલિયાસ ભડેલાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ કહ્યું હતું કે આવાં તત્ત્વો સામે સરકાર અને પોલીસે કડક કાર્યવાહી કરવી જોઈએ. આરોપીઓના રહેઠાણની કાયદેસરતાની તપાસ કરવામાં આવે. તેમની ભારતીય નાગરિકતા અંગે પણ ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું.

આ અંગે પોલીસની તપાસ બાદ અમુક વિગતો બહાર આવી છે, જે અનુસાર ખંભાળિયાના જાવેદ નામના શખ્સે ગૌવંશની કાયદેસર હત્યા કરી હતી. મુખ્ય આરોપી જાવેદ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ■

# પોરબંદરમાં ૨૪૯ પ્રજાતિના ૪,૦૫,૭૭૦૨ પક્ષીઓની નોંધણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બર્ડ કઝર્વેશન સોસાયટી ગુજરાતે પોરબંદર વન વિભાગ સાથે મળી પક્ષ ગણતરીનું આયોજન કર્યું હતું. ૩૧ જાન્યુઆરી અને ૧લી ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી આ ગણતરીમાં પોરબંદરમાં હાજર પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ અને સંખ્યા વિશે માહિતી મેળવવામાં આવી હતી.

આ ગણતરી માટે ખાસ ૨૬ જેટલી ટીમ બનાવવામાં આવી હતી. જેમાં મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ જેવા વિવિધ ૧૦૦ જેટલા પક્ષીપ્રેમી પોરબંદરના વિવિધ વેટલેન્ડ્સ પર ગયા હતા.

આ ગણતરી દરમિયાન પોરબંદરમાં કુલ ૪,૦૫,૭૦૨ પક્ષીઓ નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જેમાંથી ૩,૨૨,૬૫૪ જળચર પક્ષીઓ હતા. આ ઉપરાંત, ગણતરી દરમિયાન પક્ષીઓની ૨૪૯ અલગ-અલગ પ્રજાતિઓ જોવા મળી હતી. ■

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૫.૧૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૨ માર્ચ, ૨૦૨૬ થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશ્યલ દર રવિવારે લાલકુઆંથી ૧૨.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૧ માર્ચ, ૨૦૨૬ થી ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકંડ એસી, થર્ડ એસી, સેકંડ સ્લીપર અને જનરલ ક્લાસના કોચ હશે, તેમ જાણવા મળ્યું હતું. ■

# હડદડ કેસમાં આપ નેતા રાજુ કરપડા, પ્રવીણ રામ સહિત નવના જામીન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદના હડદડ ગામે ખેડૂત અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ કેસમાં સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે આમ આદમી પાર્ટીના નેતાઓ રાજુ કપરડા અને પ્રવીણ રામ સહિત કુલ ૯ વ્યક્તિના જામીન રદ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું જ્યારે અન્ય ૨૦ વ્યક્તિના જામીન મંજૂર થયા હતા.

જે નવ જણની અરજી દર કરવામાં આવી હતી તેમાં રાજુ મેરામભાઈ કરપડા, પ્રવીણ રામ, હિતેશ ભુપત ગોહિલ, રમેશ વાલજીભાઈ મેર, હંસરાજ વશરામ ભાલાળા, વિપુલ પરમાભાઇ શેખ, જિતેન્દ્ર રસિક ગોવિંદીયા, વિપુલ હકા હરિયાણી અને વિપુલભાઈ વિનુભાઈ મકવાણાનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર રાજુ કપરડા અને પ્રવીણ રામને મુખ્ય આરોપી ગણવામાં આવ્યા છે. ૧૨ ઑક્ટોબરે હડદડ ગામે ખેડૂતોની એક સભામાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. ■

# કોડીનારના ઘાટવડમાં એસઆઈઆર મુદ્દે મુસ્લિમ સમાજમાં રોષ, પોલીસ સ્ટેશનનો ઘેરાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મતદાર યાદીમાં સુધારણા કામગીરી દરમિયાન ફોર્મ નંબર-૭ મામલે સતત વિવાદ થયા છે. કોડીનારના ઘાટવડ ગામમાં આ મુદ્દે મુસ્લિમ સમાજમાં નારાજગી ફેલાઈ હતી અને લગભગ ૫૦ કરતા વધારે મુસ્લિમ કોડીનાર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. ઘાટવડ ગ્રામ પંચાયતના એક સભ્ય અલ્તાફ સાયલીએ આ સમગ્ર વિષયને સુનિયોજિત ષડયંત્રનો ભાગ ગણાવ્યો હતો. ચોક્કસ સમુદાયના લોકોને હેરાન કરવા માટે આમ કરાતું હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. તેમની રજૂઆત બાદ પોલીસે જણાવ્યું હતું કે મામલતદાર કચેરી અથવા કલેક્ટર કચેરી તરફથી આદેશ મળશે તો તેઓ કાર્યવાહી કરશે. સાયલીએ એમ પણ જણાવ્યું હતું કે જો આ મામલે સંતોષકારક તપાસ નહીં થાય તો ગુજરાત હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવશે. ■